

ઉપનિષદોની વાતો



અરે! જો કોઈ પ્રાણવેત્તા ઝાડના સૂકા ઠુંઠાને આ પ્રાણોપાસના કહે તો એમાં જરૂર ડાળીઓ ફૂટે અને પાંદડા આવે; તો જીવતા માણસને કહે તો શું ન થાય!!
(પૃ. ૪૨)

- રંગ અવધૂત

પરમ પૂજ્ય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ



પ્રાગટ્ય : ગોધરા
તા : ૨૧ - ૧૧ - ૧૮૯૮

બ્રહ્મલીન : હરિદ્વાર
તા : ૧૯ - ૧૧ - ૧૯૬૮

અંત્યેષ્ટિસંસ્કાર : નોરશ્વર

તા : ૨૧ - ૧૧ - ૧૯૬૮

ઉપનિષદોની વાતો

અરે! જો કોઈ પ્રાણવેત્તા ઝાડના સૂકા ઠુંઠાને આ પ્રાણોપાસના કહે તો એમાં જરૂર ડાળીઓ ફૂટે અને પાંદડા આવે; તો જીવતા માણસને કહે તો શું ન થાય!!
(પૃ. ૪૨)

- રંગ અવધૂત

પૂ. શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ

પ્રાગટ્ય : ગોધરા
તા : ૨૧-૧૧-૧૮૯૮

બ્રહ્મલીન : હરિદ્વાર
તા : ૧૯-૧૧-૧૯૬૮

અંત્યેષ્ટિસંસ્કાર : નારેશ્વર
તા : ૨૧-૧૧-૧૯૬૮

ઉપનિષદોની વાતો

મૂળ રચયિતા : પરમ પૂજ્ય શ્રી પાંડુરંગ વિઠ્ઠલપંત વળામે
(પરમ પૂજ્ય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ)

પુનઃ પ્રકાશક : શ્રી અનિલભાઈ નંદસુખલાલ શ્રોફ
'રંગ આશિષ', બંગલા નં.૨,
ચેમ્બૂર-ડ્રીમલેન્ડ કો.હા.સોસાયટી લિ.,
વિનસ લેન, સૉરેસ રોડ, ચેમ્બૂર (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૭૧. મો. (o) ૯૮૨૦૧૫૭૨૧૦
Email: <anil.n.shroff@gmail.com>

ગ્રાફિક્સ : શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય
'રાહ-રંગપ્રેમની', મો. ૯૬૮૭૬૬૧૧૧૪
Email: <aparna.r.u@gmail.com>

મુદ્રક : શ્રી સુનિલ ઘોસાળકર,
'ગ્રાફિકા', નાનાભાઈ લેન, ફોર્ટ, મુંબઈ-૧.
મો. (o) ૯૮૧૯૦૪૩૦૧૨
Email: <sunilgraphica@yahoo.co.in>

આવૃત્તિ : સાતમી આવૃત્તિ
૧૨૫મી શ્રીરંગજન્મજયંતી
બુધવાર, તા. ૨ નવેમ્બર, ૨૦૨૨.

પ્રત : ૧૦૦૦

કિંમત :

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટના સૌજન્યથી

ઉપનિષદોની વાતો

પ્રસ્તાવના

(પહેલી આવૃત્તિમાંથી)

વાતો કોને પ્રિય નથી હોતી? પણ વાતો વાતોમાં ભેદ હોય છે. 'ચકલા-ચકલી'ની વાતો બાળકોને જ આનંદ આપી શકે. રામકૃષ્ણની વાતો તો આબાલવૃદ્ધ સર્વનું રંજન કરે. ઉપનિષદની વાતો આવા પ્રકારની છે. પરંતુ એમનો ખરો રસ તો સંસ્કૃત જાણનારોઓ જ લૂંટી શકે, તેથી ગુજરાતી ભાષા જાણનારાઓ પણ એના માધુર્યનો કંઈક સ્વાદ લઈ શકે એ હેતુથી એમાંની મુખ્ય વાતોને ગુજરાતીમાં ઉતારવાનો આ નાનકડા પુસ્તકમાં પ્રયાસ કર્યો છે.

અંતમાં વાચકવર્ગને

નૈવાત્ર કાવ્યગુણ એવ તુ ચિન્તનીયે ।
ગ્રાહ્યઃ પર ગુણવતા ખલુ સાર એવ ।
સિન્દુરચિત્રરહિતા ભુવિ રુપશૂન્ય ।
પારં ન કિં નયતિ નૌરિહ ગન્તુકામાન્ ।।

સંવત ૧૯૮૦, શ્રાવણ જન્માષ્ટમી ને શુક્રવાર
તા. ૨૨-૮-૧૯૨૪

એવી વિજ્ઞપ્તિ સાથે વિદ્વત્પાદરજ
પાંડુરંગ વિઠ્ઠલ વળામે

પ્રસ્તાવના

(બીજી આવૃત્તિમાંથી)

ઉપનિષદોની વાતોની પહેલી આવૃત્તિ થોડા વખતમાં ખલાસ થયેલી ને બીજી આવૃત્તિની ઘણા વખતથી માગણી થયા કરતી. પણ લખનાર (**શ્રી પાંડુરંગ વિઠ્ઠલ વળામે**) મૂગા અવધૂત થઈ જંગલમાં બેઠાં અને અમે એમનાં અન્ય પુસ્તકોના પ્રકાશનમાં પડ્યા એટલે નવી આવૃત્તિની વાત ખોરંભે પડી. કવચિત્ લેખકને એ સંબંધી પૂછાવીએ તો કેમ જાણે પૂર્વ કૃતિની સ્મૃતિ સરખીયે ન ગમતી હોય તેમ નાન્યજ્ઞાને નવ જાને ન જાને જેવું કંઈક લખી નાખે, અને લાંબુ પૂછવાનું અમારી હિંમત ચાલે પણ નહિ.

દરમિયાન, એમની કૃતિમાંથી પ્રેરણા મેળવીને કે અન્ય રીતે અનેક લેખકોએ અનેક રીતે એનો ઉપયોગ કરવા માંડ્યો. એમની એ વિકૃતિ જોઈ અનેક સજ્જનોએ અમને મૂળ સ્વરૂપમાં એની નવી આવૃત્તિ કઢાવવા માટે આગ્રહ કરવા માંડ્યો. પૂજ્ય મહારાજશ્રી એના પર ફરી નજર નાખે એવી અમે ઘણીએ આશા રાખી અને આજીજી કરી. પણ એ તો

"મૂકી દીધી કલમ બંધો હવે ના કાંઈ લખવું છે,
લખ્યું તે ના લખ્યું થાશે, જનો સહુ ભૂલી એ જાશે."

એવું એવું લખી નાખે. એટલે એમને ફરી પૂછાવવાનું મૂકી અમે પહેલી આવૃત્તિનું જ કશાય ફેરફાર વગર પુનર્મુદ્રણ કરવાની ધૃષ્ટતા કરી છે. માત્ર વાતોની નીચે તે તે ઉપનિષદનું નામ આપ્યું છે જેથી મૂળ જોવું સુગમ થઈ પડે.

ઉપનિષદો એટલે આર્યોની આધ્યાત્મિક ઉન્નતિનો મૂળભૂત પ્રામાણિક ઈતિહાસ. જેનું દોહન ભગવાન ગોપાલનંદને 'दुग्धं गीतामृतं महत्' કાઢ્યું. તેનું મહત્ત્વ કોણ વર્ણવી શકે? દયા, દાન, દીનતા, સત્ય, સંયમ, બ્રહ્મચર્ય, અહિંસા, ત્યાગ, અસ્તેય, યજ્ઞ, તપ, અપરિગ્રહ વગેરે દૈવી ગુણોની દિવ્ય વિચારણા ઉપનિષદ વગર બીજે ક્યાં મળે? અને મુમુક્ષુને ત્રિવિધ તાપમાંથી મુક્ત કરી અક્ષય શાંતિ આપનાર બ્રહ્મવિદ્યા? બ્રહ્મવિદ્યાનું તો મૂળ ઝરણું!

એ ઝરણાનાં બે ચાર ટીપાં પણ વાચકને આ વાતોમાંથી મળે એવી સદિચ્છા સાથે આજ તો વાચકની આટલેથી જ રજા લઈએ છીએ.

સં. ૧૯૯૪, કારતક સુદ ૯
તા. ૧૨-૧૧-૧૯૩૭

•

પ્રસ્તાવના

(સાતમી આવૃત્તિની)

પ.પૂ. શ્રીરંગ અવધૂત મહારાજ જ્યારે પાંડુરંગ વિઠ્ઠલ વળામે હતા ત્યારે સને ૧૯૨૪માં "ઉપનિષદોની વાતો" નામનું પુસ્તક તૈયાર કરી પ્રકાશિત કર્યું. કેન ઉપનિષદ, બૃહદ્ આરણ્યક, છાંદોગ્ય ઉપનિષદ, પ્રશ્ન ઉપનિષદ અને કઠ ઉપનિષદમાંથી જાણવા જેવી વાતો આ પુસ્તક દ્વારા રજૂ કરી. પુસ્તક નવજીવનમાં છપાવ્યું અને તે પ્રકાશન મુ. અમૃતલાલ નાથાલાલ મોદીને- મોદીકાકાને આપ્યું. પૂ.બાપજી તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૨૫ના પત્રમાં લખે છેઃ

"ભાઈ મોદી,

"ઉપનિષદોની વાતો" તમે લઈ લેવા તૈયાર છો? માત્ર શરત એટલી કેઃ "**It must not die.**" (ઈટ મસ્ટ નોટ ડાઈ.) મારે પાઈ પણ ન જોઈએ. નવજીવન છપાવે પણ મારે એક "**Publication**" તમને આપવું છે, અને બીજું હું ન પણ લખી શકું. વૃત્તિ દિવસે દિવસે ખૂબ ઉપરામ પામતી જાય છે."

ઉપનિષદમાં તત્ત્વજ્ઞાન ઠાંસી ઠાંસીને ભરેલું છે. વેદોની શરૂઆતમાં કર્મકાંડ છે અને અંત ભાગમાં જ્ઞાનની વાતો છે. આને જ વેદાંત કે ઉપનિષદ કહેવામાં આવે છે.

ઉપનિષદ શબ્દ ઉપ+નિ+સદ ઉપરથી ઉતરી આવ્યો છે. સદ એટલે બેસવું. ઉપ એટલે પાસે અને નિ એ નિશ્ચયપૂર્વક એવું સૂચવે છે. આમ, ગુરુની પાસે નિશ્ચયપૂર્વક બેસી જ્ઞાન મેળવવા બેસવું એવો ઉપનિષદનો શબ્દાર્થ છે. ઉપનિષદ એ બ્રહ્મવિદ્યાનું મૂળ ઝરણું છે.

પ.પૂ. શ્રીરંગ અવધૂત ગુરુમહારાજની ૧૨૫મી જન્મજયંતીને અનુલક્ષીને "ઉપનિષદોની વાતો"થી રંગભક્તોને માહિતગાર કરવાના એક માત્ર શુભ હેતુથી આ પુસ્તકની સાતમી આવૃત્તિનું પ્રકાશન કર્યું છે. આશા છે કે ભક્તો આ પ્રયાસને આવકારશે.

શ્રી અવધૂત નિવાસ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી યોગેશભાઈએ આ પુસ્તક પ્રકાશિત કરવાની અનુમતિ આપી એ માટે હું શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટનો આભારી છું.


આ પુસ્તિકાના પ્રકાશનમાં મદદરૂપ થનાર માનનીય પૂજ્ય શ્રી નિજાનંદ સરસ્વતીજીનો, મારા **Friend, philosopher and guide** પ્રા. કુલીનભાઈ ગણપતિશંકર ઉપાધ્યાય, પુસ્તિકાના **DTP, Graphics** સંભાળનાર શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય અને મુદ્રક શ્રી સુનિલભાઈ ઘોસાળકરનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. એમનો ઋણી રહીશ.

મારા પ્રેરક અને ચાલકબળ ભગવાન શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ અને પૂજ્ય શ્રીપ્રેમ અવધૂત બાપુજીના ચરણકમળમાં મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી વિરમું છું. એમના અજસ્ર આશીર્વાદ વરસતા રહે એ જ પ્રાર્થના.

'રંગ આશિષ', બંગલા નં.૨,
ચેમ્બૂર-ડ્રીમલેન્ડ કો.હા.સો. લિ.,
વિનસ લેન, સૉરેસ રોડ,
ચેમ્બૂર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૧.

દત્તરંગપ્રેમની ચરણરજ
અનિલ શ્રોફના
પ્રણામ સહ શ્રીગુરુદેવદત્ત.

પ્રેમાંજલિ



મુ. અંબાલાલ વ્યાસના રૂમ પાર્ટનર તરીકે પાલડી છાત્રાલયમાં પરિચય થયો. પરંતુ પ્રથમ દૃષ્ટિએ જ મુ. મોદીકાકા પૂ.બાપજીને- પાંડુરંગ વિઠ્ઠલ વળામેને- સમર્પિત થઈ ગયા. મુ. મોદીકાકાનો પૂ.શ્રી પ્રત્યેનો આ સમર્પણભાવ એવો અને એટલો ઊંચો હતો કે પૂ.બાપજીએ એમને બહુ વહેલા **તપસી** તરીકે સંબોધવા માંડ્યું.

શ્રીરંગપત્રમંજૂષાના પૂ.શ્રીના મોદીકાકા ઉપરના પત્રનું અધ્યયન કરીએ તો આપણને ચોક્કસ એવું લાગે કે મોદીકાકાને અંગત જીવન જેવું કશું હતું જ નહિ. પૂ.શ્રીના કાર્ય માટે જ એમનું જીવન હતું.

પૂ. પાંડુરંગ બાપજીએ સને ૧૯૨૪માં ઉપનિષદની વાતોનું પ્રકાશન કર્યું અને તે મોદીકાકાને આપ્યું. પૂ.બાપજીએ પત્રમાં લખ્યું કેઃ

'મારે એક **"Publication"** તમને આપવું છે અને બીજું હું ન પણ લખી શકું. વૃત્તિ દિવસે દિવસે ખૂબ ઉપરામ પામતી જાય છે.

મુ. મોદીકાકા માટે પોતાનો અહોભાવ પ્રગટ કરતાં કહ્યું કે હું ઈચ્છું કે મારા મર્યા પછી ભગવાન મોદીને દશ વર્ષ જીવાડે જેથી લોકો જાણે કે અવધૂત કોણ હતો?'

વિદ્યાભાસ્કર પંડિત મણિશંકર ઉપાધ્યાયે જેમને અડધા અવધૂત કહ્યા છે તેવા મુ. મોદીકાકાને આ પ્રેમાંજલિ અર્પણ કરતાં હું ધન્યતા અનુભવું છું.

અનિલ નંદસુખલાલ શ્રોફ

: સંક્ષિપ્ત ચિંતન :

૧. આ વળી શું? :-

આ વાત કેનોપનિષદમાંથી લેવામાં આવી છે. આ ઉપનિષદની શરૂઆત 'કેન' શબ્દથી થઈ છે તેથી તેનું નામ કેનોપનિષદ રાખવામાં આવ્યું છે.

આ ઉપનિષદમાં ચાર ખંડ છે. આ વાત કેનોપનિષદના ત્રીજા ખંડમાં આવેલી છે. આ ખંડમાં બાર શ્લોક છે. આ વાતના સંદર્ભમાં જ પૂ.બાપજીએ દત્તપ્રણતિમાં ત્રીજા શ્લોકમાં લખ્યું છે કેઃ

અગ્નિર્યદ્ દત્તં તૃણમેકં ન શશાક-
દગ્ધું વાયુર્હુત્થાપયિતું સ્વબલેન ।

૨. દ દ દ :-

આ વાત અમર આદેશમાં પાન નં. ૧૦૧ પર છે અને એનો ઉલ્લેખ ઘણા ભજનમાં છે. 'આપી નિજ પર કાજે, દ-દ-દ ગંભીર ગાજે.'

૩. આપદ્ધર્મની મર્યાદા :-

શરીરને ટકાવવા માટે જે અનિવાર્ય છે તેનો સ્વીકાર કરવો એ આપદ્ધર્મ કહેવાય. કર્મકાંડની વિધિ પાળતી વખતે આ મર્યાદા ધ્યાનમાં રાખવી જોઈએ. બ્રાહ્મણોનું- સહકાર્યકરનું- માન જળવાવું જોઈએ.

૪. સત્યનું ફળ :-

માતા પોતાની કુંવારી અવસ્થાની ભૂલ કેટલી સહજતાથી સ્વીકારે છે તે મહત્ત્વનું છે. ગુરુએ ગોત્ર પૂછ્યું ત્યારે સત્યકામે સત્ય હતું તે કહ્યું. ગુરુએ કહ્યું કે બ્રાહ્મણમાં જ સત્ય અને કપટ રહિત બોલવાની હિંમત હોય છે. તે સત્ય બોલ્યો એ જ ખૂબ મહત્ત્વનું છે, એ જ સાચો બ્રાહ્મણ છે. સત્યકામને પશુ-પક્ષીએ બ્રહ્મનો ઉપદેશ કર્યો અને તે બરાબર છે એવું ગુરુએ સ્વીકાર્યું.

૫. બ્રહ્મજ્ઞાનનું વેતન :-

પૂ.બાપજીના જીવનમાં જે ન માગવાની ખુમારી હતી તે આવી વાતો વાંચીને જ આવી હશે. પાછળનો હંસ આગળના હંસને જે કટાક્ષવચન કહે છે તે બાપજીને લાગુ પડે છે. પૂ.શ્રી ટેબલ ખુરશી પર બેસીને ગીતા ભણાવવા તૈયાર ન થયા અને અનસૂયાબેનને જમીન ઉપર આસન મૂકવા કહ્યું. બ્રહ્મજ્ઞાન વેચવાની વસ્તુ નથી. એની પ્રાપ્તિ માટે પૈસા કે અન્ય મિલ્કતની જરૂર નથી, જરૂર છે શરણાગતભાવની, શ્રદ્ધાની, મુમુક્ષુપણાની.

૬. ગુરુપત્નીનું વાત્સલ્ય :-

ગુરુ સત્યકામ જાબાલ પાસે બીજા શિષ્યો સાથે ઉપકોસલ કામલાયન પણ અભ્યાસ કરતો હતો. બાર વર્ષ પછી ઉપકોસલ કામલાયન સિવાયના શિષ્યોને બ્રહ્મચર્યાવસ્થા સમાપ્ત કરી ઘરે જવાની રજા આપી.

ઉપકોસલમાં કંઈ દોષ હશે એવું ગુરુને લાગ્યું હશે તેથી રજા ન આપી અને પરગામ જતાં રહ્યાં. અગ્નિએ ઉપદેશ કર્યો તે ભૌતિક સંપત્તિના ત્યાગ અંગેનો હતો. ખરેખર તો બ્રહ્મનો સાક્ષાત્કાર કરનારમાં પાપકર્મ ટકતું નથી. એ અવિનાશી બ્રહ્મનો ગુરુએ ઉપદેશ કર્યો. ગુરુમાં અતૂટ શ્રદ્ધા અને પરમ નિષ્ઠા એ જ ભવસાગર તરવાનો ઉપાય છે.

૭. આત્મશુદ્ધિ :-

ઉદ્દાલકની નિખાલસતા જુઓ. પોતે જાણતો ન હતો તેથી બધાને લઈને અશ્વપતિ પાસે લઈ ગયો. આવી નિખાલસતા જીવનને ઉર્ધ્વગામી બનાવે છે.

બ્રહ્મજ્ઞાન માગ્યે મળતું નથી. લાયકાત કેળવવી જોઈએ. બ્રહ્મજ્ઞાન માટે પાત્ર લઈને નહિ, પણ પાત્રતા લઈને જવું પડે છે. હાથમાં સમિધ લઈને, શિષ્યભાવથી શરણભાવે જવું પડે છે. આ જ્ઞાન જીવનમાં ચરિતાર્થ થવું જોઈએ.

૮. પ્રાણોપાસના :-

સત્યકામ જાબાલે (જબાલ માતાનો પુત્ર તેથી જાબાલ) વ્યાઘ્રપદના પુત્ર ગોશ્રુતિને પ્રાણોપાસનાનો ઉપદેશ કર્યો અને કહ્યું કે આ પ્રાણોપાસનાથી ઝાડના સૂકા ઠુંઠાને ડાળીઓ અને પાંદડા ફૂટે છે. આજે યંત્રથી નથી થતું તે બધું પણ આગળના જમાનામાં મંત્રથી થતું. શ્રદ્ધાની જરૂર છે.

૯. ગોધનનો લાલચુ :-

યાજ્ઞવલ્ક્યને પોતાના જ્ઞાનમાં કેટલો વિશ્વાસ હશે તે શિષ્યને ગાયો લઈ જવાનું કહી પોતે બ્રહ્મનિષ્ઠ છે એ વાત બધાને જણાવી.

હિંમતપૂર્વક સત્યનો નમ્રતાથી સ્વીકાર કરીએ તો તે ગર્વ નથી, અભિમાન નથી. બ્રાહ્મણોના પ્રશ્નો સરળ હતા જ્યારે ગાર્ગીના પ્રશ્નો ગૂઢ હતા. યાજ્ઞવલ્ક્યનું નમ્રતાસભર જ્ઞાન જ તેનો જયજયકાર કરાવે છે. આવી જ નમ્રતા બાપજીમાં હતી જે આપણે પણ જીવનમાં ઉતારવી જોઈએ.

૧૦. આત્માની શોધ :-

અસુ (પ્રાણ)માં રમે તે અસુર. દાનવવૃત્તિ એટલે શરીરને આત્મા માની શરીરને જ સાચવનાર, શરીરરાખાં. દેવ એટલે પ્રકાશ. આત્માને તત્ત્વથી જાણનાર. આ વાર્તા સાથે દત્તપ્રણાતિના ત્રીજા શ્લોકની ત્રીજી લીટી સંકળાયેલી છે.

અગ્નિર્યદ્ દત્તં તૃણમેકં ન શશાક-	વાત નં-૧
દગ્ધું વાયુર્હુત્થાપયિતું સ્વબલેન ।	આ વળી શું?
જ્ઞાતું ચેન્દ્ર વિરોચન પ્રમુખા પ્રજ્ઞાનં-	વાત નં-૧૦
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥	આત્માની શોધ

ખાઓ, પીઓ અને મઝા કરો- **Eat, Drink and Be Merry** માં માનનાર તે અસુર. ઇંદ્ર બ્રહ્માજી પાસે ૧૦૧

વર્ષ (૩૨, ૩૨, ૩૨ અને ૫) બ્રહ્મચર્યપૂર્વક રહ્યો એ સૂચવે છે કે આત્માની શોધ કપરી સાધના છે અને ગુરુનું માર્ગદર્શન માગે છે. આત્મકૃપા, ગુરુકૃપા અને હરિકૃપા હોય તો જ સાધનાના આ પંથે જવાય.

૧૧. ત્યાગનું રહસ્ય :-

પતિની ગેરહાજરીમાં પત્ની અંદરોઅંદર ન લડે એ ચિંતા તો યાજ્ઞવલ્ક્યને પણ હતી, પરંતુ ગાર્ગી સાત્ત્વિકવૃત્તિવાળી હોવાથી એણે ભૌતિક સંપત્તિમાં રસ ન બતાવતાં ત્યાગમાં રસ બતાવ્યો. આ બધું છોડીને યાજ્ઞવલ્ક્ય જેની પ્રાપ્તિ માટે જાય છે તે જ મેળવવા જેવી વસ્તુ છે એમ માનીને અમૃતત્વ પ્રાપ્ત થાય એવી ઈચ્છા વ્યક્ત કરી. પતિને પત્ની, પત્નીને પતિ, પિતાને પુત્ર, પુત્રને પિતા આ બધું પોતાને સુખ આપનાર હોય ત્યાં સુધી જ વહાલા લાગે છે. આ સનાતન સત્યને આપણે સતત યાદ રાખી જીવન જીવીએ તો બાપજી રાજી થાય.

૧૨. યમરાજનો અતિથિ :-

પિતાએ દાનમાં નકામી થઈ ગયેલી ગાયોનું દાન કર્યું. એ જોઈને ઋષિના પુત્ર નચિકેતાએ પિતાનું ધ્યાન દોર્યું ને પિતાને તે ના ગમ્યું. પિતાએ ક્રોધમાં આવી જઈને એને કહ્યું કે મેં તને યમને દાનમાં આપ્યો છે. વડીલ તરીકે આવું વર્તન યોગ્ય કહેવાય કે? નચિકેતા ત્રણ

દિવસ ભૂખ્યો ને તરસ્યો યમલોકમાં બેસી રહ્યો તેથી ત્રણ વરદાન મળ્યા. ત્રીજું વરદાન- આત્મતત્ત્વ વિશેનું હતું. યમરાજાએ નચિકેતાને ભૌતિક સુખોની ઘણી લાલચો આપી પરંતુ નચિકેતા તેમાં ફસાયો નહિ અને આખરે આત્મતત્ત્વ જાણીને જ રહ્યો. શ્રેય અને પ્રેય એ બે માર્ગો પૈકી આત્માનું કલ્યાણ ઈચ્છનારે શ્રેયમાર્ગે જીવવું જોઈએ. આ શ્રેયમાર્ગે જનાર વિદ્યામાર્ગનો પ્રવાસી કહેવાય. પ્રેયમાર્ગે જનાર સુખ, સંપત્તિ, ઐશ્વર્ય મેળવે છે. પરંતુ એ અવિદ્યાનો માર્ગ છે. પ્રેયમાર્ગે જીવનારનો જન્મમરણનો ફેરો ટળતો નથી. આપણે આપણું જીવન તપાસી શ્રેયમાર્ગે ચાલવાનો પ્રયત્ન કરીએ.

૧૩. તત્ત્વમસિ :-

તત્ (પરબ્રહ્મ), ત્વમ્ (તું), અસિ છે. દ્વૈતભાવ હોય ત્યાં આ મહાવાક્યના બે અર્થ છે. તું તેનો છે અને તું તેને કારણે છે. (તસ્ય ત્વં અસિ અને તેન ત્વં અસિ) અદ્વૈતવાદમાં તેનો અર્થ છે તે તું છે. અરુણનો પૌત્ર અને ઉદ્દાલકનો પુત્ર શ્વેતકેતુ ગુરુને ઘરે વિદ્યા ભણી આવ્યો પણ તેના વર્તનમાં વિવેક તથા નમ્રતાને બદલે અભિમાન અને ઉદ્ધતાઈ દેખાયાં. વિદ્યા વિનયેન શોભતે એવું શ્વેતકેતુના વર્તનમાં જણાયું નહિ.

પિતાએ શ્વેતકેતુને યુક્તિપૂર્વક વિનયી બનાવ્યો.

દત્તપ્રણાતિમાં પૂ.બાપજી લખે છેઃ-

યં જ્ઞાત્વાઽન્યદ્ જ્ઞાતવ્યં નો ભુવિ કિંચિદ્
યં દૃષ્ટવાન્યત્ દૃષ્ટવ્યં નો યદ્ વર્જ્યમ્ ।
દૃશ્યાતીતં દૃશ્યવિહિનં દૃગ્રૂપં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

(દત્તપ્રણાતિઃ શ્લોક-૧૭)

જેને જાણ્યા પછી આ જગતમાં બીજું કંઈ પણ જાણવા જેવું બાકી રહેતું નથી, જેને જોઈને એના સિવાય (આ જગતમાં) બીજું કંઈ જોવા જેવું રહેતું નથી, એવા દૃશ્યથી અતીત, દૃશ્યવિહીન, દૃષ્ટિસ્વરૂપ હૃદયમાં વસનાર તે દત્તાત્રેયને હું પ્રણામું છું.

ઉદ્ધાલકે શ્વેતકેતુને જે પદ્ધતિથી સમજાવ્યું છે તે જ્ઞાન-આપણા શ્રીગુરુલીલામૃતના ૧૭મા અધ્યાયમાં ષડ્લિંગ વિવેક અંગેના દોહરા નં-૧૭થી ૪૬ સુધીના દોહરામાં જણાવાયું છે.

- પ્રા.શ્રી કુલીનભાઈ ગ. ઉપાધ્યાય

ઉપનિષદોની વાતો

અનુક્રમણિકા

ક્રમ	વાતો	પૃષ્ઠ
૧	આ વળી શું?	૧-૮
૨	દ દ દ	૯-૧૧
૩	આપદ્ધર્મની મર્યાદા	૧૨-૧૬
૪	સત્યનું ફળ	૧૭-૨૨
૫	બ્રહ્મજ્ઞાનનું વેતન	૨૩-૨૭
૬	ગુરુપત્નીનું વાત્સલ્ય	૨૮-૩૦
૭	આત્મશુદ્ધિ	૩૧-૩૪
૮	પ્રાણોપાસના	૩૫-૪૨
૯	ગોધનનો લાલચુ	૪૩-૫૦
૧૦	આત્માની શોધ	૫૧-૬૩
૧૧	ત્યાગનું રહસ્ય	૬૪-૬૯
૧૨	યમરાજનો અતિથિ	૭૦-૮૮
૧૩	તત્ત્વમસિ	૮૯-૯૮
૧૪	હિન્દુ કોને કહેવો?	૯૯-૧૦૧
*	પૂ.શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ વિરચિત સાહિત્યની સૂચિ	૧૦૨-૧૦૪
**	પૂ.શ્રીરંગ અવધૂત ગુરુમહારાજની જીવન તવારીખ	૧૦૫

ઉપનિષદોની વાતો

૧. આ વળી શું?

પહેલાં દેવો અને દાનવોને હંમેશાં યુદ્ધ થયાં કરતું. દેવોને આત્મપરાયણ જોઈ બ્રહ્મે દેવોને વિજય અપાવ્યો; અને જગતના શત્રુ અસુરોનો પરાજય કર્યો. આ વિજયથી લોકોમાં દેવો પૂજાવા લાગ્યા. એમનો મહિમા વધ્યો પણ તેથી તેમને અભિમાન થયું. તેઓ કહેવા લાગ્યાઃ- "અમારો જ આ વિજય છે; આ બધો મહિમા અમારો જ છે. લોકો અમારી પૂજા કરે છે અને અમારાં ગીત ગાય છે, એ બધી અમારી જ બલિહારી છે. વિજયના કેફમાં બિચારાઓએ જાણ્યું નહિ કે આખું જગત્ એ બ્રહ્મનું નચાવ્યું નાચે છે; એની સત્તા વગર ઝાડનું પાંદડું પણ હાલી શકતું નથી.

પણ પ્રાણીમાત્રના અંતરમાં વ્યાપી રહેલ એ બ્રહ્મથી શું અજાણ્યું છે? દેવોના મિથ્યાભિમાનને એ તરત જ કળી ગયું. એણે વિચાર્યું કે અસુરોની માફક આ દેવો પણ જો

મિથ્યાભિમાનને વશ થશે, તો તેમનો પરાજય થતાં વાર નહિ લાગે; વિજયની ઘડીમાં તો તેમણે ઊલટા વધારે નમનશીલ થવું જોઈએ.

આમ વિચાર કરી દેવોના અહંકારનો નાશ કરી એમનો ઉદ્ધાર કરવાના ઈરાદાથી બ્રહ્મે એક અતિ અદ્‌ભુત અને આશ્ચર્યકારક રૂપ ધારણ કર્યું અને એ રૂપમાં દેવોની સમીપ પ્રકટ થયું. પ્રકટ થયેલા તે બ્રહ્મને- આ યક્ષ (પૂજ્યવસ્તુ) શું હશે તે- દેવો જ્ઞાની હોવા છતાં જાણી શક્યા નહિ.

યક્ષનું સ્વરૂપ નહિ કળી શકવાથી દેવો ગભરાયા એમના મનમાં બીક પેઠી અને તેઓ થરથર કાંપવા લાગ્યા. છેવટે બધાએ વિચાર કરી એને જાણવાની ઈચ્છાથી પોતાના [૧]અગ્રેસર અગ્નિને કહ્યું:- "હે જાતવેદસ્[૨]! અમારા બધામાં તમે સૌથી વધારે તેજસ્વી છો. તેથી આપણી સમક્ષ પ્રકટ થયેલ આ પૂજ્યવસ્તુનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે જાણી

---

૧. 'अग्निमुखा वै देवाः' એવી શ્રુતિ છે. દેવોનું મુખ અગ્નિ છે. તેથી જ દેવોને આપવાનું બલિદાન અગ્નિમાં હોમાય છે. ૨. પેદા થયેલી બધી ચીજોના જાણનાર.

લાવો તો.” અગ્નિએ કહ્યું:- “ઠીક છે, હું એ કોણ છે તે જાણી લાવું છું.”

એમ કહી અગ્નિ તે યક્ષ સમીપ ધસ્યો; પણ એના તેજમાં એટલો બધો અંજાઈ ગયો કે એને કાંઈ પણ પૂછી શક્યો નહિ. છેવટે એને થાંભલા જેવો સામે ઊભેલો જોઈ યક્ષે જ એના પર દયા લાવી પૂછ્યું:- “તું કોણ છે?”

અગ્નિએ કહ્યું:- “મારું નામ પ્રસિદ્ધ છે. હું અગ્નિ છું, મને જાતવેદસ્ પણ કહે છે.”

અગ્નિએ આ બે મોટાં નામ વડે પોતાનું પ્રસિદ્ધપણું જણાવ્યું; ત્યારે યક્ષે પૂછ્યું:- “હે અગ્ને! એ તો ઠીક, પણ એવા પ્રસિદ્ધ નામવાળા તારામાં શું બળ છે, તે તો કહે.” અગ્નિએ જવાબ આપ્યો:- “હે પૂજ્ય! આ પૃથ્વી તથા અંતરિક્ષમાં જે કંઈ સ્થાવર-જંગમ પદાર્થ છે તે સર્વને બાળીને ભસ્મ કરી નાખું એવી મારામાં તાકાત છે.”

બ્રહ્મે વિચાર કર્યો કે આનું અભિમાન એમને એમ નહિ ઊતરે; કંઈક ચમત્કાર કરવો પડશે. એવો વિચાર કરી એની આગળ એક ઘાસનું સૂકું તણખલું નાંખી કહ્યું:-

"હે અગ્નિ! બધું બાળવાની વાત તો ઠીક છે, પણ મારી આગળ આ ઘાસના સૂકા તણખલાને જ બાળી નાખ જોઉં."

અગ્નિ પોતાના સર્વ વેગ વડે તે તૃણની સમીપ ગયો; પણ ખૂબ પ્રયત્ન કર્યા છતાં તેને બાળી શક્યો નહિ. છેવટે થાકીને, શરમથી મ્હોં નીચું ઘાલી યક્ષની પાસેથી પાછો ફર્યો અને દેવોની સમીપ આવી કહેવા લાગ્યોઃ- 'હે દેવો! આ યક્ષ કોણ છે, તે જાણવાને હું શક્તિમાન નથી.'

પછીથી દેવોએ વાયુને કહ્યુંઃ- 'હે વાયો! તું જા તો. તારા વગર એ કામ નહિ થાય. જા, આ યક્ષ શું છે તે જાણી લાવ.'

વાયુએ 'તથાસ્તુ' કહી ચાલવા માંડ્યું. પણ યક્ષની સમીપ જઈ પહોંચતાં એ પણ તેના તેજમાં અંજાઈ ગયો અને કંઈ પણ બોલી શક્યો નહિ. છેવટે યક્ષે જ, 'તું કોણ છે?' એવો પ્રશ્ન કર્યો. તેના ઉત્તરમાં વાયુએ કહ્યુંઃ- 'મારું નામ તથા ગુણ પ્રસિદ્ધ છે. હું ગમનક્રિયા

કરવાવાળો તથા પૃથ્વીના [૧]ગંધગુણને- વસ્તુમાં રહેલી સુવાસ કે દુર્ગંધને વહન કરનારો છું, તેથી લોકો મને વાયુ કહે છે. વળી આકાશમાં ગમન કરનાર હોવાથી હું માતરિશ્વા નામથી પણ ઓળખાઉં છું.'

યક્ષે વિચાર્યું:- 'ઠીક. આ પણ અગ્નિનો જ ભાઈ લાગે છે.' તેથી કહ્યું:- 'વાયો! એવા પ્રસિદ્ધ નામ તથા ગુણવાળા તારામાં શું સામર્થ્ય છે?'

'હે યક્ષ! આ પૃથ્વી તથા અંતરિક્ષમાં જે કંઈ સ્થાવરજંગમ પદાર્થ છે તે સર્વને ઉડાડી મૂકવાને હું સમર્થ છું.' વાયુએ જવાબ આપ્યો.

બ્રહ્મે તેની આગળ પણ એ જ સૂકું તણખલું મૂક્યું અને કહ્યું:- 'હે વાયો! આ સૂકા તૃણને જ તું મારા દેખતાં ખસેડ એટલે થયું.'

વાયુ પોતાના સર્વ વેગ વડે તે તૃણની સમીપ ગયો; પણ એને સોયની અણી જેટલુંયે દૂર ખસેડી શક્યો નહિ.

---

૧. આકાશ, વાયુ, તેજ, આપ (પાણી) અને પૃથ્વી- એ પંચ મહાભૂતોના અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ ગુણ છે.

શરમથી મ્હોં નીચું ઘાલી એ પણ પાછો વળ્યો અને દેવોની સમીપ જઈ કહેવા લાગ્યોઃ- 'હે દેવો! એ યક્ષ કોઈ વિચિત્ર પ્રાણી છે. એનું ખરું સ્વરૂપ હું જાણી શક્યો નથી.'

નોકરો થાક્યા એટલે શેઠનો વારો આવ્યો. અગ્નિ તથા વાયુ જેવા સમર્થ દેવોની આમ ઢેડફજેતી થયેલી જોઈ બીજા કોઈની હિંમત ન ચાલી. છેવટે, બધા દેવોએ મળીને પોતાના રાજા ઇંદ્રને કહ્યુંઃ- 'મઘવન્[૧]! આપણી નજર આગળ સ્થિત થયેલ આ યક્ષ શું છે તે હવે તો આપ જ જાણી લાવો.'

ઇંદ્રે 'તથાસ્તુ' કહી ચાલવા માંડ્યું અને યક્ષની પાસે આવી પહોંચ્યો. ઇંદ્રને અભિમાનમાં ડોલતો આવતો જોઈ બ્રહ્મે વિચાર કર્યો કે આની સાથે તો વાત પણ ન કરવી જોઈએ. તો જ આનું અભિમાન સારી રીતે દૂર થશે. એમ વિચારી એ ત્યાંને ત્યાં જ અંતર્ધાન પામ્યું.

---

૧. સમૃદ્ધિવાન્. કેટલાક 'મઘ' નો અર્થ યજ્ઞ કરે છે. યજ્ઞ કરનારને ઇંદ્રપદની પ્રાપ્તિ કહી છે.

ઇંદ્ર ભોંઠો પડ્યો. પણ હિંમત હાર્યો નહિ. અગ્નિ પેઠે પાછો ન ફરતાં, જ્યાં આગળ એ પૂજ્ય યક્ષ પોતાનું રૂપ દેખાડીને તિરોધાન પામ્યું હતું તે આકાશમાં જ, ધ્યાન ધરી એણે એની ખોજ કરવા માંડી. ઇંદ્રની ભક્તિ તથા તિતિક્ષા જોઈ, જે ઠેકાણે તે યક્ષ તિરોધાન પામ્યું હતું તે ઠેકાણે જ, બ્રહ્મવિદ્યા સ્ત્રીરૂપે પ્રગટ થઈ. બહુ શોભાવાળી અને સુવર્ણના આભૂષણવાળી ઉમા-પાર્વતીરૂપે એ સ્ત્રીને જોઈ. ઇંદ્ર, આ સ્ત્રી નિત્ય જ્ઞાનસ્વરૂપને જરૂર જાણતી હશે, એમ ધારી એની પાસે ગયો અને એ પ્રસિદ્ધ ઉમાને આ પ્રમાણે પૂછવા લાગ્યોઃ-

હે માતર્! જે યક્ષ હમણાં જ અમને દર્શન દઈને તિરોધાન પામ્યું તે યક્ષ કોણ હતું?

પછીથી તે ઉમાએ એ યક્ષ પ્રસિદ્ધ બ્રહ્મ હતું, એમ ઇંદ્રને કહ્યું અને કહ્યું કે હે ઇંદ્ર! એ બ્રહ્મે જ અસુરોનો પરાજય કર્યો છે, તમે તો તેમાં નિમિત્તમાત્ર છો. એ બ્રહ્મના વિજયથી જ તમારું માહાત્મ્ય વધ્યું અને તમારી પૂજા થાય છે. તેથી તમને જે આ મિથ્યા અભિમાન છે કે

'અમારો જ આ વિજય છે, અમારો જ આ મહિમા છે', તેનો ત્યાગ કરો.

ઉમાનાં વચન સાંભળી ઇંદ્રની આંખો ખૂલી ગઈ. એને બ્રહ્મની અનંત શક્તિનું ભાન થયું અને એનું બધું અભિમાન ગળી ગયું. ઇંદ્રે પાછા જઈ અગ્નિ તથા વાયુને પણ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો. એટલે એમને પણ જ્ઞાન થયું.

એ બ્રહ્મવિદ્યાના તપ, દમ અને કર્મ પગ કહેવાય છે, વેદો સર્વ અંગો છે અને સત્ય રહેવાનું સ્થાન છે. જે આવી રીતે જાણીને આ બ્રહ્મવિદ્યાને ઉપાસે છે તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

(કેનોપનિષદ્)



૨. દ દ દ

દેવો, મનુષ્યો અને અસુરો પોતાના પિતા પ્રજાપતિની પાસે શિષ્યભાવે વિદ્યાભ્યાસ કરવા માટે રહ્યા અને બ્રહ્મચર્ય પાળી એમની સેવા કરવા લાગ્યા. આમ બ્રહ્મચર્યપૂર્વક કેટલોક કાળ પિતાની પાસે વસીને પ્રથમ દેવોએ જઈ પ્રજાપતિને કહ્યું:- 'અમને ઉપદેશ કરો.' પ્રજાપતિએ ઉત્તરમાં માત્ર 'દ' એ એક જ અક્ષર કહ્યો. એ સાંભળી દેવો પોતાને કૃતકૃત્ય માની ચાલવા માંડ્યા. એટલે પ્રજાપતિએ પૂછ્યું:- 'કેમ, મેં ઉપદેશ કરેલા અક્ષરનો અર્થ તમે જાણ્યો?' વિલાસપ્રિય દેવોએ કહ્યું:- "હા જી. અમે એ બરાબર સમજ્યા છીએ. આપ અમને 'તમે દમન- ઇંદ્રિયોનો નિગ્રહ કરો.' એવું કહો છો." આ સાંભળી પ્રજાપતિએ કહ્યું:- 'હા, એ જ મારા કહેવાનો અર્થ છે. તમે એ બરાબર સમજ્યા છો. માટે જાઓ. એનું બરાબર પાલન કરજો. તમારું તેથી કલ્યાણ થશે.'

ત્યાર પછી મનુષ્યો પ્રજાપતિ પાસે ગયા અને બોલ્યા:- 'અમને ઉપદેશ કરો.' પ્રજાપતિએ તેમને પણ

'દ' એ જ અક્ષરનો ઉપદેશ કર્યો. એ સાંભળી મનુષ્યો પાછા જવા લાગ્યા એટલે પોતાનું કહેવું શિષ્યો બરાબર સમજ્યા છે કે નહિ તેની પરીક્ષા કરવા માટે પ્રજાપતિએ પૂછ્યું:- 'કેમ?તમે જાઓ છો; પણ મેં ઉપદેશ કરેલા અક્ષરનો અર્થ તમે જાણ્યો?' લોભી મનુષ્યોએ કહ્યું:- 'જી, હા. આપે અમને 'તમે દાન કરો' એમ કહ્યું. પ્રજાપતિ ખુશ થઈ બોલ્યા:- 'હા, એ જ. મારા કહેવાનો એ જ અર્થ છે. પણ યાદ રાખજો, માત્ર જાણીને કારજ નહિ સરે. એ પ્રમાણે વર્તશો તો જ કલ્યાણ થશે.'

મનુષ્યો ચાલ્યા ગયા એટલે અસુરો પ્રજાપતિ પાસે ગયા અને 'અમને ઉપદેશ કરો.' એવી વિનંતી કરી. એમને પણ પ્રજાપતિએ 'દ' એ એકાક્ષરી મંત્રનો જ ઉપદેશ કર્યો. ઉપદેશ પૂરો થયા પછી પ્રજાપતિએ પૂછ્યું:- 'કેમ, મેં શાનો ઉપદેશ કર્યો તે તમે સમજ્યા?' આ સાંભળી અસુરોએ વિચાર કર્યો કે આપણે સ્વભાવથી હિંસાપરાયણ છીએ; તેથી જરૂર બાપુ આપણને પ્રાણીમાત્ર પર દયાભાવ રાખવાનો જ ઉપદેશ કરે છે. આમ વિચારી તેમણે કહ્યું:-

"હા, આપનો કહેવાનો અર્થ અમે બરાબર સમજ્યા છીએ, અમે હિંસાપ્રિય છીએ. તેથી આપ અમને 'પ્રાણીમાત્ર પર દયા કરો,' એમ કહો છો. આપે ઉપદેશેલા 'દ'નો 'દયા' એજ અર્થ છે." આ સાંભળી પ્રજાપતિએ કહ્યું:- 'બરાબર છે. એ જ મારા ઉપદેશનો અર્થ છે. માટે જાઓ. વેરભાવ ત્યજી દઈ પ્રાણીમાત્ર તરફ દયાભાવ રાખો. એમ કરવાથી તમારું કલ્યાણ થશે.'

આજે પણ મેઘગર્જનારૂપ દૈવી વાણી દ દ દ કહી પ્રજાપતિના એ જ પ્રાચીન અને સનાતન ઉપદેશનો અનુવાદ કરે છે અને પ્રતિવર્ષ કાનમાં ઢોલ વગાડી આ ત્રણે વૃત્તિના જીવોને કહે છે:- 'હે કલ્યાણકાંક્ષી જીવો! દમન કરો, દાન કરો, દયા કરો.'

(બૃહદારણ્યક)



૩. આપદ્ધર્મની મર્યાદા

એક વખત કુરુદેશમાં કરાનો મોટો વરસાદ પડ્યો અને તેને લીધે, જે કંઈ થોડું ઘણું પણ અનાજ ઊગ્યું હતું તેનો પણ નાશ થઈ મહાન્ દુકાળ પડ્યો. તેથી દેશના લોકો અન્ન માટે આમતેમ ભટકવા લાગ્યા. આવી રીતે પોતાની જુવાન [૧]સ્ત્રીને સાથે લઈ અન્ન માટે ભટકતાં ભટકતાં પ્રસિદ્ધ ચક્રનો પુત્ર ઉષસ્તિ માવતોના ગામમાં, અન્ન ન મળવાથી અંત્યજાવસ્થાને પામેલા કોઈ કુટુંબમાં આવી પહોંચ્યો અને ત્યાં તેણે રાતવાસો કર્યો.

ઘરધણી માવત તે વખતે સડેલા અડદનું ભક્ષણ કરી રહ્યો હતો. તેને અડદ ખાતો જોઈ તે પ્રસિદ્ધ ઉષસ્તિએ તેની પાસે અડદની યાચના કરી. માવતે કહ્યું:- 'મેં ખાધેલા આ એંઠા અડદથી ભિન્ન (જુદા) અડદ મારી પાસે વિદ્યમાન

---

૧. મૂળ શબ્દ 'આટિકી' છે. એનો અર્થ પતિની સાથે ફરી-રખડી-આથડી શકે એવી (અટ્ -રખડવું) જુવાન એવો થાય છે. અન્ન માટે આમ તેમ આથડવાની વાત તરત જ આવે છે.

નથી. ઘરમાં જેટલા અડદ હતા તે બધાએ આ ભોજનપાત્રમાં નાખી હું ખાવા બેઠો છું. તેથી તમને હું શું આપું?'

ઉષસ્તિએ કહ્યું:- 'મને એમાંથી જ આપ.' માવતે તરત જ પોતાના પાત્રમાંથી થોડા અડદ એને આપ્યા. પછીથી જળ આગળ ધરી કહ્યું:- 'લો, આ જળનો પણ અંગીકાર કરો.' પણ ઉષસ્તિએ કહ્યું:- 'જો હું એ જળ પીઉં તો ખરેખર મેં ઉચ્છિષ્ટપાન કર્યું, એમ થશે.'

'શું ત્યારે આ અડદ પણ એંઠા નહોતા?' માવતે પૂછ્યું. 'તમને એ ખાવામાં બાધ નહોતો તો આ મેં પીધેલું પાણી પીવામાં શો બાધ છે?'

ઉષસ્તિએ જવાબ આપ્યો:- ભલા માણસ! જો આ અડદ મેં ખાધા ન હોત તો હું જરૂર ન જીવત; અને પાણી તો મને ઇચ્છાનુસાર ફાવે ત્યાં મળશે. તેથી એંઠા અડદની માફક જો હું એંઠું પાણી પણ પીઉં તો એ ચોખ્ખો સ્વેચ્છાચાર જ કહેવાય. એમાં આપદ્ધર્મ ક્યાં રહ્યો?

ઉષસ્તિએ પોતે ખાઈને બાકી રહેલા અડદ પોતાની સ્ત્રીને આપ્યા. પણ તે સ્ત્રીને, એ અડદ મળતા પહેલાં જ, બીજેથી સારી ભિક્ષા મળી ગઈ હતી. એટલે એણે એ એંઠા અડદ ખાધા નહિ; પણ પતિએ આપેલા એટલે લઈને પોતાની પાસે રાખી મૂક્યા.

સ્હવારમાં નિંદ્રાનો પરિત્યાગ કરતાં ઉષસ્તિએ પોતાની સ્ત્રીના સાંભળતાં કહ્યું:- 'અરે? જો થોડું અન્ન પ્રાપ્ત થાય તો તે ખાઈ થોડી શક્તિ આવે એટલે થોડું ધન મેળવીએ, જેથી આપણો નિર્વાહ થાય. આ પાસેના મુલકનો રાજા યજ્ઞ કરે છે. ત્યાં જઈએ તો મને પાત્ર જાણીને સર્વ ઋત્વિજોનાં કર્મ માટે એ મારું વરણ (પસંદગી) કરશે.'

આ વચન સાંભળી સ્ત્રીએ જવાબ આપ્યો:- 'આ મને આપેલા પેલા કુત્સિક (સડેલા) અડદ પડ્યા છે. તેને ગ્રહણ કરો.'

તે ખાઈ તેઓ રાજાના યજ્ઞમાં ગયાં. ત્યાં જઈને યજ્ઞમાં જે ઠેકાણે સ્તુતિ કરાય છે[૧] ત્યાં સ્તુતિ કરતા ઉદ્‌ગાતા

૧. આ જગ્યાને શાસ્ત્રીય ભાષામાં **આસ્તાવ** કહે છે.

વગેરેની પાસે બેઠા; અને પછી તે પ્રસિદ્ધ ઉષસ્તિએ બ્રાહ્મણોને[૧] અગડંબગડં કરતા જોઈ કહ્યું, 'હે ઉદ્‌ગાતર્ વગેરે મૂઢ બ્રાહ્મણો! મારી સમીપ જો તમે આમ ગડબડગોટા વાળશો તો તમારું માથું નીચે પડશે. યાદ રાખજો[૨]!' આ સાંભળી બધા ઋત્વિજો પોતાનું કામ બંધ કરી મૌન રહ્યા.

રાજાએ પોતાના ઋત્વિજની આ સ્થિતિ જોઈ વિચાર્યું કે આ કોઈ વિલક્ષણ મૂર્તિ હોવી જોઈએ. તેથી હાથ જોડી કહ્યું: 'ભગવન્! આપ કોણ છો? હું આપને જ જાણવા ઇચ્છું છું.'

ઉષસ્તિએ જવાબ આપ્યો: 'હું ચક્રનો પુત્ર પેલો ઉષસ્તિ છું.'

---

૧. આ ઠેકાણે યજ્ઞ સંબંધી કેટલીક શાસ્ત્રીય ચર્ચા છે. બ્રાહ્મણોને તે તે મંત્રોના દેવતાઓનું જ્ઞાન નહિ હતું. ઉષસ્તિએ તેમની ભૂલો કાઢી રાજાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું. એ ભાવાર્થ છે.

૨. તે કાળની એવી માન્યતા હતી કે બ્રહ્મવિદ્યાની બાબતમાં જો કોઈ માણસ જાણકાર થવાનો ડોળ કરતો હોય તો, પૂછેલા સવાલનો જવાબ ન આપી શકે તો એ મંત્રના પ્રભાવથી તેનું પોતાનું માથું તૂટી પડતું. બૃહદારણ્યકમાં પણ યાજ્ઞવલ્ક્યની વાતમાં એવો જ એક પ્રસંગ આવેલો છે.

એ સાંભળી રાજાએ કહ્યું:- 'ઓહો! ભગવન્! એ આપ જ કે! આપના ગુણ તથા કીર્તિ સાંભળી મેં આ સર્વ ઋત્વિજોના કામ માટે આપને જ શોધ્યા હતા, પણ ઘણી શોધ કર્યા છતાં આપનો પત્તો લાગ્યો નહિ; તેથી ન છૂટકે મારે બીજાઓનું વરણ કરવું પડ્યું છે. પણ હવે આપ હાથ લાગ્યા છો, એટલે મારાં સર્વ ઋત્વિજોનાં કર્મ માટે હું આપનું જ વરણ કરું છું.'

ઉષસ્તિએ કહ્યું:- 'ઠીક છે, પણ આ ઋત્વિજોને રજા આપીશ નહિ. એમને જ મારી દેખરેખ નીચે કામ કરવા દે. જ્યાં જ્યાં એમની ભૂલ થશે ત્યાં ત્યાં હું એ સુધારતો જઈશ. મને દક્ષિણા પણ એમના જેટલી જ આપજે. વધારે આપી એમનો માનભંગ કરીશ નહિ.'

ત્યાર પછી એ ઉદ્ગાતર વગેરે ઋત્વિજો ઉષસ્તિ પાસે જઈ વિનયથી પોતાની ભૂલો વિષે પૂછવા લાગ્યા. એણે એ બધાનું સમાધાન કર્યું અને એમની પાસે જ રાજાનો યજ્ઞ પૂરો કરાવ્યો.

(છાંદોગ્યોપનિષદ્)



૪. સત્યનું ફળ

જબાલા નામે એક સ્ત્રી હતી. એક દિવસ એનો પુત્ર સત્યકામ એની પાસે આવી કહેવા લાગ્યોઃ- 'ભવતિ! (પૂજ્યમાતર્) બ્રહ્મચર્ય પાળી વેદાભ્યાસ કરવા માટે ગુરુ ઘેર રહેવા મારો વિચાર છે. આચાર્ય મને નામ ને ગોત્ર પૂછશે. માટે મારું ગોત્ર કયું તે મને કહે.'

જબાલાએ કહ્યુંઃ- 'હે પુત્ર! તું કયા ગોત્રવાળો છું તે હું નથી જાણતી. જુવાનીમાં હું દાસી તરીકે ખૂબ રખડતી; તેવામાં તને પામી. તારું ગોત્ર શું તે હું નથી જાણતી. હું માત્ર એટલું જ જાણું છું કે મારું નામ જબાલા છે અને તારું નામ સત્યકામ છે. આચાર્ય તને પૂછે તો તું 'હું જબાલાનો પુત્ર સત્યકામ છું' એમ કહેજે.

માતાની આજ્ઞા લઈ સત્યકામ ગુરુકુલ જવા નીકળ્યો. ત્યાં પ્રસિદ્ધ હરિદ્રુમતના પુત્ર ગૌતમ ઋષિ આચાર્યનું કામ કરતા હતા. તેમની પાસે જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બોલ્યોઃ- 'ભગવન્! હું આપની પાસે બ્રહ્મચર્યથી રહીશ.

હું શિષ્યભાવે આપને શરણે આવ્યો છું. મારો અંગીકાર કરો.'

ગુરુએ પૂછ્યું:- 'હે પ્રિયદર્શન[૧]! તારું ગોત્ર કયું?'

સત્યકામ બોલ્યો:- "ભગવન્! મારું ગોત્ર કયું તે ખરેખર હું નથી જાણતો. મેં આવતી વખતે મારી માને પૂછ્યું, તો તે બોલી:- 'દાસી તરીકે સ્વચ્છંદે વિચરતાં યૌવનમાં હું તને પામી. તેથી તારા ગોત્રની મને ખબર નથી. હું માત્ર એટલું જ જાણું છું કે મારું નામ જબાલા છે અને તારું નામ સત્યકામ છે.' તેથી હે ભગવન્! હું સત્યકામ જાબાલ છું."

સત્યકામનું આવું સરળ અને નિખાલસ ભાષણ સાંભળી ગૌતમે કહ્યું:- 'બ્રાહ્મણ ન હોય તેનામાં આવું બોલવાની હિંમત ન હોય. આવું સત્ય અને કપટરહિત બોલે તે બ્રાહ્મણ જ હોવો જોઈએ. તેં સત્યનો ત્યાગ નથી કર્યો. તેથી હું તને જનોઈ આપીશ. હે પ્રિયદર્શન! હોમ માટે સમિધ[૨] લઈ આવ.'

---

૧. જેને જોતાં જ પ્રેમ ઉત્પન્ન થાય એવો. મૂળ શબ્દ સોમ્ય (સોમ્ય આકૃતિવાળો) છે. ૨. હોમમાં નાખવાનાં ઉમરો, ખાખરો વગેરે ઝાડના વેંત વેંત જેટલાં કાષ્ઠ.

ઋષિએ એનું ઉપનયન[૧] કર્યું; અને એને વેદાભ્યાસ કરાવી, પોતાની કૃશ તથા નિર્બળ ગાયોમાંથી ચારસો ગાયો વીણી કાઢી કહ્યું:-

'આ ગાયોને ચરવા લઈ જા.' સત્યકામ તે ગાયોને અરણ્ય ભણી લઈ જતાં જતાં બોલ્યો:- 'આ ગાયોની સંખ્યા હજાર થશે ત્યાર વગર હું પાછો નહિ આવું.' એમ કહી તે પાણી અને ઘાસચારો સહેલાઈથી મળી શકે એવા અરણ્યમાં તે ગાયોને લઈ ગયો; અને ત્યાં લાંબો કાળ રહ્યો. જ્યારે તે ગાયોની સંખ્યા હજાર થઈ, ત્યારે ટોળાના મુખ્ય આખલાએ આવીને કહ્યું:- 'સત્યકામ!'

'ભગવન્! શી આજ્ઞા છે?' સત્યકામે જવાબ આપ્યો.

આખલાએ કહ્યું:- 'વત્સ! અમારી સંખ્યા હજાર થઈ છે. અમને આચાર્યને ઘેર લઈ જા. ચાલ, હું તને બ્રહ્મનો ઉપદેશ કરું.'

---

૧. જનોઈ આપ્યું. શાસ્ત્રીય શબ્દ છે.

સત્યકામે કહ્યું:- 'કહો ભગવન્.'

આખલાએ એને થોડોક બ્રહ્મોપદેશ કર્યો અને કહ્યું:- 'આગળનો ઉપદેશ તને અગ્નિ કરશે.'

બીજે દિવસે સવારે સત્યકામે ગાયો હાંકી ચાલવા માંડ્યું. સાંજ પડી એટલે વાટમાં પડાવ નાંખ્યો. ગાયોને રોકી. અગ્નિ પ્રકટાવ્યો અને સમિધ લઈ પૂર્વાભિમુખે બેઠો. અગ્નિએ કહ્યું:- 'સત્યકામ!'

'ભગવન્!' સત્યકામે જવાબ આપ્યો.

'આવ હું તને થોડો બ્રહ્મોપદેશ કરું.'

'કહો ભગવન્.'

અગ્નિએ એને બ્રહ્મનો ઉપદેશ કર્યો અને કહ્યું:- 'હંસ તને આગળ કહેશે.'

સત્યકામે આખી રાત એનો વિચાર કરવામાં પસાર કરી. સવાર થઈ એટલે ગાયો હાંકી આગળ ચાલવા માંડ્યું. સંધ્યાકાળ થયો, એટલે એક તળાવને કિનારે પડાવ નાંખ્યો. અગ્નિ પ્રગટાવ્યો. ગાયો રુંધી અને સમિધ લઈ અગ્નિની સન્મુખ બેઠો. એટલામાં એક હંસ ઉપરથી ઊડીને એની પાસે આવી અને સત્યકામને બૂમ મારી:- 'સત્યકામ!'

'ભગવન્!' સત્યકામે જવાબ આપ્યો.

હંસે કહ્યું:- 'આવ, સોમ્ય! હું તને બ્રહ્મનો ઉપદેશ કરું.'

સત્યકામે માથું નમાવી કહ્યું:- 'ભગવન્ કહો.'

હંસે એને થોડો ઉપદેશ કર્યો અને કહ્યું:- 'જા, આગળ તને મદ્ગુ (જળકૂકડો) ઉપદેશ કરશે.'

સવાર થઈ એટલે સત્યકામે ગાયો હાંકી. સાંજ પડી, એટલે એક વડના ઝાડ નીચે મુકામ કર્યો. ગાયોને અટકાવી, અગ્નિ પ્રગટાવી સમિધ લઈ પાસે બેઠો એટલામાં પાસેના જળાશયમાંથી પાંખો ફફડાવતો એક મદ્ગુ ત્યાં આવી પહોંચ્યો. 'સત્યકામ!' મદ્ગુએ બૂમ પાડી. સત્યકામે જવાબ આપ્યો:- 'ભગવન્! શી આજ્ઞા છે?'

'વત્સ! આવ હું તને ઉપદેશ કરું.'

મદ્ગુએ બ્રહ્મનો ઉપદેશ કર્યો. એમ માર્ગમાં જે મળે તેની પાસેથી જ્ઞાન સંપાદન કરતો કરતો સત્યકામ આચાર્યને ઘેર આવી પહોંચ્યો. એ પાછો આવ્યો ત્યારે એનું મુખ બ્રહ્મવેત્તાના જેવું તેજસ્વી, મધુર અને ચિંતારહિત દેખાતું

હતું. એના મુખ પર ઝળહળી રહેલી એ નિર્દોષ કાંતિ જોઈ ગુરુએ પ્રેમથી સંબોધન કર્યું:- 'હે સત્યકામ!'

સત્યકામે કહ્યું:- 'ભગવન્! શી આજ્ઞા છે?'

"હે સોમ્ય! તું બ્રહ્મવેત્તા જેવો દેખાય છે. તને કોણે ઉપદેશ કર્યો?"

સત્યકામે કહ્યું:- "મને ઉપદેશ કરનારા તો મનુષ્યોથી અન્ય સત્ત્વો હતાં છતાં 'ગુરુ વિના જ્ઞાન નહિ. સાચા ગુરુ પાસેથી મેળવેલી વિદ્યા જ શ્રેષ્ઠ ફળ આપે છે,' એવું મેં ભગવન્ (આપ) જેવા ઋષિઓ પાસેથી સાંભળ્યું છે. તેથી આપ જ મને વ્યવસ્થિત રીતે ઉપદેશ કરો."

ગુરુ શિષ્યનો વિનય જોઈ ખુશ થયા; અને એના સમાધાનને માટે કહ્યું:- 'હા, તેં જાણ્યું તે જ બ્રહ્મજ્ઞાન છે. તેમાં જાણવાનું કશું બાકી રહ્યું નથી.'

(છાંદોગ્યોપનિષદ્)



૫. બ્રહ્મજ્ઞાનનું વેતન

પ્રસિદ્ધ જનશ્રુત રાજાના પુત્રનો પૌત્ર જાનશ્રુતિ રાજા શ્રદ્ધાપૂર્વક દાન આપતો, ઘણું આપતો અને એના ઘરમાં ભોજનાર્થીઓ માટે હંમેશાં ઘણું અન્ન રાંધવામાં આવતું. એ જાનશ્રુતિ રાજાએ શહેર-શહેર ને ગામેગામ, લોકો મારું જ અન્ન ગ્રહણ કરે એવા હેતુથી ઠેકઠેકાણે અન્નછત્રો* ઉઘાડ્યાં હતાં.

પછીથી રાજાના અન્નદાનથી સંતોષ પામેલા ઋષિઓ અને દેવોએ હંસોનું રૂપ ધારણ કર્યું અને રાજાની દૃષ્ટિ પડે તેમ રાત્રિએ તે હંસો રાજાના મહેલની આસપાસ ઊડવા લાગ્યા ત્યારે પાછળનો હંસ આગળના હંસને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ- 'રે! રે! ભલ્લાક્ષ! આ જનશ્રુતના પુત્રના પૌત્ર જાનશ્રુતિનું દિવસના (સૂર્યના) જેવું તેજ બધે પ્રસરી રહ્યું છે. એને સ્પર્શ ન કરીશ; નહિ તો એ તેજ તને બાળી નાંખશે.'

---

* મૂળ શબ્દ આવસથ છે. એનો અર્થ કાદંબરીના ટીકાકારે છાત્રગૃહમ્ (છાત્રાલય) એવો કર્યો છે.

એ સાંભળી પાછળના હંસને આગળના હંસે કહ્યું:- 'અરે! આ રાજા ક્ષુદ્ર માહાત્મ્યવાળો હોવા છતાં આને માટે તું ગાડાવાળા રૈકવને શોભે એવાં બહુમાનવાળા વચન કેમ વાપરે છે?' પાછળના હંસે આગળના હંસને પૂછ્યું:- 'જે ગાડાવાળા રૈકવની તેં વાત કરી તે કેવા છે?' આગળના હંસે જવાબ આપ્યો:- 'એ રૈકવ ઋષિની વાત શી કરવી! સર્વ પ્રજા જે કંઈ સત્કૃત્ય કરે છે તે સર્વ શુભ કર્મનું ફળ એમને પ્રાપ્ત થાય છે. તે રૈકવ જે જાણે છે, તેને જે જાણે છે, તેને પણ રૈકવની માફક સર્વ પ્રાણીઓનાં શુભ કૃત્યોનું ફળ પ્રાપ્ત થાય છે. એવા તે વિદ્વાન રૈકવની હું વાત કરું છું.'

જાનશ્રુતિએ હંસના એ વચન સાંભળ્યાં. આખી રાત એણે એનો જ વિચાર કર્યો. પ્રાતઃકાલમાં પથારીમાંથી ઊઠતાં જ એણે સારથિને બોલાવી કહ્યું:- 'હે સારથે! અરે, કોઈ તે પ્રસિદ્ધ ગાડાવાળા રૈકવને કહો કે મારે તેમનાં દર્શનની ઇચ્છા છે.' સારથિએ પૂછ્યું:- 'મહારાજ, એ રૈકવ કેવા છે?' રાજાએ હંસ પાસેથી સાંભળેલાં વચન એને કહી સંભળાવ્યાં.

સારથિએ વિચાર કર્યોઃ- 'મારા માલિક કરતાંયે વધારે દાની આ રૈકવ કોઈ મોટા શહેરમાં રહેતા હશે.' આમ વિચારી શહેરમાં, ગલીકૂંચીમાં બધે ફરી વળ્યો. પણ રૈકવની ભાળ લાગી નહિ. તેથી થાકીને પાછો આવ્યો અને રાજાને કહેવા લાગ્યોઃ-'મહારાજ, મને રૈકવનો પત્તો કંઈ લાગ્યો નહિ.' રાજાએ કહ્યુંઃ- "અરે! જ્યાં (એકાંત અરણ્યાદિમાં) બ્રહ્મવેત્તાની શોધ થાય છે ત્યાં જઈ આ રૈકવને શોધ. એવા મહાપુરુષ કંઈ શહેરના દબદબામાં પડેલા ન હોય."

સારથિ પાછો ચાલ્યો. શોધતાં શોધતાં શહેરના કોલાહલથી દૂર એક નિર્જન પ્રદેશમાં ગાડાની નીચે ખસ ખંજવાળતી એક મૂર્તિને જોઈ, એ રૈકવ હશે એમ ધારી, વિનયથી એમની પાસે બેઠો; અને હાથ જોડી પૂછ્યુંઃ- "ભગવન્! ગાડાવાળા રૈકવ તે આપ જ કે?'

"અરે હું જ તે છું," રૈકવે જવાબ આપ્યો. રૈકવની શોધ લાગવાથી ખુશ થતો સારથિ એકદમ રાજા પાસે દોડી ગયો અને બધી વાત નિવેદન કરી. રાજાએ છસો ગાયો, કંઠમાં પહેરવાનો સુવર્ણનો હાર તથા ખચ્ચરી જોડેલો રથ વગેરે લઈ રૈકવની પાસે પ્રયાણ કર્યું અને ત્યાં જઈ હાથ

જોડી કહ્યું:- "હે રૈકવ! આ છસો ગાયો, સુવર્ણનો હાર તથા ખચ્ચરી જોડેલો રથ- એ બધું મેં આપને માટે આણ્યું છે. તેનો આપ સ્વીકાર કરો અને હે ભગવન્! આપ જે દેવતાની ઉપાસના કરો છો તે દેવતાનો મને ઉપદેશ કરો." રાજાનાં વચન સાંભળી ઊંચું જોયા વગર રૈકવે જવાબ આપ્યો:- "રે શૂદ્ર! આ ગાયો, હાર, રથ- આ બધું તને જ મુબારક હો. મારે તેનું કામ નથી." રાજાને લાગ્યું કે ઋષિને ધન ઓછું પડ્યું હશે. કાદવમાં આળોટતા દેડકાને કીચડ વગર બીજો શાનો વિચાર આવે?

રાજા ખિન્ન થઈ ગયો. પણ એની જ્ઞાનપિપાસા તીવ્ર હતી. તેથી ફરીથી એક હજાર ગાયો, હાર, ખચ્ચરી જોડેલો રથ તથા પોતાની કન્યાને લઈ રૈકવની પાસે આવ્યો અને એ બધું ઋષિના ચરણ આગળ ધરી બોલ્યો:- 'ભગવન્! આ બધું મેં આપને માટે જ આણ્યું છે. આપ એનો સ્વીકાર કરો. મારી આ કન્યાને આપ આપની ધર્મપત્ની તરીકે સ્વીકારો અને આપ રહો છો તે આ ગામ પણ ગ્રહણ કરો અને પછીથી જ, હે ભગવન્! મને ઉપદેશ કરો.'

રાજાનાં વચન સાંભળી ઋષિએ રાજકન્યાના મુખ પર સ્નેહથી[૧] હાથ ફેરવી એ બધાનો ઠાઠમાઠ જોઈ રાજાને કહ્યું:- "હે શૂદ્ર! ફરીથી પણ તું આ જ લઈ આવ્યો? અને એ દ્વારા બ્રહ્મજ્ઞાન સંપાદન કરવાની આશા રાખે છે?"

રાજા સમજી ગયો. દ્રવ્યનું અભિમાન તજી ઋષિના પગમાં પડ્યો અને શિષ્યભાવે સેવા કરી ત્યાં જ રહેવા લાગ્યો. જે ઠેકાણે રૈકવ રહેતા હતા તેની આજુબાજુનો મુલક રૈકવપર્ણ નામથી વિખ્યાત થયો. થોડા વખત પછી રાજાની ભક્તિ જોઈ રૈકવે એને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો.

(છાંદોગ્યોપનિષદ્)

---

૧. મૂળમાં મુખમુપોદ્‌ગૃણહન્ એવો શબ્દપ્રયોગ છે.

ઉપ + ગ્રહ = અનુગ્રહ કરવો; અને ઉદ્‌ગ્રહ = ઊંચું કરવું, ઉઠાડવું. એટલે ઋષિએ તે કન્યાની દયામણી સ્થિતિ જોઈ તેને આશ્વાસન આપ્યું. એટલો જ એનો અર્થ થાય છે.

બ્રહ્મજ્ઞાન સંતતિ કે સંપત્તિના દાનથી ખરીદી નથી શકાતું. પણ પોતાને જ ગુરુને અર્પણ કરી મેળવવાનું હોય છે. જનક રાજા યાજ્ઞવલ્ક્ય પાસેથી બ્રહ્મજ્ઞાન સાંભળી પોતાનું આખું રાજ્ય ગુરુને અર્પણ કરે છે; એટલું જ નહિ પણ 'માં ચાપિ સહ દાસ્યાય' એમ કહી પોતાનું પણ આત્મસમર્પણ કરે છે.

૬. ગુરુપત્નીનું વાત્સલ્ય

ઉપકોસલ કામલાયન સત્યકામ જાબાલની પાસે બ્રહ્મચર્ય પાળીને શિષ્યભાવે રહેતો હતો. તેણે ગુરુના અગ્નિઓની બાર વર્ષ સુધી સેવા કરી હતી. બાર વર્ષ પછી આચાર્યે અન્ય બ્રહ્મચારીઓને વેદાધ્યયન પૂરું કરાવીને [૧]સમાવર્તન કર્યું. પણ ઉપકોસલનું સમાવર્તન કર્યું નહિ.

બિચારા બ્રહ્મચારીને હતાશ જોઈને આચાર્ય પત્નીએ પતિને કહ્યું:- "બ્રહ્મચારીએ ખૂબ તપ કર્યું છે; આપના અગ્નિઓની સારી રીતે સેવા કરી છે. તેથી આપ એનું સમાવર્તન કરો; નહિ તો 'અમારા ભક્તનું આ ગુરુ સમાવર્તન કરતો નથી' એમ કહી, આ અગ્નિઓ આપની નિંદા કરશે." પત્નીએ આવું કહ્યું, તે છતાં આચાર્યે જવાબ આપ્યો જ નહિ. ઊઠીને પોતે પરગામ ચાલ્યા ગયા.

બ્રહ્મચારીને દુઃખ થયું. તે માનસતાપથી પીડાવા લાગ્યો. તેણે અન્નનો ત્યાગ કર્યો. તે જોઈ આચાર્ય પત્ની

---

૧. બ્રહ્મચર્યાવસ્થા સમાપ્ત કરી ઘેર જવાની રજા આપી.

બોલીઃ- "બ્રહ્મચારિન્! ભોજન કર. શા માટે ભોજન નથી કરતો?" તે બોલ્યોઃ- "આ હતભાગી પુરુષમાં જુદી જુદી ઈચ્છાઓરૂપી અનેક ચિત્તદુઃખો છે. એ દુઃખો વડે હું પરિપૂર્ણ છું. તેથી ભોજન નહિ કરું."

અગ્નિએ વિચાર્યુંઃ- "બ્રહ્મચારી તપસ્વી છે. એણે આપણી સારી રીતે સેવા કરી છે. તેથી આપણે આને બ્રહ્મવિદ્યા કહીએ." આવો નિશ્ચય કરી તેમણે એને યથોચિત બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો.

આચાર્ય પ્રવાસમાંથી પાછા આવ્યા. એમણે ઉપકોસલને બૂમ મારીઃ- "ઉપકોસલ!"

"ભગવન્! શી આજ્ઞા છે?" ઉપકોસલે દોડી આવી જવાબ આપ્યો.

એના મુખ પર બ્રહ્મતેજ ચમકતું હતું. એ જોઈ આચાર્યને અત્યંત આનંદ થયો; અને તેમણે કહ્યુંઃ- "વત્સ ઉપકોસલ! તારું મુખ બ્રહ્મવેત્તાના જેવું પ્રફુલ્લિત દેખાય છે. તને કોણે ઉપદેશ કર્યો?" ઉપકોસલે બીતે બીતે

સર્વ બીના કહી સંભળાવી. એટલે આચાર્યે "અગ્નિઓએ તને શું કહ્યું?" એમ પૂછ્યું. ઉપકોસલે અગ્નિઓએ જે કહ્યું હતું તે કહી સંભળાવ્યું. એટલે આચાર્ય બોલ્યાઃ- "ઉપકોસલ! આ અગ્નિઓએ તો તને પૃથ્વી આદિ નાશવંત લોકોનો જ ઉપદેશ કર્યો છે. પણ હું તો તને, જેવી રીતે કમળપત્ર પર જળ સંબંધ પામતું (ચોંટતું) નથી તેવી રીતે જે બ્રહ્મનો સાક્ષાત્કાર થયે બ્રહ્મવેત્તામાં પાપકર્મ ટકી શકતું નથી તે અવિનાશી બ્રહ્મનો ઉપદેશ કરીશ."

ત્યાર પછી આચાર્યે ઉપકોસલને બ્રહ્મવિદ્યાનો સંપૂર્ણ રીતે ઉપદેશ કર્યો અને એને ઘેર જવાની રજા મળી.

(છાંદોગ્યોપનિષદ્)

૭. આત્મશુદ્ધિ

ઉપમન્યુનો પુત્ર પ્રાચીનશાલ[૧], પુલુષનો પુત્ર સત્યયજ્ઞ, ભલ્લવિનો પુત્ર ઇંદ્રદ્યુમ્ન, શર્કરાક્ષનો પુત્ર જન ને અશ્વતરાશ્વનો પુત્ર બુડિલ- આ પાંચ મહાશાલ[૨] અને મહાશ્રોત્રિયો[૩] એકત્ર થઈને વિચાર કરવા લાગ્યાઃ- "ખરેખર, આત્મા કોણ હશે? બ્રહ્મ શું?"

તેમણે વિચાર કર્યોઃ- "વર્તમાન સમયમાં આ અરુણના પુત્ર ભગવાન ઉદ્દાલક ઋષિ આત્મરૂપ વૈશ્વાનરને (અગ્નિને) સારી રીતે જાણે છે. જો બધાની અનુમતિ હોય તો આપણે એમની પાસે જઈએ." છેવટે બધા નિશ્ચય કરી ઉદ્દાલકની પાસે ગયા.

---

૧. જેની શાળા ઘણી પ્રાચીન છે તે; જેના હાથ નીચે ઘણાં વિદ્યાર્થીઓ તૈયાર થઈને નીકળ્યા હોય તેવો ખૂબ અનુભવી આચાર્ય.

૨. જેમને ત્યાં ઘણાં વિદ્યાર્થીઓ ભણતા હોય તેવા; મોટી શાળાવાળા-સંપ્રદાય પ્રવર્તક આચાર્ય.

૩. जन्मना ब्राह्मणो ज्ञेयः संस्कारैर्द्विज उच्यते ।
विद्यया याति विप्रत्वं त्रिभिः श्रोत्रिय उच्यते ।।

"માણસ જન્મથી બ્રાહ્મણ જાણવો. ઉપનયન વગેરે સંસ્કારોથી એ દ્વિજ કહેવાય છે; વિદ્યાર્થી વિપ્રપણાને પામે છે; અને એ ત્રણેયથી શ્રોત્રિય કહેવાય છે."

ઉદ્દાલક એમને દૂરથી જોઈને જ એમના આવવાનું પ્રયોજન જાણી ગયા અને વિચારવા લાગ્યાઃ- "આ મહાશાલ અને મહાશ્રોત્રિયો હવે મને પૂછશે; પણ તેમના પ્રશ્નોનું હું સંપૂર્ણ સમાધાન કદાચ નહિ કરી શકું. તેથી ચાલ, હું બીજા તરફ આંગળી બતાવું." એમ વિચારી ઉદ્દાલકે તેમને કહ્યુંઃ- "મહાશયો! કેક્યનો પુત્ર પ્રસિદ્ધ અશ્વપતિ વર્તમાન સમયમાં આ આત્મરૂપ વૈશ્વાનરને સારી રીતે જાણે છે. જો બધાની અનુમતિ હોય તો આપણે એની પાસે જઈએ." તેથી બધા અશ્વપતિ પાસે ગયા.

અશ્વપતિએ બધાની, યોગ્યતા પ્રમાણે જુદી જુદી, પૂજા કરી. બીજે દિવસે સવારે ઊઠીને તેમની આગળ વિપુલ ધન ધરી વિનયથી તે ગ્રહણ કરવાની પ્રાર્થના કરી પણ તેઓ ધનની ઈચ્છાથી ત્યાં નહિ ગએલા. એટલે તેમનામાંથી કોઈએ ધનનો સ્પર્શ સરખો કર્યો નહિ. રાજાએ વિચાર્યું કે લોકો મારી પાસેથી ધનનો સ્વીકાર કેમ નહિ કરતા હોય? જરૂર મને પણ બીજા રાજાઓની માફક અધર્મી અને દુરાચારી ધારીને આ લોકો મારું ધન નથી ગ્રહણ કરતા. એમ વિચારી તે કહેવા લાગ્યોઃ-

"મારા દેશમાં ચોર નથી, (કારણ કે) કંજૂસ માણસ (ધન હોવા છતાં દાન ન કરનાર) નથી; કોઈ મદ્યપાન કરનાર નથી; અગ્નિની ઉપાસના ન કરતો હોય એવો નથી, અવિદ્વાન નથી; અને વ્યભિચારી પુરુષ જ નથી તો વ્યભિચારિણી સ્ત્રી તો ક્યાંથી મળે?"

"ભગવન્! મારે યજ્ઞ કરવો છે. તેમાં એક ઋત્વિજને જેટલું ધન આપીશ તેટલું આપનામાંથી દરેકને આપીશ. આપ મારે ત્યાં રહો અને મારો યજ્ઞ જુઓ."

રાજાનાં આવાં વચન સાંભળી તેઓ બોલ્યાઃ- "હે રાજન્! માણસ જે હેતુથી જેની પાસે જાય તેણે તેનો તે હેતુ જ પાર પાડવો જોઈએ. અમે આત્મારૂપ વૈશ્વાનરનું જ્ઞાન આપની પાસેથી પ્રાપ્ત થાય એ હેતુથી આવ્યા છીએ; કારણ કે વર્તમાન સમયમાં આપ જ એ સારી રીતે જાણો છો. તેથી તે જ અમને કહો. અમારે ધનનું કામ નથી."

પણ આપ મોઢેથી 'આપો' કહ્યું બ્રહ્મજ્ઞાન મળતું નથી. એને માટે તો દેહાભિમાન તજી ગુરુના ચરણમાં માથું

મૂકવું જોઈએ. એટલે રાજાએ કહ્યું:- "હું તમને સવારમાં હા કે ના, તે કહીશ." રાજાનું વચન સાંભળી તેઓ એનો અભિપ્રાય કળી ગયા. બીજે દિવસે અભિમાનનો ત્યાગ કરી, હાથમાં સમિધ[૧] લઈ, બપોર પહેલાં વિનયથી રાજા પાસે ગયા અને સાષ્ટાંગ દંડવત્ કરવા જતા હતા પણ ખરા ગુરુને માનપાનની ઈચ્છા હોતી નથી. તેઓ માત્ર ભાવનાના જ ભૂખ્યા હોય છે. એટલે રાજાએ તેમને નમસ્કાર ન કરવા દેતાં બ્રહ્મવિદ્યાનો જ ઉપદેશ કર્યો.

(છાંદોગ્યોપનિષદ્)



---

૧. સમિધ સેવાબુદ્ધિની નિદર્શક છે. પહેલાંના ગુરુઓને હોમ માટે સમિધની જરૂર પડતી; તેથી શિષ્યો ગુરુની સેવા કરવા માટે સમિધ વગેરે લાવવા માટે પોતે તૈયાર છે, એમ બતાવવા હાથમાં સમિધ લઈને ગુરુ પાસે જતા. અત્યારે પણ ખાલી હાથે ગુરુની પાસે ન જવું, પણ શ્રીફળ કે ફળફૂલ વગેરે કંઈ ભેટ તરીકે લઈ જવું, એવો શિષ્ટાચાર છે. સમિધ લઈ જવામાં બીજો પણ હેતુ સમાએલો છે. જેવી રીતે સમિધ પવિત્ર અગ્નિમાં પોતાની જાતને બાળીને અગ્નિરૂપ-પ્રકાશમય- થઈ જાય છે, તેવી જ રીતે શિષ્ય પણ જ્ઞાનાગ્નિમાં પોતાનું ક્ષુદ્ર વ્યક્તિત્વ- દેહાભિમાન- ખાસ કરીને જ્ઞાનસ્વરૂપ બનવા માટે ગુરુને શરણ જાય છે, એવો આશય પણ સમિત્પાણિ થવામાં સમાએલો છે.

૮. પ્રાણોપાસના

"જે [૧]જ્યેષ્ઠને તથા [૨]શ્રેષ્ઠને જાણે છે તે જરૂર જ્યેષ્ઠ તથા શ્રેષ્ઠ થાય છે. વાણી વગેરે કરણોમાં (ઇંદ્રિયોમાં) પ્રાણ જ જ્યેષ્ઠ તથા શ્રેષ્ઠ છે."

એક વખત વાણી વગેરે ઇંદ્રિયો 'હું બધામાં શ્રેષ્ઠ છું' એવી રીતે પોતાના શ્રેષ્ઠપણા વિષે વિવાદ કરવા લાગ્યા. ખૂબ વિવાદ કર્યા છતાં કોઈ પણ નમતું આપે નહિ. દરેક જણ કહે કે હું જ બધામાં શ્રેષ્ઠ. એટલે બધાંએ મળીને વિચાર કર્યો કે આપણે આપણા પિતા પ્રજાપતિ પાસે જઈએ; તેઓ આપણા બધામાં શ્રેષ્ઠ કોણ છે તેનો યોગ્ય નિકાલ કરશે. એમ નક્કી કરી તેઓ બધા પ્રજાપતિ પાસે ગયાં અને હાથ જોડી કહેવા લાગ્યાંઃ- "ભગવન્! અમારા બધામાં શ્રેષ્ઠ કોણ છે?" પ્રજાપતિએ કહ્યુંઃ- "તમારામાંથી જેનું ઉત્ક્રમણ (શરીરમાંથી બહાર નીકળવું)

---

૧. ઉંમરમાં મોટો. ૨. ગુણમાં મોટો.

થવાથી શરીરનું પાવિત્ર્ય નષ્ટ થાય અને એ શબ થઈ જાય તે જ તમારામાં શ્રેષ્ઠ છે.”

પ્રજાપતિનાં વચન સાંભળી વાણીએ પ્રથમ ઉત્ક્રમણ કર્યું. વરસ સુધી બહાર ફર્યા કર્યું. પણ શરીર તો એમનું એમ જ રહ્યું. એ જોઈને પુનઃ પાછા આવીને તેણે પૂછ્યુંઃ- “મારા વગર તમે બધાં કેવી રીતે જીવી શક્યાં?” બીજી ઇંદ્રિયોએ જવાબ આપ્યોઃ- “જેવી રીતે મૂગાં પ્રાણીઓ વાણીથી બોલી શકતાં નથી, છતાં પણ પ્રાણ વડે શ્વાસોચ્છવાસ કરતાં, નેત્ર વડે જોતાં, કાન વડે સાંભળતાં ને મન વડે ચિંતન કરતાં જીવે છે, તેમ અમે પણ તારા વગર જીવ્યાં.” વાણીએ પોતાની શ્રેષ્ઠતાનું અભિમાન ત્યજી દીધું અને પુનઃ શરીરમાં પ્રવેશ કરી નિયમિત રીતે પોતાનો વ્યવહાર કરવાનું શરૂ કર્યું.

ત્યાર પછી ચક્ષુરિંદ્રિયે ઉત્ક્રમણ કર્યું. તે પણ વરસ દહાડો બહાર ફરી આવી અને શરીરને પૂર્વવત્ નિયમિત વ્યવહાર કરતું જોઈ અન્ય ઇંદ્રિયોને તેણે પૂછ્યુંઃ- “કેવું આશ્ચર્ય! મારા વિના તમે કેવી રીતે જીવવાને સમર્થ થયા?

મેં તો ધાર્યું હતું કે તમે બધાં મરી ગયાં હશો કે છેવટે મરણપથારીએ તો હશો જ!" અન્ય ઇંદ્રિયોએ જવાબ આપ્યોઃ- "જેમ આંધળાઓ આંખે નહિ જોવા છતાં, પ્રાણ વડે શ્વાસોચ્છવાસ કરતા, વાણી વડે બોલતા, કાન વડે સાંભળતાં ને મન વડે ચિંતન કરતાં જીવે છે, તેમ અમે પણ તારા વગર જીવ્યાં." આ સાંભળી ચક્ષુરિંદ્રિયે પણ પુનઃ પ્રવેશ કર્યો.

ત્યાર પછી શ્રવણેંદ્રિયનો વારો આવ્યો. એ પણ એક વરસ બહારની હવા ખાઈ આવી અને પાછા આવી અન્ય ઇંદ્રિયોને પૂર્વવત્ પોતાના વ્યવહાર કરતી જોઈ તેણે પૂછ્યુંઃ- "મારા વિના તમે કેવી રીતે જીવી શક્યાં?" અન્ય ઇંદ્રિયોએ કહ્યુંઃ- "કેમ? જેમ બહેરાઓ ન સાંભળવા છતાં, પ્રાણ વડે શ્વાસોચ્છવાસ કરતા, વાણી વડે બોલતા, નેત્ર વડે જોતા અને મન વડે ચિંતન કરતા જીવે છે, તેમ અમે પણ જીવ્યાં." શ્રોત્રનો પણ ગર્વ ઊતરી ગયો. તેણે પણ પુનઃ પ્રવેશ કર્યો.

પછીથી મને ઉત્ક્રમણ કર્યું. એને ઘણો ગર્વ હતો કે બધાં કરણોનો રાજા તો હું જ; મારા વગર, રાજા વિના રૈયતના જેવી, એમની દુઃખી સ્થિતિ થશે. એને ક્યાં ભાન હતું કે રાજા વગર રૈયત સુખચેનથી જીવી શકે છે! વરસ સુધી બહાર ફરી આવીને જ્યારે એણે જોયું કે બીજી ઇંદ્રિયો તો એના વગર પણ લીલાલહેર કરી રહી છે ત્યારે એનો નશો સાવ ઊતરી ગયો. એણે વિસ્મયથી અન્ય ઇંદ્રિયોને પૂછ્યું:- "મારા વગર તો તમારા ટાંટિયા સાવ ભાંગી જશે, એમ મને લાગેલ; છતાં તમે મારા વગર શી રીતે જીવી શક્યાં?"

ઇંદ્રિયોએ કહ્યું:- "જેમ બાળકો મન વિનાનાં હોવા છતાં, પ્રાણ વડે શ્વાસોચ્છવાસ કરતાં; વાણી વડે બોલતાં, નેત્ર વડે જોતાં ને શ્રોત્ર વડે સાંભળતાં જીવે છે, તેવી રીતે અમે પણ તારા વગર જીવ્યા." મને પણ ચૂપચાપ પાછો પ્રવેશ કર્યો.

પછીથી પ્રસિદ્ધ પ્રાણે ઉત્ક્રમણ કરવાની ઇચ્છાથી, જેવી રીતે નાસી છૂટવાને ઇચ્છતો કોઈ બળવાન ઘોડો કૂદકો

મારી, પગ બાંધવાના ખીલાઓને હચમચાવી ઉખેડી નાંખે, તેવી રીતે અન્ય ઇંદ્રિયોને સારી પેઠે હચમચાવી નાંખી. "હજી તો આણે ઉત્ક્રમણ કર્યું નથી, એટલામાં જ જો આપણી આવી સ્થિતિ થઈ ગઈ તો જો એ ખરેખર જ ઉત્ક્રમણ કરે તો આપણી શી વલે થાય?" એમ વિચારી સર્વે ઇંદ્રિયો એકત્ર થઈ પ્રસિદ્ધ પ્રાણને કહેવા લાગીઃ- "ભગવન્! સ્વસ્થાને પ્રાપ્ત થાઓ. આપ જ અમારામાં શ્રેષ્ઠ છો. ઉત્ક્રમણ ન કરો. અમારી બધી શક્તિ તમારે લીધે જ છે. તમારા વગર તો અમે નહિ જ જીવી શકીએ."

જેવી રીતે ઊંચે ગમન કરતા મધુકરરાજાની પાછળ સર્વે મધુમક્ષિકાઓ ગમન કરે છે અને તેના સ્થિત થવાથી સ્થિત થાય છે, તેવી રીતે વાણી, મન, ચક્ષુ, શ્રોત્ર વગેરે સર્વ ઇંદ્રિયો મુખ્ય પ્રાણ સ્થિત થયે સ્થિત થઈ. તેમને પોતાની અશક્તિનું ભાન થયું; અને તેઓ પ્રસન્ન અને મુખ્ય પ્રાણની સ્તુતિ કરવા લાગીઃ-

"આ પ્રાણ અગ્નિ થઈ તપે છે; સૂર્ય થઈ પ્રકાશે છે; આ જ પ્રાણ મેઘ થઈ જળની વૃષ્ટિ કરે છે,

અને ઇંદ્ર થઈ પ્રજાનું પાલન કરે છે અને અસુર તથા રાક્ષસોનો નાશ કરે છે. આ પ્રાણ જ વાયુ થઈ મેઘાદિને આકાશમાં આમથી તેમ ચલાવે છે, પૃથ્વી થઈ સર્વ સ્થાવર જંગમ પદાર્થને ધારણ કરે છે અને ચંદ્રમા થઈને ઔષધિઓનું પોષણ કરે છે. અરે! સ્થૂલ સૂક્ષ્મરૂપ સર્વ જગત અને દેવોનું જીવન જે અમૃત તે સર્વ આ પ્રાણ જ છે.

રથની નાભિમાં આરાની પેઠે સર્વ પ્રાણમાં સ્થિત છે. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના મંત્રો અને એ મંત્રોથી સાધ્ય યજ્ઞો, સર્વ પ્રજાનું પાલન કરનાર ક્ષત્રિયો અને જ્ઞાનનો પ્રચાર કરનારા બ્રાહ્મણો- સર્વ પ્રાણમાં સ્થિત છે.

વળી હે પ્રાણ! તું જ પ્રજાપતિ છે. માતાના ગર્ભમાં પુત્રાદિરૂપે તું જ વિચરે છે, બાળકના રૂપમાં તું જ જન્મે છે. હે પ્રાણ! આ મનુષ્યાદિક પ્રજા તો તારે માટે બલિદાન આપે છે. ચક્ષુરાદિરૂપ અન્ય [૧]પ્રાણોની સાથે સર્વ શરીરોમાં તું જ સ્થિત છે.”

---

૧. બીજી સર્વ ઇંદ્રિયો પ્રાણને વશ વર્તે છે તેથી તેમને પણ પ્રાણની સંજ્ઞા આપી છે.

"હે પ્રાણ! તું ઇંદ્ર છે. પોતાના તેજથી જગતનો સંહાર કરનાર રુદ્ર તું છે. જગતનું પરિપાલન કરનાર વિષ્ણુ પણ તું જ છે. તું આકાશમાં નિરંતર વિચરે છે; અને અંતરિક્ષમાં ચળકતી સર્વ જ્યોતિઓનો પતિ; સૂર્ય પણ તું જ છે."

"હે પ્રાણ! ચોમાસામાં જ્યારે તું મેઘ થઈને વરસે છે ત્યારે તારી આ પ્રજા, 'હવે જોઈએ તેટલું અન્ન ઉત્પન્ન થશે' એ વિચારથી તારા દર્શનમાત્રથી આનંદ પામે છે."

"હે પ્રાણ! તું વ્રાત્ય[૧] (સ્વભાવથી શુદ્ધ) છે. તું એક ઋષિ છે. તું જ સર્વ [૨]હવિષનો ભોક્તા છે. તું જ વિશ્વનો શ્રેષ્ઠ પતિ છે. અમે તારે માટે ભક્ષણ કરવા યોગ્ય બલિદાનના દાતા છીએ. હે પ્રાણ! વાયુનો તું પિતા છે."

"હે પ્રાણ! તારી જે વિભૂતિ વાણીમાં સ્થિત છે, જે શ્રોત્રમાં સ્થિત છે, જે ચક્ષુમાં સ્થિત છે, તથા મનમાં સમ્યક્ પ્રકારે જે વ્યાપેલી છે, તેને શાંત કર. ઉત્ક્રમણ મા કર."

---

૧. જેના ઉપનયનાદિ સંસ્કારો ન કરવામાં આવ્યા હોય તે; સંસ્કારરહિત. પ્રાણને સંસ્કારની જરૂર નથી; કારણ કે તે સ્વાભાવિક રીતે જ શુદ્ધ છે.
૨. અગ્નિમાં હોમવાની ઘી વગેરે કોઈ ચીજ, બલિદાન.

હે પ્રાણ! માતા જેવી રીતે પોતાના પુત્રોનું રક્ષણ કરે તેવી રીતે, અમે જે તારા પુત્રો છીએ, તેમનું રક્ષણ કર. અમને લક્ષ્મી અને બુદ્ધિ આપ.

આ પ્રાણોપાસનાનો ઉપદેશ સત્યકામ જાબાલે વ્યાઘ્રપદના પુત્ર ગોશ્રુતિને કર્યો અને કહ્યું:-

"અરે! જો કોઈ પ્રાણવેત્તા ઝાડના સૂકા ઠુંઠાને આ પ્રાણોપાસના કહે તો એમાં જરૂર ડાળીઓ ફૂટે અને પાંદડાં આવે; તો જીવતા માણસને કહે તો શું ન થાય!!"

(પ્રશ્ન-છાંદોગ્ય-બૃહદારણ્યક)



૯. ગોધનનો લાલચુ

વિદેહદેશના પ્રસિદ્ધ રાજા જનકે યજ્ઞ કર્યો. તેમાં ઘણી દક્ષિણા આપી. તે યજ્ઞમાં કુરુદેશના તથા પાંચાલ દેશના ઘણા બ્રાહ્મણો એકઠા થયા હતા. તેમને જોઈને જનકને, "આ બધા બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ કોણ છે?" એમ જાણવાની ઈચ્છા થઈ. તેથી તે જાણવા માટે તે પ્રસિદ્ધ જનકે એક હજાર ગાયો વાડામાં પૂરી અને દરેક ગાયને બે શિંગડે મળી દસ દસ સોનામહોર બાંધી; અને બ્રાહ્મણોને કહ્યું:- "હે પૂજ્ય બ્રાહ્મણો! તમારામાંથી જે બ્રહ્મનિષ્ઠ હોય તે આ ગાયોને પોતાને ઘેર લઈ જાય." પણ ત્યાં એકઠા થયેલા બ્રાહ્મણોમાંથી કોઈની પણ ગાયો લઈ જવાની હિંમત ચાલી નહિ એટલે યાજ્ઞવલ્ક્યે જ પોતાના શિષ્યને કહ્યું:- 'વત્સ [૧]સામશ્રવા! આ ગાયો આપણે ઘેર હાંકી જા.' ગુરુનાં એવાં વચન સાંભળી પ્રસિદ્ધ તે શિષ્ય ગાયોને ગુરુના ઘર

---

૧. સામવેદનું અધ્યયન કરનાર. ૨. હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ વગેરે યજ્ઞના ઋત્વિજોનાં નામ છે.

ભણી હાંકી જવા લાગ્યો. એ જોઈ બ્રાહ્મણોને ક્રોધ ચઢ્યો કે "અમારી આગળ આ હું બ્રહ્મનિષ્ઠ છું એમ કેમ કહે?"

પછી જનકનો હોતા અશ્વલ નામે હતો, તેણે પ્રસિદ્ધ યાજ્ઞવલ્ક્યને પ્રશ્ન કર્યોઃ- તું જ શું અમારામાં બ્રહ્મનિષ્ઠ છે? યાજ્ઞવલ્ક્યે એ ઉદ્ધતાઈથી ચીડાઈ ન જતા શાંતિથી પોતાની જ્ઞાનનિષ્ઠાને શોભે એવો જવાબ આપ્યોઃ- "ભાઈ, બ્રહ્મનિષ્ઠ હોય તેને અમારા વંદન હજો! અમે તો માત્ર ગાયોની કામનાવાળા[૧] જ છીએ."

જવાબમાં રહેલો સૌમ્ય કટાક્ષ બિચારો હોતા સમજી શક્યો નહિ. એને લાગ્યું કે ખરે જ આને બ્રહ્મવિદ્યાનું ભાન નહિ હોય. તેથી એની ફજેતી કરવાના ઈરાદાથી એણે યાજ્ઞવલ્ક્યને કેટલાક પ્રશ્નો પૂછ્યા. યાજ્ઞવલ્ક્યે એક પછી એક ઝપાટાબંધ એમના ઉત્તરો આપવા માંડ્યા. થોડી વાર સભા સ્તબ્ધ બની બંનેનો સંવાદ સાંભળવા લાગી. છેવટે અશ્વલ થાકી ગયો, અને આનો મારાથી પરાજય થઈ શકશે નહિ, એમ સમજી ઉપરામ[૨] પામ્યો.

---

૧. ઇચ્છાવાળા, લાલચુ. ૨. શાંત થયો, ચૂપ રહ્યો.

ત્યાર પછી બીજા પણ ચાર પાંચ જણાએ કેટલાક પ્રશ્નો પૂછ્યા; અને તેમના પણ યાજ્ઞવલ્ક્યે યોગ્ય ઉત્તરો આપ્યા એટલે થાકીને તેઓ પણ મૌન રહ્યા. એટલે પ્રસિદ્ધ વચક્નુની પુત્રી ગાર્ગી આગળ આવી અને બોલીઃ- "ઐશ્વર્યવાન બ્રાહ્મણો! જો તમારી અનુમતિ હોય તો હું આ યાજ્ઞવલ્ક્યને બે પ્રશ્નો પૂછું. જો મારા બે પ્રશ્નોના જવાબ એ આપશે તો તમારામાંથી કોઈ પણ એ બ્રહ્મવાદીને નહિ જ જીતી શકે." બ્રાહ્મણોએ કહ્યુંઃ- "ગાર્ગી! ભલે પૂછ."

પછીથી તે પ્રસિદ્ધ ગાર્ગી બોલીઃ- "હે યાજ્ઞવલ્ક્ય! જેમ ઉગ્રપુત્ર[૧] કાશીનો કે વિદેહનો રાજા ઉતારેલી દોરીવાળા ધનુષ્યને ફરીથી[૨] દોરી ચઢાવી અત્યંત પીડા કરનારાં બે તીર હાથમાં લઈ શત્રુની સામે ઊભો રહે, તેવી જ રીતે બે પ્રશ્નો સાથે હું તમારી સમક્ષ ઊભી છું. તમે જો બ્રહ્મવેત્તા હો તો મને તેના જવાબ આપો." યાજ્ઞવલ્ક્યે કહ્યુંઃ- "ગાર્ગી! પૂછ." એટલે ગાર્ગી બોલીઃ- હે યાજ્ઞવલ્ક્ય!

---

૧. વીર પિતાનો પુત્ર. ૨. આની પહેલાં પણ ગાર્ગીએ યાજ્ઞવલ્ક્યને એક પ્રશ્ન પૂછ્યો હતો. એનું સમાધાન થવાથી એણે 'ધનુષ્ય દોરી' ઊતારી નાંખી હતી. ફરીથી 'બાણ' છોડવા માટે એણે એ પાછી ચઢાવી.

જે સ્વર્ગથી ઉપર છે, જે પૃથ્વીની નીચે છે ને જેના મધ્યમાં આ સ્વર્ગ ને પૃથ્વી સ્થિત છે અને જે ભૂત, વર્તમાન તથા ભવિષ્યરૂપે છે- એમ શાસ્ત્રવેત્તાઓ કહે છે, તે બધું જગદ્રૂપ સૂત્ર શામાં ઓતપ્રોત (તાણા ને વાણાની માફક વ્યાપેલું) છે?"

યાજ્ઞવલ્ક્યે જવાબ આપ્યોઃ- "હે ગાર્ગી! જે સ્વર્ગથી ઉપર છે, જે પૃથ્વીની નીચે છે અને જેના મધ્યમાં આ સ્વર્ગ તથા પૃથ્વી રહેલાં છે, તથા જે ભૂત, વર્તમાન અને ભવિષ્યરૂપ છે એમ શાસ્ત્રવેત્તાઓ કહે છે, તે વ્યાકૃત જગદ્રૂપ સૂત્ર ઉત્પત્તિ, સ્થિતિ અને લય ત્રણે કાળ વિષે, જેવી રીતે પાણીમાં પૃથ્વી ધાતુ રહેલી છે તેવી રીતે, અવ્યાકૃત (અંતર્યામીરૂપ) આકાશમાં ઓતપ્રોત છે."

આ ઉત્તર સાંભળી ગાર્ગી બોલીઃ- "હે યાજ્ઞવલ્ક્ય! તમે મારા આવા ભારે પ્રશ્નનો પણ સ્પષ્ટ જવાબ આપ્યો છે. તેથી તમને નમસ્કાર હો! હવે બીજા પ્રશ્ન માટે કેડ બાંધો."

યાજ્ઞવલ્ક્યે કહ્યુંઃ- "હે ગાર્ગી! પૂછ."

તે બોલીઃ- 'જે સ્વર્ગથી ઉપર છે, જે પૃથ્વીની નીચે છે અને જેના મધ્યમાં આ સ્વર્ગ તથા પૃથ્વી રહેલાં છે, તથા જે ભૂત, વર્તમાન અને ભવિષ્યરૂપ છે

એમ શાસ્ત્રવેત્તાઓ કહે છે, તે [1]વ્યાકૃત જગદ્રૂપ સૂત્ર ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણે કાળ વિષે અંતર્યામીરૂપ અવકાશમાં જ ઓતપ્રોત છે, એમ આપ કહો છો, તો તે અંતર્યામીરૂપ પ્રસિદ્ધ અવ્યાકૃત આકાશ શામાં ઓતપ્રોત છે?'

યાજ્ઞવલ્ક્યે કહ્યું:- "ગાર્ગી! આ જ તે પ્રસિદ્ધ અક્ષર (અવિનાશી બ્રહ્મ) છે. એને જ બ્રહ્મવેત્તાઓ એ અંતર્યામીરૂપ અવ્યાકૃત આકાશનું અધિષ્ઠાન કહે છે. એ સ્થૂલથી ભિન્ન, સૂક્ષ્મથી ભિન્ન, હ્રસ્વથી ભિન્ન, દીર્ઘથી ભિન્ન, રાતથી ભિન્ન, સ્નેહ (ચિકાશ)થી ભિન્ન, પ્રકાશથી ભિન્ન, અંધકારથી ભિન્ન, વાયુથી ભિન્ન, આકાશથી ભિન્ન, સંગરહિત, રસથી રહિત, ગંધથી રહિત, ચક્ષુથી રહિત, શ્રોત્રથી રહિત, વાણીથી રહિત, મનથી રહિત, પ્રકાશથી રહિત, પ્રાણથી રહિત, મુખથી રહિત, પ્રમાણ (માપ)થી રહિત, છિદ્રથી રહિત અને અપરિચ્છિન્ન[2] છે. તે કંઈ પણ ખાતું નથી. કોઈ તેને ખાતું નથી."

---

૧. 'વ્યાકૃત' એટલે વિકાર પામેલું; કાર્યરૂપ; સ્થૂલ (નજરે દેખાતું); અને 'અવ્યાકૃત' એટલે કારણરૂપ; સૂક્ષ્મ (નજરે ન દેખાતું).
૨. દેશ કાલ ને વસ્તુના પરિચ્છેદ રહિત; સર્વવ્યાપી.

"હે ગાર્ગી! આ પ્રસિદ્ધ અક્ષરની આજ્ઞામાં સૂર્ય તથા ચંદ્ર નિયમિત વર્તે છે. હે ગાર્ગી! આ પ્રસિદ્ધ અક્ષરની આજ્ઞાથી જ સ્વર્ગ તથા પૃથ્વી મર્યાદામાં રહે છે. હે ગાર્ગી! આ જ અક્ષરની આજ્ઞામાં રહી નિમેષો, મુહૂર્તો, રાત્રિદિવસો, પખવાડિયાં, માસ, ઋતુઓ ને સંવત્સરો (વર્ષો) પણ નિયમિત આવે છે ને જાય છે. હે ગાર્ગી! આ પ્રસિદ્ધ અક્ષરની આજ્ઞામાં રહીને જ પૂર્વ ભણીની ગંગા વગેરે નદીઓ શ્વેત (હિમાલય) પર્વતમાંથી નીકળી સમુદ્ર તરફ વહે છે. બીજી નર્મદા વગેરે પશ્ચિમ તરફની, અને તે તે દિશા તરફ વહેતી અન્ય નદીઓ પણ એ જ દિશામાં વહ્યા કરે છે. હે ગાર્ગી! આ જ પ્રસિદ્ધ અક્ષરની આજ્ઞાથી મનુષ્યો દાન કરનારાઓની પ્રશંસા કરે છે અને દેવો યજમાનથી (યજ્ઞ કરનારથી) તથા પિતૃઓ [૧]દર્વીથી પોષાય છે."

---

૧. 'દર્વા' એટલે પળી; પિતૃઓને માટે કરવામાં આવતા દર્વીહોમ (એક જાતનો હોમ)ની સૂચક છે. હોમમાં ઘી નાખવા માટે વપરાતી પળીને 'દર્વી' કહે છે.

"હે ગાર્ગી! આ અક્ષરને જાણ્યા વગર જ, કોઈ આ લોકમાં હજારો વરસ સુધી હવન કરે, દેવતાઓનું પૂજન કરે કે તપ કરે તો પણ એને નાશવંત ફળ જ પ્રાપ્ત થાય છે[૧], હે ગાર્ગી! જે આ અક્ષરને જાણ્યા વગર આ લોકમાંથી મૃત્યુ પામે છે તે કૃપણ (દીન, દયા ખાવા લાયક) છે અને હે ગાર્ગી! જે આ અક્ષરને જાણીને આ લોકમાંથી મૃત્યુ પામે છે તે બ્રાહ્મણ (મુક્ત, બ્રહ્મવેત્તા) છે.

હે ગાર્ગી! પ્રસિદ્ધ તે આ અક્ષર કોઈએ આંખે જોયું નથી; કારણ કે દ્રષ્ટા તે જ છે. કોઈએ કાને એનો અવાજ સાંભળ્યો નથી; કારણ કે એ જ શ્રોતા છે. કોઈ મનથી એને વિચારી શક્યું નથી; કારણ કે એ જ મંતા છે. કોઈ બુદ્ધિથી એને જાણી શક્યું નથી; કારણ કે એ જ જ્ઞાતા છે. એનાથી ભિન્ન દ્રષ્ટા નથી, એનાથી ભિન્ન શ્રોતા નથી, એનાથી ભિન્ન મંતા નથી, એનાથી વિજ્ઞાતા પણ નથી. હે ગાર્ગી! પૂછેલું અવ્યાકૃત આકાશ આ પ્રસિદ્ધ અક્ષર-અવિનાશી બ્રહ્મમાં પરોવાયેલું છે.

---

૧. સરખાવોઃ- **"જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહિ,**
ત્યાં લગી સાધના સર્વ જૂઠી."
- નરસિંહ મહેતા.

યાજ્ઞવલ્ક્યનું આવું વક્તૃત્વપૂર્ણ ભાષણ સાંભળી ગાર્ગી સંતુષ્ટ થઈ અને પ્રસન્ન થઈને બોલીઃ- "હે બ્રાહ્મણો! તમે આ યાજ્ઞવલ્ક્યને નમસ્કાર કરીને છૂટવા પામો તે જ ઘણું માનો. આનો પરાજય તો મનથી પણ ચિંતવી શકાય તેવો નથી. મેં તમને પૂર્વે જ કહ્યું હતું કે જો એ મારા બે પ્રશ્નોનો જવાબ આપી શકશે તો એમનો પરાજય કોઈ પણ કરી શકશે નહિ. એ મારું કહ્યું સત્ય માનો."

એવી રીતે બ્રાહ્મણોને હિતવચન કહી ગાર્ગી બોલતી બંધ થઈ એટલે યાજ્ઞવલ્ક્યે કહ્યુંઃ- "હે બ્રાહ્મણો! હજી પણ તમારામાંથી જેની ઈચ્છા હોય તે મને પૂછો, અથવા તમે બધાં મળીને પૂછો અથવા તમારામાંથી જેની ઈચ્છા હોય તો તે એકને હું પૂછું, અથવા કહો તો તમને બધાને સામટું પૂછું." પણ કોઈ બ્રાહ્મણની હિંમત ન ચાલી. એટલે આખી સભામાં યાજ્ઞવલ્ક્યનો જયજયકાર થયો.

(બૃહદારણ્યક)



૧૦. આત્માની શોધ

પ્રજાપતિએ એક વખત કહ્યું:- "આત્મા પાપથી રહિત, ઘડપણ વગેરે વિકારોથી રહિત, મૃત્યુથી રહિત, શોકથી રહિત, ભૂખથી રહિત, તરસથી રહિત, સત્યકામવાળો ને સત્યસંકલ્પવાળો છે. તે શોધવા યોગ્ય છે; તે જ જાણવા યોગ્ય છે. જે તેને જાણીને તેનો અનુભવ કરે છે તે સર્વ લોકોને તથા સર્વ ભોગોને પ્રાપ્ત કરે છે."

પ્રજાપતિનું આ વચન દેવો અને અસુરોના સાંભળવામાં આવ્યું. તેમણે પોતપોતાની સભાઓ ભરી કહ્યું:- "જો બધાની અનુમતિ હોય તો પ્રજાપતિએ કહેલા તે પ્રસિદ્ધ આત્માને આપણે જાણીએ. એ આત્માને જાણીને માણસ સર્વે લોકોને તથા સર્વ ભોગોને પ્રાપ્ત કરે છે." એટલે દેવોના પ્રતિનિધિ તરીકે ઇંદ્ર અને અસુરોના પ્રતિનિધિ તરીકે વિરોચન સર્વ ઐશ્વર્યનો ત્યાગ કરી પ્રજાપતિ પાસે જવાને તૈયાર થયા. તે બંને એકબીજા પ્રત્યે દ્વેષને લીધે પરસ્પર ભાષણ પણ ન કરતાં, સમિત્પાણિ લઈ વિનયથી પ્રજાપતિ પાસે જઈ પહોંચ્યા.

ત્યાં જઈ તે બંનેએ અન્યોન્યની ઈર્ષાનો ત્યાગ કરી બત્રીસ વર્ષ સુધી બ્રહ્મચર્યથી નિવાસ કર્યો એટલે પ્રજાપતિએ તેમને કહ્યું:- "તમે બંને શી ઈચ્છાથી અહીંયાં રહ્યા છો?" તેમણે કહ્યું:- "ભગવન્! 'આત્મા પાપ રહિત, ઘડપણ વગેરે વિકારોથી રહિત, મૃત્યુથી રહિત, શોકથી રહિત, ભૂખથી રહિત, તરસથી રહિત, સત્યકામનાવાળો ને સત્યસંકલ્પવાળો છે. તે શોધવા યોગ્ય છે. તે જ જાણવા યોગ્ય છે. જે જાણીને તેનો અનુભવ કરે છે તે સર્વ લોકોને તથા સર્વ ભોગોને પ્રાપ્ત કરે છે.' આ આપનાં વચન સર્વશ્રુત છે. તેથી તે આત્માને જાણવાની ઈચ્છાથી અમે અહીં વાસ કર્યો છે."

પ્રજાપતિએ કહ્યું:- "આંખમાં જે આ પુરુષ દેખાય છે તે જ એ આત્મા છે. એ જ અમૃત છે. એ અભય છે, એ જ બ્રહ્મ છે."

પણ એ બંનેએ પોતાની બુદ્ધિની અશુદ્ધિને લીધે એનો વિપરીત અર્થ કર્યો. નેત્રમાં માણસનું જે પ્રતિબિંબ પડે છે તેને જ તેઓ આત્મા સમજ્યા અને દૃઢીકરણ માટે

પ્રજાપતિને પૂછવા લાગ્યાઃ- "ભગવન્! પાણીમાં જે પ્રતિબિંબ જણાય છે અને દર્પણમાં જે પુરુષાકૃતિ દેખાય છે, તે બંનેમાંથી આપે કહેલો આત્મા કયો? શું એ બંને એક જ છે?"

પ્રજાપતિએ કહ્યુંઃ- "મેં જે આંખના દ્રષ્ટાની વાત કરી તે આ જ છે; અને આ જ દરેક વસ્તુની અંદર પણ છે." ત્યાર પછી એમણે ફરીથી બંનેને કહ્યુંઃ- "પાણીથી ભરેલા કુંડામાં જુઓ અને આત્માનું સ્વરૂપ ન જાણી શકો તો પછી મને કહેજો; એટલે હું સમજાવીશ."

બંને જણા પાણીના કુંડામાં પોતાનું પ્રતિબિંબ જોવા લાગ્યા. પ્રજાપતિએ પૂછ્યુંઃ- "તમે શું જુઓ છો?" તેમણે જવાબ આપ્યોઃ- "ભગવન્! માથાના વાળથી તે પગના નખ સુધી સર્વ આત્માને અમે બરાબર જોઈ રહ્યા છીએ."

પ્રજાપતિએ કહ્યુંઃ- તમે બંને સારા સારા અલંકાર ધારણ કરો, નખ તથા વાળ કપાવી નાંખો, અને ફરીથી જળના કુંડામાં જુઓ." આમ કહેવામાં પ્રજાપતિનો હેતુ નખ

ને વાળની પેઠે જ શરીર પણ આત્મા છે, એવું સમજાવવાનો હતો, પણ અંતઃકરણની મલિનતાને લીધે તેઓ એ સમજી શક્યા નહિ. તેમણે સારા સારા અલંકારો ધારણ કર્યા, સારાં વસ્ત્ર પહેર્યાં અને વાળ તથા નખ કપાવી નાંખી તેઓ કુંડામાં જોવા લાગ્યા. પ્રજાપતિએ પૂછ્યું:- "તમે શું જુઓ છો?" તેમણે કહ્યું:- "હે ભગવન્! જેવી રીતે અમે સારા સારા અલંકાર ધારણ કર્યા છે, સારાં વસ્ત્ર પરિધાન કર્યાં છે અને વાળ તથા નખ કપાવી નાંખ્યા છે, તેવી રીતે આ અમારા આત્માએ પણ સારા સારા અલંકાર ધારણ કર્યા છે, સારાં વસ્ત્ર પરિધાન કર્યા છે અને નખ તથા વાળ કપાવી નાંખ્યા છે." પ્રજાપતિએ જોયું કે 'અંતઃકરણની અશુદ્ધિ ને હીન સંસ્કારોને લીધે એમને આત્મસ્વરૂપ સમજાયું નથી. પણ મારાં વચનોનું મનન કરવાથી એ પ્રતિબંધક સંસ્કારો દૂર થઈ કદાચ એમને આત્મસ્વરૂપ સમજાશે' એમ વિચારી 'આ આત્મા છે' એમ કહી, 'આ અવિનાશી છે, આ અભય છે, આ બ્રહ્મ છે' એમ બોલ્યા.

પ્રજાપતિનાં વચન સાંભળી ઇંદ્ર અને વિરોચન પોતાને કૃતકૃત્ય માની શાંત હૃદયે ઘેર જવા લાગ્યા.

તેમને જતા જોઈ પ્રજાપતિ બોલ્યાઃ- "આત્માને જાણ્યા વગર જ, તેનો સાક્ષાત્ અનુભવ કર્યા વગર જ બિચારા જાય છે. દેવો વા અસુરોમાંથી જેઓ આ ઉપનિષદવાળા થશે, આને જ આત્મજ્ઞાન માનશે. તેમનો પરાભવ થશે."

વિરોચન તો શાંત હૃદયે જ અસુરો પાસે પહોંચી ગયો અને પ્રતિબિંબનું નિમિત્ત શરીર છે તેથી શરીર જ આત્મા છે એમ સમજી, તેમને શરીરમાં આત્મબુદ્ધિરૂપ ઉપનિષદનો ઉપદેશ કરવા લાગ્યોઃ-

"પ્રજાપતિએ શરીર જ આત્મા છે એમ કહ્યું છે; તેથી એ શરીરરૂપી આત્મા જ આ લોકમાં પૂજવા યોગ્ય છે એ શરીરરૂપી આત્મા જ પૂજતો તથા તે આત્માની સેવા કરતો માણસ આ લોક તથા પરલોક, એમ બંને લોકને પ્રાપ્ત થાય છે- બંને લોકમાં સુખી થાય છે."

આ દેહાત્મવાદ અસુરે પ્રવર્તાવેલો હોવાથી આજે પણ જે માણસ દાન નથી કરતો, સત્યકૃત્યોમાં શ્રદ્ધા નથી રાખતો તથા યજ્ઞ નથી કરતો, તેને જોઈ શિષ્ટ પુરુષો કહે છે, "અરેરે! આ આસુરી સ્વભાવવાળો છે." આ દેહાત્મવાદી ઉપનિષદ અસુરોનું જ છે. એના અનુયાયીઓ

શરીરને આત્મા માની[૧] મૃતના શરીરને અન્ન, વસ્ત્ર ને અલંકાર વગેરેથી શણગારે છે, અને એમ કરી "અમે સ્વર્ગ જીતીશું" એમ માને છે.

આ તરફ ઇંદ્રને દેવલોકમાં પહોંચતાં પહેલાં જ વિચાર થયો કે અરે! પ્રજાપતિએ તો આત્મા અભય છે એમ કહ્યું છે; પણ જો આ પ્રતિબિંબને જ આત્મા માનીએ તો એને માથે તો ઘણો ભો રહેલો છે; કારણ કે જેવી રીતે આ શરીરને સારી રીતે અલંકૃત કરવાથી આ પ્રતિબિંબરૂપ પ્રસિદ્ધ આત્મા અલંકૃત દેખાય છે, શરીર સુવસન[૨] હોય તો એ પણ સુવસન દેખાય છે અને શરીર પરિષ્કૃત (નખ વાળ કપાવી નાંખેલું) થતાં એ પણ પરિષ્કૃત થાય છે, તેવી જ રીતે આ શરીર અંધ થાય તો આ આત્મા પણ અંધ થાય, શરીર સ્રામ[૩] થાય તો એ પણ સ્રામ થાય, એ અપંગ થાય તો આ પણ અપંગ થઈ જાય અને આ શરીરનો નાશ થતાં એ પ્રતિબિંબરૂપ આત્મા પણ નાશ પામે. તેથી આમાં હું કંઈ પણ સમાધાન થાય એવું નથી જોતો.

---

૧. અસુરોના દેહાધ્યાસની પરાકાષ્ઠા! ૨. સારાં વસ્ત્ર પહેરાવેલું.
૩. જેનું નાક વગેરે ટપકે છે એવું.

આમ વિચાર કરી ઇંદ્ર સમિત્પાણિ લઈ ફરીથી પ્રજાપતિ પાસે આવ્યો. એને જોઈ પ્રજાપતિએ કહ્યું:- "ઇંદ્ર! તું તો વિરોચનની સાથે શાંત હૃદયે પાછો ગયો હતો ને? હવે શી ઇચ્છાથી પાછો આવ્યો?" ઇંદ્રે કહ્યું:- "ભગવન્! જેવી રીતે આ પ્રસિદ્ધ શરીર સારી રીતે અલંકૃત હોય તો આ પ્રતિબિંબરૂપ આત્મા પણ સારી રીતે અલંકૃત થાય છે, સારાં વસ્ત્રવાળું હોય તો સારાં વસ્ત્રવાળો થાય છે અને પરિષ્કૃત હોય તો પરિષ્કૃત થાય છે, તેવી જ રીતે આ શરીર અંધ થાય તો આ પ્રતિબિંબરૂપ આત્મા પણ અંધ થાય, એ સ્રામ થાય તો આ પણ સ્રામ થાય, ને એ અપંગ થાય તો આ પણ અપંગ થાય અને પ્રસિદ્ધ શરીરનો નાશ થાય તો આ આત્માનો પણ નાશ થાય. તેથી એમાં હું કંઈ પણ આનંદ નથી જોતો."

ઇંદ્રનાં આવાં વચન સાંભળી પ્રજાપતિએ કહ્યું:- "ઇંદ્ર! એ એમ જ છે. ખરેખર, પ્રતિબિંબ આત્મા નથી જ. હું ફરીથી ઉપદેશ કરીશ. બીજાં બત્રીસ વરસ અહીં રહે."

ઇંદ્ર બીજાં બત્રીસ વરસ સુધી બ્રહ્મચર્યથી ગુરુને ત્યાં રહ્યો ત્યારે ભગવાન્ પ્રજાપતિએ એને કહ્યું:- "જે આ સ્વપ્નમાં પૂજાતો વિચરે છે- સ્વપ્નમાં અનેક પ્રકારના ભોગ ભોગવે છે- તે આ (અત્યાર સુધી વિવેચન કરેલો) આત્મા છે. એ જ અભય છે, એ અમૃત છે, એ જ બ્રહ્મ છે."

પ્રજાપતિનાં વચન સાંભળી પોતાને કૃતકૃત્ય માની શાંત હૃદયે ઇંદ્ર ચાલવા માંડ્યો, પણ દેવોની પાસે જઈ પહોંચતાં પહેલાં જ, માર્ગમાં મનન કરતાં એને પ્રજાપતિએ કહેલ સ્વપ્નના દ્રષ્ટા આત્મામાં આ દોષ માલમ પડ્યો:- "આ શરીર અંધ થાય તો પણ એ સ્વપ્નનો દ્રષ્ટા અંધ નથી થતો, શરીર સ્રામ થાય તો પણ એ સ્રામ નથી થતો અને આ શરીરના દોષ વડે દૂષિત નથી થતો, આના સ્રામપણાથી એ સ્રામ નથી થતો. પરંતુ કોઈ એને હણતું હોય એવું થાય છે, એને કોઈ ભગાડતું ન હોય એમ લાગે છે; પુત્ર વગેરેના મરણ જેવા પ્રસંગથી એ અપ્રિય જાણનાર જેવો થાય છે (એને દુઃખ થાય છે); કોઈ પ્રસંગે એ જાણે કે રડતો ન હોય એવું પણ થાય છે. તેથી આમાં પણ હું આનંદ નથી જોતો."

આમ વિચાર કરી હાથમાં સમિધ લઈ ઇંદ્ર પાછો આવ્યો. એને જોઈ પ્રજાપતિએ કહ્યું:- "હે ઇંદ્ર! તું તો પોતાને કૃતકૃત્ય માની શાંત હૃદયે પાછો ગયો હતો ને? શી ઇચ્છાથી પાછો આવ્યો?" ઇંદ્રે કહ્યું:- "ભગવન્! જો કે આ શરીર અંધ થાય તો પણ એ સ્વપ્નનો દ્રષ્ટા અંધ નથી થતો, શરીર સ્રામ થાય તો પણ એ સ્રામ નથી થતો અને આ શરીરના દોષ વડે દૂષિત નથી થતો- શરીરના વધ વડે એનો વધ નથી થતો, આના સ્રામપણાથી એ સ્રામ નથી થતો; તો પણ કોઈ એને હણતું હોય એમ થાય છે, એને કોઈ ભગાડતું ન હોય એમ લાગે છે, પુત્ર વગેરેના મરણ જેવા પ્રસંગથી એ અપ્રિય જાણનાર જેવો થાય છે(એને દુઃખ થાય છે); કોઈ પ્રસંગે એ જાણે કે રડતો ન હોય એવું પણ થાય છે. તેથી આમાં પણ હું આનંદ નથી જોતો."

પ્રજાપતિએ કહ્યું:- "મઘવન્! એ એમ જ છે. સ્વપ્નનો દ્રષ્ટા આત્મા નથી જ. હું તને ફરીથી એનો ઉપદેશ કરીશ. બીજાં બત્રીસ વરસ અહીં રહે."

ઇંદ્ર બીજાં બત્રીસ વરસ પ્રજાપતિ પાસે રહ્યો. એટલે પ્રજાપતિએ કહ્યું:- "જેમાં આ જીવ નિંદ્રાને પામી, બધી ઇંદ્રિયોના વ્યાપાર શાંત થવાથી સંપૂર્ણ રીતે નિર્મળ અને સંપૂર્ણ થાય છે અને સ્વપ્નને નથી અનુભવતો, એ આ આત્મા છે, એ જ અમૃત છે, એ અભય છે, એ જ બ્રહ્મ છે."

ઇંદ્ર પોતાને આત્માનું સ્વરૂપ બરાબર સમજાયું છે એમ માની શાંત હૃદયે ચાલવા માંડ્યો. પણ દેવો પાસે જઈ પહોંચતા પહેલાં જ, માર્ગમાં વિચાર કરતાં એને સુષુપ્તાવસ્થામાં પડેલા જીવને આત્મા માનવામાં આ દોષ જણાયો:-

"ખરેખર, સુષુપ્તિમાં પડેલો આ આત્મા જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં જેમ પોતાને જાણે છે તેમ અત્યારે (સુષુપ્તિમાં) 'આ હું છું' એમ નથી જ જાણતો; આ ભૂતોને પણ તે નથી જાણતો; અને એમાંથી એનો વિનાશ પણ થાય છે- સુષુપ્ત્યવસ્થાનું સુખ એ નિરંતર નથી ભોગવી શકતો. તેથી એમાં પણ મને આનંદ નથી દેખાતો."

તેથી સમિત્પાણિ લઈ એ ફરીથી પ્રજાપતિ પાસે આવ્યો. એને આમ પાછો આવેલો જોઈ પ્રજાપતિએ કહ્યું:- "ઇંદ્ર! તું તો શાંત હૃદયે પાછો ગયો હતો. પાછો કેમ આવ્યો? તે બોલ્યોઃ- "ભગવન્! આ સુષુપ્તિનો આત્મા જાગ્રત સ્વપ્નમાં જેમ પોતાને જાણે છે તેમ અત્યારે (સુષુપ્તિમાં) 'આ હું છું' એમ નથી જ જાણતો; આ ભૂતોને પણ તે નથી જાણતો અને એમાંથી એનો વિનાશ પણ થાય છે. તેથી આમાં પણ હું આનંદ નથી દેખતો."

પ્રજાપતિએ કહ્યું:- "મઘવન્! એ એમ જ છે, સુષુપ્તિમાં પડેલો જીવ વાસ્તવિક આત્મા નથી જ. હું તારે માટે આ (અત્યાર સુધી ઉપદેશ કરેલા જ) આત્માનું ફરીથી વિવેચન કરીશ, અન્યનું નહિ કરું. તારા અંતઃકરણમાં હજી થોડો મેલ બાકી રહ્યો છે; તેથી જ તું એનું સ્વરૂપ સમજી શકતો નથી. માટે બીજા પાંચ વરસ અહીં રહે."

ઇંદ્ર, પ્રજાપતિના કહેવા પ્રમાણે બીજાં પાંચ વરસ ત્યાં રહ્યો. એમ બધા મળીને એકસો ને એક વરસ થયા.

લોકમાં કહે છે કે ઇંદ્ર એકસો ને એક વરસ બ્રહ્મચર્ય પાળીને પ્રજાપતિની પાસે રહ્યો તે આ.

આમ એકસો ને એક વરસ પૂરાં થયાં ત્યારે પ્રજાપતિએ કહ્યું:- "ઇંદ્ર! પ્રસિદ્ધ આ શરીર મર્ત્ય છે; મૃત્યુથી ઘેરાયેલું છે. એ શરીર આ અવિનાશી અને અશરીરી આત્માનું અધિષ્ઠાન (રહેવાનું, ભોગ ભોગવવાનું સ્થાન) છે. એ અશરીરી આત્મા જ્યારે સશરીર (શરીરમાં આત્મભાવ રાખનાર) થાય છે ત્યારે સુખ દુઃખથી વ્યાપ્ત થાય છે. જ્યાં સુધી દેહાત્મભાવ કાયમ છે ત્યાં સુધી સુખદુઃખનો નાશ નથી. જેનો દેહાત્મભાવ નષ્ટ થયો છે તેને સુખ-દુઃખ સ્પર્શ કરી શકતાં નથી."

"હવે આ શરીરમાં જે હું જોઉં છું એમ જાણે તે આત્મા છે અને નેત્ર તેને રૂપનું જ્ઞાન થવાનું સાધન છે; જે આ ગંધને હું સૂંઘું છું એમ જાણે છે તે આત્મા છે અને ગંધના જ્ઞાન માટે નાસિકા છે; જે હું વાણીનું ઉચ્ચારણ કરું છું એમ જાણે છે તે આત્મા છે, તેના ઉચ્ચારણ માટે વાણી છે, જે હું આ સાંભળું છું એમ જાણે છે તે આત્મા છે

અને તેના શ્રવણ માટે શ્રોત્ર છે; જે હું અમુકનું મનન કરું છું એમ જાણે છે તે આત્મા છે, અને મન એનું દૈવી (બીજી ઇંદ્રિયોથી વિલક્ષણ) ચક્ષુ છે. તે આ પ્રસિદ્ધ આત્મા મનોરૂપ દૈવી ચક્ષુ વડે આ ભોગોને જોતો, આનંદ પામે છે."

પ્રજાપતિએ પ્રવચન પૂરું કર્યું. ઇંદ્ર આનંદથી નૃત્ય કરતો દેવલોકમાં જઈ પહોંચ્યો. એણે દેવોને આત્માનો ઉપદેશ કર્યો. આ પ્રસિદ્ધ આત્માને દેવો આજે પણ ઉપાસે છે અને તેથી જ તેમને સર્વ લોકો અને સર્વ ભોગો પ્રાપ્ત થયા છે. બીજો પણ જે કોઈ ગુરુ તથા શાસ્ત્રથી આ આત્માને જાણીને અનુભવે છે તેને પણ સર્વ લોકો અને સર્વ ભોગો જરૂર પ્રાપ્ત થાય છે.

(છાંદોગ્યોપનિષદ્)



૧૧. ત્યાગનું રહસ્ય

યાજ્ઞવલ્ક્યને, મૈત્રેયી અને કાત્યાયની નામે બે સ્ત્રીઓ હતી. તે બેમાં મૈત્રેયી બ્રહ્મપરાયણા હતી, જ્યારે કાત્યાયની [૧]સ્ત્રીબુદ્ધિવાળી જ હતી. યાજ્ઞવલ્ક્યે સંન્યાસ ગ્રહણ કરવાની ઈચ્છાથી મૈત્રેયીને બોલાવીને કહ્યું:- "હે મૈત્રેયી! અરે, હું આ ગૃહસ્થાશ્રમથી હવે સંન્યાસ[૨] ગ્રહણ કરવા ઈચ્છું છું. તેથી જો તારી અનુમતિ હોય તો તારી અને કાત્યાયની વચ્ચે મારું દ્રવ્ય વહેંચી આપી તમારા સંબંધનો અંત આણું, જેથી તમે મારી ગેરહાજરીમાં એકબીજા સાથે લડ્યા વગર સુખેથી રહી શકો."

મૈત્રેયીએ વિચાર કર્યો કે માણસ કોઈ પણ વસ્તુનો ત્યાગ એથી અધિક ઊંચી વસ્તુ પ્રાપ્ત થતી હોય તો જ કરે છે, માટે પતિના આ દ્રવ્ય વગેરેના ત્યાગમાં કોઈ ઊંચો હેતુ હોવો જોઈએ. આમ વિચાર કરી બોલી:-

---

૧. ઘરકામ અને છૈયાંછોકરાંમાં રચીપચેલી.

૨. સમ (સમજપૂર્વક) + ન્યાસ (છોડવું) = સમજપૂર્વક છોડવું = સંન્યાસ.

"ભગવન્! જો મને કદી ધન વડે પૂર્ણ આ સર્વ પૃથ્વી પ્રાપ્ત થાય તો તેથી હું અવિનાશી થાઉં?"

યાજ્ઞવલ્ક્યે કહ્યું:- "ના, ના. એથી તું અવિનાશી નહિ થાય. એથી બહુ તો સાધનસંપત્તિયુક્ત લક્ષ્મીપુત્રોનું જેવું જીવન હોય છે તેવું જ તારું પણ થશે. પરંતુ ધન વડે અમૃતત્વની (મોક્ષની) આશા નથી."

પતિનાં આવાં વચન સાંભળી મૈત્રેયી બોલી:- "જે વડે હું અવિનાશી ન થાઉં, તે લઈને હું શું કરું? આપ જે જાણો છો, જેથી આ દ્રવ્યાદિ બધી વસ્તુઓ આપને તુચ્છ લાગે છે, તે જ મને કહો."

યાજ્ઞવલ્ક્યે કહ્યું:- "મૈત્રેયી! પહેલાં પણ મને તું પ્રિય તો હતી જ અને તારા આ કલ્યાણકારક નિશ્ચયથી એ પ્રેમમાં તેં વધારો કર્યો છે. તેથી હું અત્યંત પ્રસન્ન થયો છું. તારી જો મોક્ષનું સાધન જાણવાની ઈચ્છા જ હોય તો હે ભવતિ! હું તારા માટે એનું વિવરણ કરીશ. મારા વિવેચનને તું એકાગ્રતાથી સાંભળ અને તેનું સતત મનન કર."

આવું કહી યાજ્ઞવલ્ક્યે બોલવાની શરૂઆત કરીઃ- "અરે! મૈત્રેયી! લોકમાં પ્રસિદ્ધ છે કે પતિ પતિના પ્રયોજન માટે પ્રિય નથી થતો, પણ આત્માના[૧] પ્રયોજન માટે પતિ પ્રિય થાય છે. અરે! સ્ત્રી સ્ત્રીને માટે પ્રિય નથી લાગતી, પણ આત્માના પ્રયોજન માટે સ્ત્રી પ્રિય લાગે છે.

---

૧. (અ) પોતાને માટે; પોતાના સ્વાર્થને માટે. 'વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો' એ કોટિનાં માણસો આ અર્થ કરે છે.
(આ) આત્માને માટે; અંદર આત્મા (જીવ) રહેલો છે તેથી મરી ગયા એટલે છૂટાછેડા. 'જીવને શ્વાસ તણી સગાઈ' એ કોટિનાં માણસો આ અર્થ કરે છે.
(ઇ) આત્માને માટે, આત્માની ઉન્નતિ માટે. આત્મોન્નતિમાં- આધ્યાત્મિક ઉન્નતિમાં મદદ કરે તેથી. આત્મોન્નતિને બદલે એથી આત્મઅવનતિ થાય તો તેમનો પ્રેમથી ત્યાગ. 'आत्मार्थे पृथिवी त्यजेत्' એ કોટિનાં મુમુક્ષુઓ માટે આ અર્થ છે.
(ઈ) આત્માને માટે એમાં આત્મતત્ત્વ રહેલું છે તેથી આત્માને જોવાનું એ દર્પણ છે તેથી; આત્માની- ઈશ્વરની એ છબી છે તેથી. મિત્રની છબીને કોઈ એ છબી છે તેટલા ખાતર નથી ચાહતું પણ મિત્રની ખાતર ચાહે છે. તેવી જ રીતે આ બધી ચીજો આત્માની છબી હોવાથી પ્રિય છે. 'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની (આત્માની)' એ કોટિનાં મુક્ત પુરુષોનો આ અર્થ છે.
પહેલાં બે પ્રમાણે વર્તવાથી પુનઃ પુનઃ જન્મમરણ છે. બીજા બે પ્રમાણે વર્તવાથી જન્મમરણથી મુક્તિ છે. પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત એ ચાર કોટિનાં મનુષ્યોની મનોવૃત્તિનું એમાં પ્રતિબિંબ છે; અને દરેકે ઉત્તરોત્તર કેમ ઉન્નતિ કરવી તેનું સૂચન છે. ઉપનિષદોની વક્તૃત્વપૂર્ણ અને હેતુગર્ભિત શબ્દયોજનાવાળી શૈલીનો આ ઉત્તમોત્તમ નમૂનો છે.

અરે! પુત્રો પુત્રોને માટે પ્રિય નથી લાગતા, પણ આત્માને લીધે પુત્રો પ્રિય લાગે છે. અરે! દ્રવ્ય પણ દ્રવ્યને માટે વ્હાલું નથી લાગતું, પણ આત્માના પ્રયોજન માટે દ્રવ્ય વ્હાલું લાગે છે. અરે! ઢોરઢાંખર ઢોરઢાંખરના પ્રયોજન માટે પ્રિય નથી લાગતાં, પણ આત્માના પ્રયોજન ખાતર ઢોરઢાંખર પ્રિય લાગે છે. અરે! બ્રાહ્મણોની ખાતર બ્રાહ્મણો પ્રિય નથી લાગતા, પણ આત્માના પ્રયોજન માટે બ્રાહ્મણો પ્રિય લાગે છે. અરે! ક્ષત્રિયો ક્ષત્રિયોની પોતાની ખાતર પ્રિય નથી લાગતા, પણ આત્મપ્રયોજન માટે ક્ષત્રિયો પ્રિય લાગે છે. અરે મૈત્રેયી! દરેક જણ જાણે છે કે લોકો લોકોને માટે પ્રિય નથી લાગતા પણ આત્માને લીધે જ લોકો પ્રિય લાગે છે. અરે! દેવો પણ તેઓ દેવો છે એટલા માટે જ પ્રિય નથી લાગતા, પણ આત્મપ્રયોજન માટે દેવો પ્રિય લાગે છે. અરે! વેદો પણ વેદો માટે પ્રિય નથી, પણ આત્માના પ્રયોજનને લીધે જ વેદો પ્રિય છે. અરે! ભૂતો ભૂતોની ખાતર જ પ્રિય નથી, પણ ભૂતો આત્માની ખાતર પ્રિય થાય છે. અરે મૈત્રેયી! ટૂંકમાં, સર્વ કંઈ તેની પોતાની ખાતર

વ્હાલું નથી લાગતું, પણ સર્વ આત્માના પ્રયોજન માટે પ્રિય લાગે છે અને તેથી આ પરમ પ્રેમનું સ્થાન આત્મા જ દર્શન કરવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, મનન કરવા યોગ્ય અને નિદિધ્યાસન (સતત ધ્યાન) કરવા યોગ્ય છે. અરે મૈત્રેયી! આ આત્માનું શ્રવણ થયે, મનન થયે અને સાક્ષાત્કાર (નિશ્ચયાત્મક અનુભવ) થયે આ સર્વ વિદિત થાય છે.

"જ્યાં દ્વૈત જેવું હોય છે, બીજો બીજાને (પોતાનાથી અન્યને) જુએ છે, બીજો બીજાને સૂંઘે છે, બીજો બીજાનો સ્વાદ લે છે, બીજો બીજાની સાથે બોલે છે, બીજો બીજાને સાંભળે છે, બીજો બીજાનું મનન કરે છે, બીજો બીજાને સ્પર્શ કરે છે અને બીજો બીજાને જાણે છે. જ્યારે બધી વસ્તુ આનો (જ્ઞાનીનો) આત્મા જ છે, તો એ શાનાથી કોને જુએ? શાનાથી કોને સૂંઘે? શાનાથી શાનો સ્વાદ લે? શાનાથી કોની સાથે બોલે? શાનાથી કોને સાંભળે? શાનાથી શાનું મનન કરે? શાનાથી કોનો સ્પર્શ કરે? શાનાથી કોને જાણે? જેનાથી આ સર્વ જાણે છે તેને શાથી

જાણે? તે આ શ્રુતિએ 'નેતિ' 'નેતિ' કહીને વર્ણવેલો આત્મા અગૃહ્ય છે, પકડી નથી શકાતો; અશીર્ણ છે, શીર્ણ નથી થતો; અસંગ છે, આસક્ત થતો નથી; બંધનરહિત છે, તેથી દુઃખી નથી થતો ને વિનાશ નથી પામતો. અરે મૈત્રેયી! એ સર્વના જાણકારને શાના વડે જાણે? મૈત્રેયી! તને આ જ ઉપદેશ છે. અરે મૈત્રેયી! આ જ મોક્ષ છે.

આમ કહી યાજ્ઞવલ્ક્ય ચાલતા થયા અને મૈત્રેયીને પણ એથી દુઃખ ન જ થયું.

(બૃહદારણ્યક)



૧૨. યમરાજનો અતિથિ

વાજશ્રવસ[૧] નામે એક પ્રસિદ્ધ ઋષિ હતા. તેમણે વિશ્વજીત[૨] નામના યજ્ઞનું ફળ મેળવવાની ઈચ્છાથી પોતાનું સર્વ ધન-ગાયો- બ્રાહ્મણોને આપી દીધું. ઋષિને નચિકેતા નામનો એક પુત્ર હતો. બ્રાહ્મણો દક્ષિણામાં મળેલી વૃદ્ધ ગાયોને લઈ જતા હતા. તે જોઈ નચિકેતાને મનમાં; એ બાળક હોવા છતાં, શ્રદ્ધા પેઠી. તેણે વિચાર કર્યોઃ-

"જેમનામાં પાણી પીવાની પણ તાકાત રહી નથી, જે ઘાસ પણ ખાઈ શકતી નથી, જે દૂધ દઈ શકે તેમ નથી, તથા જેમની ઇંદ્રિયો શિથિલ થઈ ગઈ છે (જેઓ ગર્ભ ધારણ કરવાને અસમર્થ છે), એવી ગાયોનું જે દાન કરે છે, તે ખરેખર આનંદથી રહિત જે લોક છે ત્યાં જાય છે."

આમ વિચાર કરી, પોતાના બલિદાનથી પિતાને એ અનિષ્ટમાંથી ઉગારવાના હેતુથી તેણે કહ્યુંઃ- "હે તાત!

---

૧. જેણે અન્ન (વાજ) દાનથી ઘણી કીર્તિ સંપાદન કરી હતી તે વાજશ્રવા; અને તેનો પુત્ર તે વાજશ્રવસ. ૨. આ યજ્ઞમાં પોતાનું સર્વ ધન દાન કરી દેવાનું હોય છે.

હું પણ તમારું ધન છું. મને કોને આપો છો?" પણ બાપે તેના બોલવા તરફ ધ્યાન આપ્યું નહિ. એટલે નચિકેતાએ બીજી વાર પૂછ્યું:- "પિતાજી! મને કોને આપો છો?" પિતા તો પણ ચૂપ જ રહ્યા. એટલે નચિકેતાએ ત્રીજી વાર પૂછ્યું:- "પિતાજી! મને કોને આપો છો?"

ફરીફરીથી એનો એ જ પ્રશ્ન સાંભળી પિતાએ ચિડાઈને કહ્યું:- "તને મોતને આપું છું."

પિતાનાં આવાં ક્રોધયુક્ત વચન સાંભળી નચિકેતાએ વિચાર કર્યો:- "પિતાજીના એવા ઘણા શિષ્યો છે, જેમાં મારો નંબર પહેલો છે, ઘણા એવા પણ છે, જેમાં મારો નંબર વચ્ચે આવે; પણ હું કનિષ્ઠ પંક્તિમાં આવું એવો તો નથી જ. યમને ત્યાં તો આપણે આપણને ભારરૂપ માણસોને પણ પોતે થઈને ન મોકલીએ અને હું તો ઘણો ઉપયોગી છું. મને કોઈ ઋત્વિજને આપી દીધો હોત તો એને ઘરકામમાં હું ઘણો ઉપયોગી થઈ પડત. પણ યમરાજનું એવું કયું કામ હશે, જે પિતા આજે મારા દાનથી સિદ્ધ કરશે? એને ત્યાં નોકર ચાકરોની ખોટ છે, જે મારા વગર કામ અચકાઈ રહે!"

બાળક નચિકેતાને પિતાનું હાર્દ કંઈ સમજાયું નહિ. તો પણ પિતાનું વચન પાળવા માટે એ યમને ત્યાં જવા તૈયાર થયો. પણ કયો પિતા જીવતા છોકરાને રાજીખુશીથી યમને ત્યાં મોકલવા કબૂલ થાય?

પુત્રને તૈયાર થયેલો જોઈ પિતા શોક કરવા લાગ્યા. એ જોઈ નચિકેતાએ કહ્યું:- "હે તાત! આપની પૂર્વે થઈ ગએલા આપના બાપદાદા વગેરેએ પોતાનું વચન પાળવાની ખાતર કેવાં કેવાં કષ્ટ વેઠ્યાં તે જુઓ અને હાલમાં પણ અન્ય સાધુસંતો સત્યને માટે કેટલો ભોગ આપે છે, તેનો વિચાર કરો અને મારે માટે શોક કરવાનું મૂકી દઈ મને જવાની રજા આપો. માણસો ઘાસની માફક જીર્ણ થઈને મરે છે અને વળી ઘાસની માફક જન્મે છે, તેમાં શોક શાનો?"

પુત્રનાં આવાં વચન સાંભળી પિતાએ એને યમને ત્યાં જવાની રજા આપી. યમ ઘેર નહોતા. એટલે નચિકેતાએ ત્રણ દિવસ અન્ન લીધા વગર યમને ઘેર રાહ જોઈ. ત્રીજે દિવસે યમ ઘેર આવ્યા. એટલે ઘરના વૃદ્ધોએ કહ્યું:- "સાક્ષાત્ અગ્નિ જ અતિથિ બ્રાહ્મણના રૂપમાં

ઘરમાં પ્રવેશ કરે છે. સત્પુરુષો અતિથિને જળ વગેરે આપી તે અગ્નિના દાહની શાંતિ કરે છે. માટે હે યમ! આ અતિથિના હાથપગ ધોવા માટે પાણી લઈ જાઓ. અતિથિ ત્રણ દિવસથી તમારી રાહ જોઈ અન્નજળ વગર બેસી રહ્યા છે. માટે તમે જાતે સેવા કરશો તો જ એ શાંત થશે. જે અલ્પબુદ્ધિવાળા મનુષ્યના ઘરમાં અતિથિ બ્રાહ્મણ ભોજન કર્યા વગર રહે છે, તેનું સર્વ પુણ્ય તથા પુત્ર, પશુ વગેરે સર્વ એ લઈ જાય છે.”

વૃદ્ધોનાં વચન સાંભળી યમરાજા નચિકેતા પાસે દોડી ગયા અને હાથ જોડી કહેવા લાગ્યાઃ- “બ્રહ્મન્! નમસ્કાર કરવા યોગ્ય તમે અતિથિ થઈને મારા ઘરમાં ત્રણ રાત્રિ પર્યંત ભોજન કર્યા વગર પડી રહ્યા! તમને નમસ્કાર હો અને તેથી મારા દોષની નિવૃત્તિ થઈ મારું કલ્યાણ થાઓ. ભૂખ્યા પેટે પસાર કરેલી દરેક રાત્રિ માટે એક એક એમ ત્રણ વર (વરદાન) માગો.”

નચિકેતાએ કહ્યુંઃ- ‘ત્રણ વરદાનમાંથી પ્રથમ વર હું એ માગું છું કે મારા પિતાના મારા વિષેના સંકલ્પવિકલ્પ

શાંત થાય, તેમનું મન પ્રસન્ન થાય, મારે માટેનો ક્રોધ શમી જાય અને તમે પાછા મોકલેલા મને ઓળખીને મારી સાથે તેઓ પ્રેમથી ભાષણ કરે.'

યમરાજે કહ્યું:- 'તથાસ્તુ! પહેલાંની માફક જ મેં પાછા મોકલેલા તને તારા પિતા ઓળખશે. મૃત્યુના મુખમાંથી છૂટેલા તને જોઈ એમનો ક્રોધ શાંત થશે અને એ સુખથી ઊંઘશે.'

પ્રથમ વરથી પિતાની પ્રસન્નતા સંપાદન કરી, દ્વિતીય વરદાનમાં સ્વર્ગના સાધન અગ્નિનું જ્ઞાન મેળવવા માટે નચિકેતાએ કહ્યું:-

'સ્વર્ગલોકમાં કિંચિત્ પણ ભય નથી. ત્યાં તમે (મોત) નથી. માણસને ઘડપણની બીક નથી. ભૂખ તથા તરસ બંનેને ઓળંગીને, શોક તરી જઈ માણસ સ્વર્ગલોકમાં આનંદ પામે છે. હે મૃત્યો! તમે તે સ્વર્ગના સાધનભૂત અગ્નિને જાણો છો, તેથી શ્રદ્ધાવાળા મને તે કહો; કારણ કે એ અગ્નિની ઉપાસનાથી સ્વર્ગને પામેલા લોકો પણ દેવપણાને પામે છે. બીજા વરથી હું આ માગું છું.'

યમે કહ્યું:- 'હે નચિકેતસ્! સ્વર્ગના સાધનભૂત અગ્નિને જાણતો હું, તને કહું છું. મારું એ વચન તું સાંભળ. અનંત (સ્વર્ગ) લોકની પ્રાપ્તિનું સાધન અને જગતના આધારભૂત તે અગ્નિને તું જ્ઞાનીઓની બુદ્ધિરૂપ ગુહામાં સ્થિત જાણ.'

ત્યાર પછી યમરાજે તેને પૃથિવ્યાદિ લોકોનો આદિ તે અગ્નિ, તે પ્રગટાવવા માટે જે ઈંટો જોઈએ, જેટલી જોઈએ તથા તે જેવી રીતે ગોઠવવી જોઈએ- તે બધું કહ્યું. નચિકેતાએ પણ પોતે બધું બરાબર સાંભળ્યું છે એ બતાવવા માટે યમરાજે એને જેમ કહ્યું હતું તેમ બધું ફરીથી યમરાજને કહી બતાવ્યું. તેથી સંતોષ પામીને યમે ફરીથી કહ્યું:- 'હે નચિકેતસ્! તારા પર પ્રસન્ન થઈને તને હું બીજો એક વર આપું છું. આ અગ્નિ તારા નામથી ઓળખાશે. અનેક રત્નોથી ગૂંથેલી આ માળા પણ તું લે. જે માણસ આ નચિકેત અગ્નિને ઈંટોનું સ્વરૂપ, સંખ્યા અને પ્રકાર એ ત્રણે જાણીને, મનસા, વાચા ને કર્મણા એમ ત્રણે પ્રકારે ઉપાસે છે, તે શરીર પડતાં પહેલાં જ

મૃત્યુના પાશોને તોડીને શોકથી રહિત થઈ સ્વર્ગલોકમાં આનંદ પામે છે. હે નચિકેતસ્! હવે ત્રીજો વર માગ.'

નચિકેતા બોલ્યોઃ- 'ભગવન્! માણસ મરી જાય છે ત્યારે લોકોને આવી શંકા થાય છે- કેટલાક કહે છે કે શરીર નાશ પામે તો પણ શરીરથી ભિન્ન, આત્મા અવશેષ રહે છે; જ્યારે કેટલાક કહે છે કે એવો કોઈ આત્મા છે જ નહિ. આપના ઉપદેશથી આમાં સત્ય શું છે તે જાણવાની મારી ઈચ્છા છે. ત્રણ વરદાનમાંથી બાકી રહેલા ત્રીજા વર તરીકે હું આ માગું છું.'

નચિકેતાએ એ પ્રમાણે કહ્યું, ત્યારે નચિકેતા આત્મજ્ઞાન માટે અધિકારી છે કે નહિ, તેની પરીક્ષા કરવા માટે યમરાજે કહ્યુંઃ-

"હે નચિકેતસ્! પૂર્વે દેવોના મનમાં પણ આ આત્મતત્ત્વ વિષે શંકા ઉત્પન્ન થઈ હતી. આ આત્મતત્ત્વ સહેલાઈથી સમજી શકાય એવું નથી. આ ધર્મ અતિ સૂક્ષ્મ છે. માટે હે નચિકેતસ્! અન્ય વર માગ. મને ન રોક. એ વર મારો મને પાછો આપી દે."

નચિકેતાએ કહ્યું:- 'ખરેખર, જ્યારે દેવોએ પણ આ આત્મતત્ત્વમાં શંકા ઊઠાવી છે, અને હે મૃત્યો! આપ પણ કહો છો કે એ સહેલાઈથી સમજી શકાય એવું નથી, ત્યારે તો એ સમજાવવા માટે આપના જેવો વક્તા શોધ્યા છતાં પણ મળી શકે તેમ નથી. આપ અન્ય વર માગવાનું કહો છો; પણ બીજો કોઈ વર એની તોલે આવી શકે તેમ નથી.'

નચિકેતાનાં એવાં વચન સાંભળી યમરાજે એને લાલચો બતાવવા માંડી:-

'હે નચિકેતસ્! સો વર્ષની આવરદાવાળા પુત્ર, પૌત્રો માગ. ઘણાં પશુઓ, હાથી, સુવર્ણ ઘોડા માગ. ભૂમિનું વિસ્તીર્ણ રાજ્ય માગ; અને તું પોતે પણ જેટલાં વરસ જીવવાની ઈચ્છા હોય તેટલાં વરસ જીવ.'

'જો આના સમાન બીજો કોઈ વર મનમાં આવતો હોય તો તે માગ. દ્રવ્ય માગ. લાંબુ આયુષ્ય માગ. હે નચિકેતસ્! આ વિશાળ પૃથ્વી પર તું રાજા થા. હું તારી ઈચ્છા પ્રમાણે તને ભોગ ભોગવવા માટે શક્તિમાન બનાવીશ.'

જે જે ભોગો મનુષ્યલોકમાં દુર્લભ છે તે સર્વ ભોગો ઈચ્છા પ્રમાણે માગી લે. આ રથ અને વાજિંત્ર સહિત સ્ત્રીઓ છે. આવી સ્ત્રીઓ મનુષ્યોને નથી લાભતી. મારી આપેલી સ્ત્રીઓ વડે તું સેવા કરાવ. પણ હે નચિકેતસ્! મરણસંબંધી- મરણ પછી આત્મા છે કે નહિ એવો- પ્રશ્ન ન પૂછ.'

યમરાજનાં વચન સાંભળી, લાલચમાં ન ફસાતાં નચિકેતાએ કહ્યું:- 'હે મૃત્યો! જે ભોગો આપે ગણાવ્યા તે તો કાલ સુધી પણ ટકશે કે નહિ, તેની શંકા છે. એ મનુષ્યોની સર્વ ઇંદ્રિયોનું તેજ હરણ કરે છે. વળી લાંબામાં લાંબુ આયુષ્ય પણ અનંત કાળની સાથે સરખાવતાં અલ્પ જ છે. માટે આપનાં રથાશ્વાદિ વાહનો અને નૃત્યગીત આપને જ મુબારક હો. મારે તેમનું કામ નથી.'

"ફાવે તેટલું દ્રવ્ય મળે તો પણ માણસને કદી સંતોષ થાય તેમ નથી. તેમ છતાં જો દ્રવ્યની ઈચ્છા હોય જ તો દ્રવ્ય તો અમને આપનું દર્શન થયું એટલાથી જ મળે તેમ છે, એને માટે જુદા વરદાનની જરૂર નથી. લાંબા

આયુષ્યની પણ તે જ સ્થિતિ છે. જ્યાં સુધી મૃત્યુલોક પર આપની હકુમત કાયમ છે ત્યાં સુધી આપની રજા વગર કોણ અમારો વાળ પણ વાંકો કરી શકે તેમ છે? આપના દર્શનના પ્રભાવથી જ અમે જીવવું હોય ત્યાં સુધી જીવી શકીશું. તેથી મારે માગવો તો એ જ વર માગવો છે."

'વૃદ્ધાવસ્થાથી રહિત દેવોની સમીપ જઈને, મૃત્યુલોકનો કયો માનવી, જાણીબૂઝીને અનિત્ય વસ્તુની માગણી કરશે? શરીરના રંગની પ્રીતિ વડે ઉપજતા આનંદની ક્ષણભંગુરતાનો વિચાર કરનાર કયો વિવેકી માણસ લાંબા આયુષ્યમાં પણ આનંદ માનશે? તેથી હે મૃત્યો! જેને વિષે મનુષ્યો તથા દેવો પણ આવી રીતે શંકા કરે છે, તે મહાન પરલોકના વિષયમાં નિર્ણયાત્મક આત્મસંબંધી વિજ્ઞાન અમને કહો. જે આ વર ગૂઢ હોવા છતાં નચિકેતાના મનમાં પ્રવેશ પામ્યો છે, તેથી બીજો વર નચિકેતા માગશે નહિ.'

નચિકેતાની નિઃસ્પૃહતા જોઈ યમરાજ ખુશ થયા; અને એ આત્મજ્ઞાનનો અધિકારી છે એમ જાણીને બોલ્યાઃ- "શ્રેય (કલ્યાણ) એક ચીજ છે અને પ્રેય (પ્રિય)

કંઈ બીજી જ ચીજ છે. બંનેનું ફળ જુદું જુદું હોઈ, બંને પોતપોતાના પ્રયોજનમાં માણસને બાંધે છે. કોઈ શ્રેયની પાછળ દોડે છે, તો કોઈ પ્રેયની પાછળ. તેમાંથી શ્રેય ગ્રહણ કરનારનું કલ્યાણ થાય છે અને જે પ્રેયને વરે છે તે પુરુષાર્થથી ભ્રષ્ટ થાય છે. માણસે શ્રેય ગ્રહણ કરવું કે પ્રેય તે એના પોતાના હાથમાં છે. ડાહ્યો માણસ એ બંનેનું સમ્યક્ પરિક્ષણ કરી, બંનેનો વિવેક કરે છે- બંનેને છૂટાં પાડે છે, અને પ્રેયનો ત્યાગ કરી શ્રેય જ ગ્રહણ કરે છે; જ્યારે મંદમતિ મનુષ્ય યોગક્ષેમ[૧] માટે પ્રેયને પસંદ કરે છે.”

“હે નચિકેતસ્! એ પ્રિય અને સુંદર લાગતા વિષયોનો તેં ચારે તરફથી વિચાર કરીને ત્યાગ કર્યો છે. આ દ્રવ્યમય માર્ગમાં તું નથી લપટાયો. ઘણાં મનુષ્યો એમાં ડૂબી જાય છે. વિદ્યા અને અવિદ્યા એ નામથી ઓળખાતા આ બે એકબીજાથી વિરુદ્ધ છે. એમનાં ફળ ભિન્ન છે. હે નચિકેતસ્! તને હું વિદ્યાભિલાષી માનું છું,

---

૧. ન મળેલું મેળવવું તે ‘યોગ’ અને મેળવેલાનું રક્ષણ કરવું તે ‘ક્ષેમ’; ભરણપોષણ, ચરિતાર્થ.

કારણ કે ઘણા ભોગો પણ તને લોભાવી શક્યા નહિ. અવિદ્યાની અંદર સબડતા અને તેમ છતાં પોતાને ડાહ્યા અને પંડિત માનનારા મૂઢ લોકો આંધળાની પાછળ ચાલતા આંધળાઓની માફક આમથી તેમ ટીચાયા કરે છે. પ્રમાદી તથા દ્રવ્યના મોહથી જેની અક્કલ ગુમ થઈ છે એવા બાળકને (અજ્ઞાનીને) પરલોક સંબંધી જ્ઞાન નથી પ્રાપ્ત થતું. જે માણસ, 'માત્ર આ જ લોક છે, પરલોક[૧] નથી' એવું માને છે, તે ફરી ફરીથી મારા (મૃત્યુના) પંજામાં સપડાય છે."

"આ આત્માનું શ્રવણ પણ ઘણાઓને દુર્લભ છે, ઘણાઓને સાંભળવા છતાં પણ એનું જ્ઞાન નથી થતું. એનો વક્તા વિરલ હોય છે. એને જાણનારો કુશળ (નિપુણ) છે. કુશળ આચાર્ય પાસેથી ઉપદેશ પામેલો આ આત્માનો જ્ઞાતા પણ વિરલ છે. લોકો જેને વિષે અનેક પ્રકારના તર્કવિતર્ક કરે છે તેવો આ આત્મા સાધારણ માણસના વિવેચનથી

---

૧. 'આ લોક' એટલે શરીર અને 'પરલોક' એટલે આત્મા, એવો પણ અર્થ થઈ શકે. અહીં આ જ અર્થ છે. કારણ કે તરત જ આત્માનું વિવરણ છે.

સારી રીતે જાણી શકાતો નથી, બ્રહ્મની સાથે પોતાના આત્માનો અભેદ અનુભવનારા સમર્થ આચાર્ય એનો ઉપદેશ કરે તો એના જ્ઞાન માટે ચિંતા નથી, નહિ તો એ અણુથી પણ અણુ હોવાને લીધે અતર્ક્ય છે.”

‘આ જ્ઞાન તર્કથી પ્રાપ્ત થઈ શકે તેમ નથી. હે પ્રિયતમ! અલૌકિક[૧] પુરુષ વડે ઉપદેશ કરવામાં આવે તો જ એનો સારી રીતે અનુભવ થાય છે. અહા! તને તો એ જ્ઞાન પ્રાપ્ત જ છે, કારણ કે સત્યની પ્રાપ્તિ માટે તારામાં ધીરજ છે. હે નચિકેતસ્! પૂછનાર મળે તો અમને તારા જેવો મળજો! હું જાણું છું કે શેવધિ (નિધિ દ્રવ્ય વગેરે) એટલે અનિત્ય, અને અનિત્ય વસ્તુઓથી એ નિત્ય વસ્તુ પ્રાપ્ત નથી, તેથી મેં અનિત્ય દ્રવ્યો હોમી નાંખી નચિકેત અગ્નિ પ્રકટાવ્યો અને આ નિત્ય વસ્તુ પ્રાપ્ત કરી.’

‘સર્વે વેદો જે પદનું પ્રતિપાદન કરે છે, સર્વ તપો જેનું કથન કરે છે, જેની ઈચ્છાથી લોકો બ્રહ્મચર્યનું પાલન

---

૧. મૂળમાં ‘अन्यनव’ એવો શબ્દપ્રયોગ છે. ‘अन्य’ એટલે પ્રાકૃત માણસથી અન્ય; અલૌકિક પુરુષ બ્રહ્મજ્ઞાની ગુરુ ખરેખર અલૌકિક જ હોય છે.

કરે છે તે પદ ટૂંકમાં હું તને કહું છું. એ ૐ છે. આ આત્મા જન્મતો નથી, વા મરતો નથી. એ જ્ઞાનસ્વરૂપ છે. આ કોઈ અન્યથી નથી ઉત્પન્ન થયો, નથી કોઈ અન્ય એનાથી ઉત્પન્ન થયું, એ અજન્મા છે, નિત્ય છે, શાશ્વત[૧] છે, પુરાણ છે. શરીર હણાયા છતાં એનો નાશ નથી થતો. એને શરીર નથી. અનિત્ય શરીરોમાં એ નિત્યસ્વરૂપે રહેલો છે. એ મહાન અને સર્વમાં વ્યાપી રહેલા આત્માને જાણીને જ્ઞાની માણસ શોક કરતો નથી. આ આત્મા પ્રવચન વડે નથી જાણી શકાતો, અતિશય બુદ્ધિમત્તા વડે કે ઘણા શ્રવણ વડે પણ એનું જ્ઞાન નથી થતું. જેના પર આફરીન થાય છે, તેનાથી જ એ જાણી શકાય છે, તેની આગળ આ આત્મા પોતાનું સ્વરૂપ પ્રકાશે છે. જે માણસ દુષ્કૃત્યોથી નિવૃત્ત નથી થયો, જેની ઇંદ્રિયો શાંત નથી થઈ, જેનું ચિત્ત એકાગ્રતાથી રહિત છે, અથવા જેનું મન શાંત નથી, તેને માત્ર પાંડિત્યને જોરે આ આત્મા પ્રાપ્ત નથી થતો.'

---

૧. 'શાશ્વત' એટલે વૃદ્ધિ, ક્ષય વગેરે વિકારોથી રહિત; અને 'પુરાણ' એટલે પૂર્વે પણ નવો (પુરા અપિ નવઃ) નિત્ય નૂતન- એટલે સનાતન.

'શરીર રથ છે; આત્મા રથનો સ્વામી છે; બુદ્ધિ સારથિ છે અને મન લગામ છે- એમ જાણ. ઇંદ્રિયોને ઘોડા કહે છે; ઇંદ્રિયોના વિષયો એ એમને દોડવાનું મેદાન છે; અને શરીર, ઇંદ્રિયો તથા મનથી યુક્ત ભોક્તા છે. જે અવિવેકી હોય છે અને જેનું મન એકાગ્રતાથી રહિત હોય છે, તેની ઇંદ્રિયો તોફાની ઘોડાઓની માફક સારથિના તાબામાં નથી રહેતી. જેની બુદ્ધિમાં વિવેક હોય છે અને મન એકાગ્રતાથી યુક્ત હોય છે, તેની ઇંદ્રિયો સારા ઘોડાની માફક સારથિને વશ રહે છે. જેની બુદ્ધિમાં વિવેક નથી હોતો; જેનું મન વિક્ષિપ્ત હોય છે, તથા જે સદા અપવિત્ર રહે છે; તે તે પદને નથી પામતો. પણ સંસારને પામે છે; અને ત્યાંથી પુનઃ જન્મે છે. જેનો બુદ્ધિરૂપ સારથિ વિવેકી હોય છે અને મનરૂપ લગામ સ્થિર હોય છે, તે સંસારરૂપ માર્ગની પેલી પાર જઈ પહોંચે છે. તે જ વિષ્ણુનું પરમ પદ છે. ઊઠો, જાગો, શ્રેષ્ઠોની સમીપ જઈને જાણો. ખાંડાની તીક્ષ્ણ ધાર પર મુશ્કેલીથી ચાલી શકાય છે- બુદ્ધિમાનો કહે છે કે એ માર્ગ પણ એટલો જ દુર્ગમ છે.'

'પરમેશ્વરે ઇંદ્રિયોને બહિર્મુખ બનાવી છે; તેથી તેઓ બાહ્ય વસ્તુઓને જુએ છે, અંતરાત્માને નથી જોતી. કોઈક વિવેકી માણસ, અમૃતત્વની ઇચ્છાથી ચક્ષુરાદિ ઇંદ્રિયોને અંતર્મુખ કરી અંતરાત્માને જુએ છે. અજ્ઞાની લોકો બાહ્ય વિષયો પાછળ દોડે છે અને તેથી બધે વ્યાપી રહેલી મૃત્યુની જાળમાં સપડાય છે. જ્ઞાની માણસો અમૃતત્વને જાણીને, અહીં અનિત્ય વસ્તુઓમાં નિત્ય વસ્તુની પ્રાર્થના નથી કરતા.'

'જે ત્યાં (કારણમાં) છે તે જ અહીં (કાર્યમાં) છે. જે અહીં ભેદભાવ રાખે છે તે ફરી ફરીથી જન્મમરણને પામે છે. આ જ્ઞાન વિચાર વડે જ પ્રાપ્ત થઈ શકે તેમ છે. અહીં જરા પણ ભેદ નથી. જે અહીં ભેદ જેવું જુએ છે, તે ફરી ફરીથી મરણને શરણ થાય છે. જેવી રીતે શુદ્ધ પાણીમાં બીજું શુદ્ધ પાણી રેડીએ તો તે તન્મય થઈ જાય છે તેવી રીતે જ્ઞાની માણસોનો આત્મા બ્રહ્મરૂપ થાય છે.'

‘હે ગૌતમગોત્રમાં ઉત્પન્ન થયેલ નચિકેતસ્! હું પ્રસન્ન થઈને તને આ ગુહ્ય અને સનાતન બ્રહ્મ કહું છું. મરણ પામ્યા પછી આત્માનું શું થાય છે તે સાંભળઃ- કેટલાક દેહીઓ મરી ગયા પછી અન્ય શરીર ધારણ કરવા માટે માતાના ગર્ભમાં પ્રવેશ કરે છે. કેટલાક વૃક્ષાદિ સ્થાવરભાવને પામે છે. જેના જેવાં કર્મ અને જેવી ભાવના, તેવા શરીરને તે પામે છે.’

‘જેવી રીતે અગ્નિ એક જ છે, પણ લોકમાં પ્રવેશ પામી તે તે વસ્તુમાં જુદે જુદે રૂપે દેખાય છે, તેવી જ રીતે સર્વ પ્રાણીઓમાં રહેલો આત્મા એક જ છે છતાં તે તે રૂપે જુદો દેખાય છે અને આકાશની પેઠે નિર્વિકાર હોવાથી બધાની બહાર પણ રહે છે; જેવી રીતે એક જ વાયુ લોકમાં પ્રવેશ પામી તે તે રૂપ થાય છે, તેવી જ રીતે સર્વ પ્રાણીઓમાં રહેલો આત્મા એક જ હોવા છતાં તે તે રૂપે જુદો દેખાય છે અને બહાર પણ રહે છે; જેવી રીતે સૂર્ય સર્વ લોકની આંખ છે, છતાં નેત્રના બાહ્ય દોષોથી લેપ પામતો નથી, તેવી જ રીતે સર્વ પ્રાણીઓમાં રહેલો આત્મા એક હોવા છતાં લોકોનાં દુઃખોથી લેપાતો નથી, કારણ કે એ એમની બહાર છે.’

‘સર્વ ભૂતોની અંદર રહેલો આ આત્મા એક છે અને સર્વનો નિયંતા છે. એક રૂપને એ અનેક રૂપે પ્રતીત કરાવે છે. આ શરીરસ્થ આત્માને જે જ્ઞાની લોકો અનુભવે છે તેમને જ શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે, બીજાઓને નથી પ્રાપ્ત થતું. એ આત્મા નિત્યનો નિત્ય છે, ચેતનનું ચેતન છે, એક હોઈ અનેકની કામનાઓ પૂર્ણ કરે છે. આ શરીરસ્થ આત્માને જે અનુભવે છે, તેમને જ શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે, બીજાઓને નથી પ્રાપ્ત થતું. ત્યાં સૂર્ય નથી પ્રકાશતો, ચંદ્ર ને તારાઓ પણ એને નથી પ્રકાશી શકતા; વીજળી પણ નથી પ્રકાશતી, તો આ અગ્નિનું તો બિચારાનું શું જ ગજું? તેના પ્રકાશમાન થયા પછી સર્વે પ્રકાશે છે. તેના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે. અગ્નિ એના ભયથી તપે છે, સૂર્ય એની બીકથી પ્રકાશે છે, એની બીકથી ઇંદ્ર વરસાદ પાડે છે. વાયુ એના ભયથી વાય છે, અને પાંચમો મૃત્યુ એની બીકથી દોડે છે.

‘જો અહીં શરીર પડતાં પહેલાં એને જાણવાને શક્તિમાન થાય છે, તો એ મુક્ત થાય છે અને શરીર પડતાં

પહેલાં એને જાણવાને સમર્થ ન થાય, તો મનુષ્યાદિ લોકમાં પુનર્જન્મ પામે છે. જ્યારે મનુષ્યના મનમાં રહેલી સર્વ કામનાઓ નષ્ટ થાય છે ત્યારે માણસ મોતથી મુક્ત થાય છે અને અહીં બ્રહ્મને પામે છે. જ્યારે અહીં અંતઃકરણની સર્વ ગાંઠો[૧] તૂટી જાય છે, ત્યારે માણસ મૃત્યુથી મુક્ત થાય છે. સર્વ શાસ્ત્રોનો આટલો જ ઉપદેશ છે.'

યમરાજ બોલતા બંધ થયા. નચિકેતા દેહભાન વિસરી જઈ આનંદથી ડોલવા લાગ્યો.

(કઠોપનિષદ્)



૧. 'હું આ શરીર છું', 'આ મારું દ્રવ્ય છે' વગેરે જે દેહાધ્યાસ દૃઢ કરી આત્માને શરીરની સાથે જકડી નાંખનાર વિપરીત ભાવનાઓ.

૧૩. તત્ત્વમસિ

અરુણના પુત્ર ઉદ્દાલકને શ્વેતકેતુ નામનો પુત્ર હતો. પિતાએ ઘણી રાહ જોઈ કે છોકરો સત્યકામ જાબાલની માફક પોતાની મેળે જ ભણવાની ઈચ્છા બતાવશે. છેવટે પિતાથી ન રહેવાયું. તેમણે શ્વેતકેતુને બોલાવી કહ્યું:- 'વત્સ શ્વેતકેતો! યોગ્ય ગુરુની સમીપ જઈને બ્રહ્મચર્યથી નિવાસ કર. હે પ્રિયદર્શન! આપણા કુળમાં ઉત્પન્ન થએલો કોઈ પણ અધ્યયન ન કરે અને બ્રાહ્મણના આચારથી રહિત માત્ર નામધારી બ્રાહ્મણના જેવો થાય, તે યોગ્ય નથી.'

પિતાનાં વચન સાંભળી શ્વેતકેતુ ગુરુને ઘેર ગયો. આ વખતે એની ઉંમર બાર વરસની હતી. તેણે ચોવીસ વરસનો થયો ત્યાં સુધી ગુરુને ઘેર રહી ખૂબ અભ્યાસ કર્યો અને ચારે વેદોનો અભ્યાસ કરી ઘેર આવ્યો. ભણ્યો એટલે એ પોતાને મોટો માનવા લાગ્યો; મારા જેવો કોઈ પંડિત નથી એમ એને લાગવા માંડ્યું અને ઉદ્ધત થઈને ઘેર

આવ્યો. એનું અવિનયી આચરણ જોઈ પિતાએ કહ્યું:- 'હે શ્વેતકેતો! તું એવું તે શું ભણી આવ્યો કે જેથી પોતાને અન્યથી મોટો માને છે, પંડિત માને છે ને આમ અવિનયી થઈ ફરે છે? વિદ્યાનું લક્ષણ તો વિનય છે, પણ તે તો તારામાં છે જ નહિ. શું તેં આચાર્યને તે ઉપદેશ- તે જ્ઞાન વિષે પૃચ્છા કરી છે, કે જેથી જેનું શ્રવણ ન કર્યું હોય તે શ્રવણ કરેલું થાય છે, ન વિચાર્યું હોય તે વિચારેલું થાય છે અને ન જાણેલું હોય તે વિજ્ઞાત થાય છે?'

પિતાનું વચન સાંભળી શ્વેતકેતુને લાગ્યું કે અરે! આ તો હું નથી જ જાણતો, મારું અભિમાન મિથ્યા છે. એ નમ્ર થયો, પિતાના પગમાં નમી પડ્યો અને બોલ્યો:- 'ભગવન્! એ ઉપદેશ કયો? એક વસ્તુનું જ્ઞાન થયે સર્વ વસ્તુનું જ્ઞાન શી રીતે થાય છે?'

ઉદ્દાલકે કહ્યું:- 'હે સોમ્ય! જેવી રીતે માટીના એક પિંડ (ગોળો)નું જ્ઞાન થયે, મૃત્તિકાનાં સર્વ કાર્ય વિદિત થાય છે- વાણીનો વિષય જે કાર્ય (ઘડો, ભોટવો વગેરે) તે તો નામમાત્ર છે (સત્ય નથી), સત્ય તો મૃત્તિકા જ છે;

હે સોમ્ય! જેવી રીતે એક સુવર્ણ પિંડનું જ્ઞાન થયે સોનાનાં સર્વ કાર્ય વિદિત થાય છે- વાણીનો વિષય જે કાર્ય (વીંટી, કંઠી વગેરે) તે તો નામમાત્ર છે (સત્ય નથી), સત્ય તો માત્ર સુવર્ણ જ છે; હે સોમ્ય! જેવી રીતે એક નરેણીનું જ્ઞાન થયે લોખંડનાં સર્વ કાર્યો વિદિત થાય છે- વાણીનો વિષય જે કાર્ય (સોય, ચપ્પુ વગેરે) તે તો નામમાત્ર છે (સત્ય નથી), સત્ય તો માત્ર લોખંડ જ છે, તેવી રીતે (કાર્યનો કારણથી અભેદ મનમાં ઠસાવવાથી) તે જ્ઞાન થાય છે.'

પિતાનાં વચનો સાંભળી શ્વેતકેતુએ કહ્યું:- 'એ પૂજ્ય ગુરુ જરૂર આને નથી જ જાણતા, કારણ કે જો તેઓ જાણતા હોત તો મને શા માટે ન કહેત? તેથી આપ જ મને તે વસ્તુ કહો. જે એકનું જ્ઞાન થયે અન્ય સર્વ વસ્તુઓ મને જ્ઞાત થાય.'

ઉદ્દાલકે કહ્યું:- 'તથાસ્તુ. હે પ્રિયદર્શન! આ નામ, રૂપ અને ક્રિયાવાળું જગત ઉત્પન્ન થયું તેની પૂર્વે માત્ર એક, અદ્વિતીય સત્ જ હતું. ત્યાર પછી તેની અંદર, જળની અંદર તરંગોની માફક, આ નાના પ્રકારની આકૃતિઓ

ઉત્પન્ન થઈ અને દરેક જણ પોતાનું મૂળ સ્વરૂપ જે સત્ તેને ભૂલી જઈ મિથ્યા આકૃતિને જ સત્ય માનવા લાગ્યા પણ જેવી રીતે ઉપરના દૃષ્ટાંતોથી બતાવ્યું તેમ કારણ- સત્- જ સત્ય છે; કાર્ય- નાના પ્રકારની આકૃતિઓ- તો વાણીનો ખેલ છે, નામમાત્ર છે. હે શ્વેતકેતો! તું પણ એ સત્ જ છે.'

'હે સોમ્ય! જેવી રીતે મધુમક્ષિકાઓ મધ ઉત્પન્ન કરે છે- જુદી જુદી જાતનાં વૃક્ષોના રસોને ભેગો કરી એકરસ બનાવે છે- અને તેઓ જેમ ત્યાં 'હું અમુક ઝાડનો રસ છું', 'હું અમુક ઝાડનો રસ છું એમ નથી જાણતા. તેમ જ હે સોમ્ય! પ્રસિદ્ધ આ સર્વ પ્રજા સુષુપ્તિકાળમાં સત્માં ભળી જઈને, અમે સત્માં ભળી જઈએ છીએ એમ નથી જાણતી. તે પ્રાણીઓ અહીં વાઘ, વા સિંહ, વા વરુ, વા ડુક્કર, વા કીટ (કીડો), વા પતંગિયું, વા ડાંસ- જે જે હોય તે તે જ એ સત્માંથી તે પ્રાણીની વાસના પ્રમાણે ફરીથી પ્રાદુર્ભાવ પામે છે. આ જે સૂક્ષ્મતત્ત્વ છે તે આત્મા છે. આ સર્વ તે સત્ છે. તે આતમ છે. હે શ્વેતકેતો! તું તે છે.'

શ્વેતકેતુએ કહ્યું:- 'ભગવન્! મને ફરીથી સમજાવો.'

ઉદ્દાલકે તથાસ્તુ કહી આગળ બોલવાની શરૂઆત કરી:- "હે સોમ્ય! આ પૂર્વ ભણીની ગંગા વગેરે નદીઓ પૂર્વ ભણી વહે છે અને પશ્ચિમ ભણીની નર્મદા વગેરે નદીઓ પશ્ચિમ ભણી વહે છે. તેઓ સમુદ્રમાંથી નીકળી સમુદ્રને જ પામે છે, તે સમુદ્રરૂપ જ થાય છે. તેઓ જેમ ત્યાં 'આ હું ગંગા છું', 'આ હું નર્મદા છું' એમ નથી જાણતી, તેવી જ રીતે ખરેખર, આ સર્વ પ્રજા સત્થી આવીને 'અમે સત્થી આવીએ છીએ' એમ નથી જાણતી. તેઓ અહીં વાઘ, વા સિંહ, વા વરુ, વા ડુક્કર, વા કીટ, વા પતંગ, વા ડાંસ, વા મચ્છર- જે જે હોય છે તે તે સત્થી આવીને થાય છે. આ જે સૂક્ષ્મતત્ત્વ છે તે આત્મા છે. આ સર્વ તે સત્ય છે, તે આત્મા છે. હે શ્વેતકેતો! તે સત્ તું છે."

શ્વેતકેતુએ કહ્યું:- "ભગવન્! મને ફરીથી સમજાવો."

"તથાસ્તુ સોમ્ય!" એમ કહી ઉદ્દાલકે ફરીથી કહેવા માંડ્યું:- "હે સોમ્ય! આ મહાન વૃક્ષના મૂળમાં કોઈ ઘા કરે તો તે એક ઘાથી તે ઝાડ સૂકાતું નથી, પણ જીવે છે અને

તેમાંથી રસ ઝરે છે; કોઈ મધ્યમાં ઘા કરે તો પણ જીવે છે, ને તેમાંથી રસ ટપક્યા કરે છે; કોઈ એની ટોચે ઘા કરે તો પણ તે મરી ન જતાં જીવતું રહે છે અને તેમાંથી રસ વહે છે. તે આ ઝાડ જીવાત્માથી વ્યાપ્ત હોવાથી પાણી વગેરે ખૂબ પીએ છે અને આનંદથી રહે છે. કર્મવશાત્ આની એકાદ શાખાને જ્યારે જીવ ત્યજી દે છે, ત્યારે તે શાખા સૂકાય છે, બીજીને ત્યજે છે ત્યારે બીજી સૂકાય છે, ત્રીજીનો ત્યાગ કરે ત્યારે ત્રીજી સૂકાય છે અને આખા ઝાડનો ત્યાગ કરે છે ત્યારે આખું ઝાડ સૂકાઈ જાય છે. હે સોમ્ય! એમ જ નિશ્ચયપૂર્વક જાણ કે ખરેખર, જીવાત્મા વગરનું આ શરીર જ મરે છે; જીવાત્મા મરતો નથી. આ જે સૂક્ષ્મતત્ત્વ છે તે આત્મા છે. આ સર્વ તે સત્ છે, તે આત્મા છે. હે શ્વેતકેતો! તે સત્ તું છે.”

શ્વેતકેતુએ કહ્યું:- “ભગવન્! મને ફરીથી સમજાવો.”

ઉદ્દાલકે કહ્યું:- “ઠીક. એક વડનું ફળ લઈ આવ.”

શ્વેતકેતુ ફળ લઈ આવ્યો. પિતાએ એને ભાંગી નાખવાનું કહી પૂછ્યું:- “આમાં તું શું દેખે છે?”

"ભગવન્! અણુ જેવા આ બીજ દેખું છું." પુત્રે જવાબ આપ્યો.

પિતાએ એમાંનું એક બીજ ભાંગી નાંખવાનું કહી પૂછ્યું:- "એમાં શું નજરે પડે છે?"

પુત્રે જવાબ આપ્યો:- "કંઈ નહિ." એટલે ઉદ્દાલકે કહ્યું:- "હે સોમ્ય! જે આ બીજના સૂક્ષ્મભાવને તું નથી જોઈ શકતો (નથી જાણતો), તે સૂક્ષ્મતત્ત્વમાંથી જ આવું પ્રચંડ વૃક્ષ બહાર આવે છે. હે સોમ્ય! હું સત્ય કહું છું. મારા વચનમાં શ્રદ્ધા રાખ. જે આ સૂક્ષ્મતત્ત્વ છે તે આત્મા છે. આ સર્વ તે સત્ છે, આત્મા છે. હે શ્વેતકેતો! તે સત્ તું છે."

શ્વેતકેતુએ ફરીથી કહ્યું:- "ભગવન્! મને પુનઃ સમજાવો."

ઉદ્દાલકે એને એક મીઠાનો ગાંગડો આપી કહ્યું:- "આ મીઠાના ગાંગડાને પાણીમાં નાંખી એ પાણી લઈને કાલે સવારમાં મારી પાસે આવજે."

શ્વેતકેતુએ એક લોટામાં પાણી ભરી એમાં એ મીઠાનો ગાંગડો નાંખી દીધો અને બીજે દિવસે સવારમાં

એ લોટો લઈ પિતા પાસે ગયો. એને જોઈ પિતાએ કહ્યું:- "હે વત્સ! રાત્રે તેં જે મીઠું આ ઉદકમાં નાંખ્યું તે લાવ જોઉં."

શ્વેતકેતુએ પાણીમાં બધે હાથ ફેરવી જોયો પણ મીઠું હાથ લાગ્યું નહિ; કારણ કે એ ઓગળી ગયું હતું, પાણીમાં મળી ગયું હતું. એટલે પિતાએ કહ્યું:- 'હે પુત્ર! એમાંથી આ છેડેથી થોડું જળ પી તો.' પુત્રે જરાક આચમન કર્યું એટલે પિતાએ પૂછ્યું:- 'કેવું લાગે છે?'

'ખારું'. પુત્રે જવાબ આપ્યો.

પછીથી વચમાંથી લઈ આચમન કરવાનું કહ્યું અને પૂછ્યું:- "એનો સ્વાદ કેવો લાગે છે?"

પુત્રે 'એનો સ્વાદ પણ ખારો જ લાગે છે' એમ કહ્યું. એટલે બીજે છેડેથી લઈને આચમન કરવાનું કહ્યું. 'એ પણ ખારું જ છે." એવો પુત્રે જવાબ આપ્યો એટલે પિતાએ કહ્યું:- "એને બધી બાજુએથી પી જો અને પછીથી એને નાંખી દઈને મારી પાસે આવ."

પુત્રે તે પ્રમાણે કર્યું અને પાછો આવી પિતાને કહેવા લાગ્યો:- "તે મીઠું તે પાણીમાં હંમેશાં વિદ્યમાન છે."

એટલે પિતાએ કહ્યું:- "હે સોમ્ય! એવી જ રીતે અહીંયાં તે પ્રસિદ્ધ સત્‌ને તું ઇંદ્રિયો વડે નથી જોઈ શકતો તે છતાં તે સત્‌ અહીં જ વિદ્યમાન છે. જે આ સૂક્ષ્મતત્ત્વ છે તે આત્મા છે. આ સર્વ તે સત્‌ છે, તે આત્મા છે. હે શ્વેતકેતો! તું તે સત્‌ છે."

શ્વેતકેતુએ કહ્યું:- "ભગવન્‌! મને ફરીથી સમજાવો."

પિતાએ કહ્યું:- "ઠીક. હે સોમ્ય! જેવી રીતે આંખે પાટા બાંધીને ગંધાર જેવા દૂર દેશમાંથી કોઈ માણસને કોઈ અરણ્યમાં લાવી તેથી પણ નિર્જન પ્રદેશમાં લાવીને મૂકી દે અને તે જેમ પૂર્વ ભણી વા પશ્ચિમ ભણી, વા ઉત્તર ભણી, વા દક્ષિણ ભણી એમ વારાફરતી ચારે દિશા ભણી જોઈ મદદ માટે પોકાર કરે કે "અરે! ગંધાર દેશથી આંખે પાટા બાંધીને આણ્યો છે અને બંધાએલી આંખે જ અહીં છોડી મૂક્યો છે" અને તેને જેમ બંધનમાંથી મુક્ત કરી કોઈ દયાળુ પુરુષ કહે, "આ દિશામાં ગંધારદેશ છે; તું એ દિશામાં જા;" અને તે ડાહ્યો અને બુદ્ધિમાન માણસ એક ગામથી બીજે ગામ પૂછતો પૂછતો ગંધારદેશ જ જઈ પહોંચે છે; તેવી જ રીતે આ સંસારરૂપ અરણ્યની અંદર ભૂલો પડેલો જીવ

યોગ્ય આચાર્યને પામીને બંધનથી મુક્ત થઈ પોતાનો મૂળ દેશ જે સત્ તેને પામે છે. તેને ત્યાં સુધી જ સત્સ્વરૂપની પ્રાપ્તિમાં વિલંબ થાય છે. યોગ્ય આચાર્ય પ્રાપ્ત થતાં જ તે મુક્ત થશે."

"આ જે સૂક્ષ્મતત્ત્વ છે તે આત્મા છે. આ સર્વ તે સત્ છે. તે આત્મા છે. હે શ્વેતકેતો! તે સત્ તું છે."

શ્વેતકેતુને પોતાના સત્સ્વરૂપનું જ્ઞાન થયું, અને તે પોતાના નામ પ્રમાણે સત્યની (શ્વેત) ધજા (કેતુ) માફક પ્રકાશવા લાગ્યો.

ॐ शिवमस्तु सर्वजगतः । सर्वे सन्तु निरामयाः ॥
रोगाः प्रयान्तु नाशम् । सर्वेऽत्र सुखिनो भवन्तु ॥
ॐ शान्तिः ! शान्तिः !! शान्तिः !!!

ૐ સર્વ જગતનું કલ્યાણ થાઓ!
બધા રોગથી મુક્ત થાઓ!
રોગોનો સમૂળગો નાશ થાઓ!
દુનિયામાં બધા સુખી થાઓ!!
ૐ શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!!

૧૪. હિન્દુ કોને કહેવો?

વિશ્વ હિંદુ પરિષદના એ દિવસો હતા. કોકે પૂ.શ્રી રંગ અવધૂત મહારાજશ્રીને હિન્દુ કોને કહેવો? એ પૂછ્યું. પૂ.શ્રીએ તરત જ જવાબ આપ્યો કે હિંદુઓના આટલા લાંબા ઈતિહાસ પછીથી આવો પ્રશ્ન પૂછવો પડે છે એ જ આપણે નીચું જોવું પડે તેવું છે. સિંધુ ઉપરથી હિંદુ વગેરે ચર્ચા તો ભાષાપંડિતોની છે. એમાં મને રસ નથી. માથે ચોટલી હોય તે જ હિંદુ, ધોતિયું પહેરે તે જ હિંદુ વગેરે ચર્ચા અજ્ઞાનમૂલક અતઃ એવ હસવા જેવી છે. મારે મતે તો હિંદુની સાચી અને અન્વર્થક વ્યાખ્યા તો હિંદુ શબ્દમાંની વ્યુત્પત્તિમાંથી જ નીકળે છે. 'हीनेन दुयते अतः एव हिन्दुः।'- હિચકારાં, નીચને શોભે એવાં કર્મથી જેને દુઃખ થાય છે તે હિંદુ અને એવા ઉદાત્ત ચરિત હિંદુઓમાંથી જ હિંદુ સંસ્કૃતિ ઉદ્‌ભવી છે અને વિકાસ પામી છે. એમ કહી પૂ.શ્રીએ નીચેના ત્રણ શ્લોકો ઉચ્ચાર્યાઃ-

यस्त्वन्तर्दुयते सम्यग् हिंसादिहीनकर्मणा ।
स्वयं हीनं चरेन्नैव स हिन्दुर्वेदसम्मतः ॥ १ ॥
गंगा गां चैव गायत्रीं मन्यते राष्ट्रगौरवम् ।
न रुणद्धयन्यधर्मान् यः स हिन्दुः कस्य नो मतः ॥ २ ॥
यस्यासिन्ध्वब्धिपर्यन्ता मातृभूः प्राणतोऽधिका ।
सर्वलोकान्सम पश्येत् स हिन्दुः सर्व सम्मतः ॥ ३ ॥

હિંસા (ચોરી, વ્યભિચાર વગેરે હિચકારાં કર્મથી જેનું અંતઃકરણ અતિશય દુભાય છે અને જે પોતે એવા નીચ કર્મની છાયામાં પણ ઊભો રહેતો નથી તે જ વેદમાન્ય હિંદુ છે. ૧

ગંગા, ગાય અને ગાયત્રીને જે રાષ્ટ્રનું ગૌરવ માને છે અને જે બીજાના ધર્મોનો વિરોધ કરતો નથી તેને હિંદુ કોણ ન માને? તેના તરફ હિંદુ તરીકે માનની દૃષ્ટિએ કોણ ન જુએ? ૨

સિંધુ નદીથી સમુદ્ર પર્યન્તની ભૂમિને જે પોતાની માતૃભૂમિ ગણે છે અને એ માતૃભૂમિને જે પ્રાણથી પણ અધિક ગણે છે, વખત આવે એને માટે પ્રાણ પણ

ન્યોચ્છાવર કરવા જે તત્પર રહે છે અને સર્વ લોકને જે સમાનદૃષ્ટિથી જુએ છે તેને હિંદુ તરીકે બધા જ લોક માને છે. ૩

એવી જ રીતે એક વખત ક્યાંકથી હિંદુ પરિષદના સંચાલકો (ઘણું ખરું ખેડા જિલ્લાના) બાપજી પાસે કંઈક એ સંબંધમાં આદેશ માગવા આવ્યા હતા. તે વખતે આવી જ રીતે પૂ.શ્રીના મુખમાંથી સરી પડ્યું કેઃ-

હિન્દુ તેવક મેળવાવા ।।
માનવતા-ધર્મ વાઢવાવા ।।
સુખી કરોની સોડાવા ।।
પ્રાણિમાત્ર ।।

ઉપરની વ્યાખ્યાને શોભાવે એવા આવા હિંદુઓનું સંગઠન થાય તો દેશનું કેટલું કલ્યાણ થાય!

(પૂ.શ્રીના સ્વૈરાલાપને આધારે)

ॐ तत्सत्

॥ श्रीदत्तः प्रसन्नोऽस्तु ॥

परस्परदेवो भव

* પૂજ્ય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ વિરચિત સાહિત્યની સૂચિ

૧. શ્રીગુરુલીલામૃત ગ્રંથ (જ્ઞાનકાંડ, કર્મકાંડ, ઉપાસનાકાંડ)

૨. ગીર્વાણભાષા પ્રવેશ (ઉત્તરાર્ધ ભાગ-૧, પૂર્વાર્ધ ભાગ-૨)

૩. ત્યારે કરીશું શું? (લિયો ટૉલ્સ્ટૉયના "વ્હોટ શેલ વી ડુ ધેન" પુસ્તકનું ગુજરાતીમાં રૂપાંતરણ સહલેખનઃ નરહરિ પરીખ)

૪. ટૉલ્સ્ટૉય અને શિક્ષણ (અર્નેસ્ટ હાવર્ડની કૃતિ "ટૉલ્સ્ટૉય એઝ અ સ્કુલ ટીચર" પુસ્તકનું વર્ષ ૧૯૨૪માં ગુજરાતીમાં રૂપાંતર)

૫. અવધૂતી આનંદ (સંપૂર્ણ ભજનસંગ્રહ)

બેઠો અવધૂત, ઊભો અવધૂત (હવે અવધૂતી આનંદ અંતર્ગત)

૬. ઉપનિષદોની વાતો

૭. શ્રીવિષ્ણુપુરાણની વાતો (ઈ.સ. ૧૯૨૪)

૮. રંગહૃદયમ્ (સ્તોત્રો)

૯. શ્રીદત્ત પંચપદી

૧૦. ઉષઃપ્રાર્થના

૧૧. રંગતરંગ (મરાઠીમાં. ઈ.સ. ૧૯૫૧)

૧૨. પ્રશ્નોત્તર ગીતા

૧૩. અક્ષરગીતા

૧૪. શ્રીવાસુદેવ સપ્તશતી (મરાઠી ભાષામાં)

૧૫. આત્મચિંતન

૧૬. પત્રગીતા

૧૭. શ્રીરંગ પત્રમંજૂષા (ભાગ- ૧ અને ૨)

૧૮. સંગીતગીતા

૧૯. અમર આદેશ (ઈ.સ. ૧૯૫૫)

૨૦. શ્રીદત્તબાવની (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૨૧. બાલબોધિની (સદ્‌બોધશતકમ્‌ની ટીકા) (ઈ.સ. ૧૯૨૪)

૨૨. નારેશ્વર માહાત્મ્ય

૨૩. શ્રીવાસુદેવ નામસુધા (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૨૪. શ્રીસપ્તશતી ગુરુચરિત્ર (સમાનુવાદ)

૨૫. દત્તનામસ્મરણમ્ (સંસ્કૃત) (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૨૬. દત્તનામસ્મરણ (ભાવાનુવાદ- ગુજરાતીમાં)

૨૭. દત્તઉપાસના (હવે અમર આદેશ અંતર્ગત)

૨૮. દત્તનામસંકીર્તન (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૨૯. અષ્ટ ગરબી (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૩૦. ડાકોર માહાત્મ્ય

૩૧. બોધમાલિકા (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૩૨. સ્તોત્રષટકમ્ (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૩૩. દત્તરક્ષાસ્તોત્ર (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૩૪. શ્રીરંગ પ્રશ્નોત્તરમાલા (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૩૫. અવધૂતી મોજ (હિન્દી ભજનો) (હવે રંગહૃદયમ્ અંતર્ગત)

૩૬. આત્મચિંતન, શરણાગમન મનન, નિદિધ્યાસન (અવધૂતી આનંદ અંતર્ગત)

૩૭. (વર્ષ ૧૯૧૮ થી ૧૯૨૫ દરમ્યાન સમાચાર પત્રોમાં "ભાંગનો લોટો" નામની કૉલમ હેઠળ "ગંજેરી" ઉપનામે "રેંટિયાનું રહસ્ય", "સ્વરાજ કીર્તન", "અહિંસા એટલે શું?" જેવા અનેક લેખો સાંપ્રત વિષયો પર લખ્યાં હતાં.)

•

** પૂજ્ય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજની જીવન તવારીખ

પૂર્વાશ્રમનું નામ : પાંડુરંગ વિઠ્ઠલપંત વળામે
પિતા : વિઠ્ઠલપંત જયરામભટ્ટ વળામે
માતા : (કાશીબાઈ) રુકિમણી. લઘુબંધુ: નારાયણ વળામે
પ્રાગટ્ય : કુષ્માંડ નવમી, કારતક સુદ નોમ, સં. ૧૯૫૫, ગોધરા, સોમવાર, તા. ૨૧ નવે. ૧૮૯૮.
બ્રહ્મલીન : કાર્તિકી અમાવાસ્યા, સં. ૨૦૨૫, હરિદ્વાર, મંગળવાર, તા. ૧૯ નવે. ૧૯૬૮.
અંત્યેષ્ટિ સંસ્કાર : નારેશ્વર, ગુરુવાર, તા. ૨૧ નવે. ૧૯૬૮.

સંવત	(ઈ.સ.)	વિગત
૧૯૫૭	૧૯૦૧	પિતાશ્રી દ્વારા રામમંત્ર મળ્યો.
૧૯૬૦	૧૯૦૪	પિતાશ્રીનો સ્વર્ગવાસ.
૧૯૬૧	૧૯૦૫	'પોથી (શ્રીગુરુચરિત્ર) વાંચ'નો આદેશ.
૧૯૬૩	૧૯૦૭	પ.પૂ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજનાં પ્રથમ દર્શન.
૧૯૭૮	૧૯૨૨	આજન્મ અવિવાહિત રહેવાનો નિર્ણય.
૧૯૮૦	૧૯૨૪	ભરૂચ મુકામે શ્રીદત્તપુરાણ ગ્રંથની પ્રાપ્તિ.
૧૯૮૨	૧૯૨૫	નારેશ્વરમાં પ્રથમ આસન મૂક્યું. 'શ્રીદત્તપુરાણ'ના ૧૦૮ પારાયણની શરૂઆત કરી.
૧૯૮૩	૧૯૨૭	પૂ.શ્રી ગાંડામહારાજ સાથે મિલનઃ વાંકડી ગામમાં.
૧૯૮૩	૧૯૨૭	નર્મદા પરિક્રમા.
૧૯૮૮	૧૯૩૨	'શ્રીગુરુલીલામૃત' ગ્રંથની રચના (નારેશ્વર).
૧૯૯૧	૧૯૩૫	દત્તબાવનીની રચના (સઈજ-કલોલ).
૧૯૯૭	૧૯૪૦	રંગજયંતીની જાહેરમાં પ્રથમ ઉજવણી, મુ. દિવેર.
૨૦૧૪	૧૯૫૭	સાઠમી રંગજયંતી, નારેશ્વર.
૨૦૨૧	૧૯૬૪	પ્રથમ સર્જીકલ કેમ્પ, નારેશ્વર.
૨૦૨૨	૧૯૬૬	રાયફલ કેમ્પ, નારેશ્વર.
૨૦૨૩	૧૯૬૭	ભાગવત વિદ્યાપીઠ, સોલાનું ખાતમુહૂર્ત.
૨૦૨૩	૧૯૬૭	પૂ. રુકમામ્બાનો દેહવિલય, નારેશ્વર.
૨૦૨૩	૧૯૬૭	પરદેશગમન (આફ્રિકા).
૨૦૨૪	૧૯૬૭	આફ્રિકામાં ૭૦મી રંગજયંતી.
૨૦૨૫	૧૯૬૮	૭૧મી રંગજયતી, જયપુર.
૨૦૨૫	૧૯૬૮	બ્રહ્મલીન, હરિદ્વાર, તા. ૧૯ નવે. ૧૯૬૮.
૨૦૨૫	૧૯૬૮	અંત્યેષ્ટિ સંસ્કાર, નારેશ્વર, તા. ૨૧ નવે. ૧૯૬૮.

અંદર ગોતા લગાવ, પ્યારે !

(રાગઃભીમપલાસી; તાલઃત્રિતાલ)

અંદર ગોતા લગાવ, પ્યારે! ...ધ્રુવ.

બાહેર ઢૂંઢત જનમ ગંવાયા, હાથમેં કછુ ના આય;
ફિરફિર ડૂબત ફિરફિર નિકસત, મગર મૌત ફિર ખાય! .પ્યારે.૧

ઈસ ભવસાગરમેં ઈક બંગલા, તીન [૧]ખંબ દસ દ્વાર;
સૂક્ષ્મ દસમ નિત બંદ રહે વો, ખોલે બિરલા યાર! .પ્યારે.૨

બિના તૈલ વહાં હાંડી જલત હૈ, કોટિ સૂરજ ઉજિયાર;
દિન રૈનાં કભુ બૂઝત નાહીં, બૈઠા વહાં કરતાર! .પ્યારે.૩

અષ્ટ નાયિકા [૨]નિરત કરે વહાં, બાજત [૩]નૈપૂર તાર;
કાન ફેર કર સુને સુભાગી, ઘનન તાલ [૪]ઘડયાલ! .પ્યારે.૪

[૫]પચ્છમ રાહ પકડ કર સીધા, હો પવન પર સ્વાર;
ઊડે અધર અકાસા પર જો, પાવે ઝટ ગુરુદ્વાર! .પ્યારે.૫

પહોંચતહીમેં હુઆ નિરાલા; જનમમરણ [૬]નિયાર;
રંગ ન દેખે બિન પહિચાને, બાતનમેં ક્યા સાર? .પ્યારે.૬


ફિર તો છૂટા ભટક અટકના, મિલા ઉસીમેં ધાર;
બિંદુ સિંધુમેં જ્યોત જ્યોતમેં, **રંગ** એક દરસાય!! .પ્યારે.૭

- રંગ અવધૂત

---

૧. સ્થંભ. ૨. નૃત્ય, નાચ. ૩. ઝાંઝર. ૪. દશ પ્રકારના નાદમાં મોટો ઘંટનાદ. ૫. સુષુમણાનો માર્ગ. ૬. ન્યારો, પર.

પૂજયશ્રીના આશીર્વાદ



વૈરાણિ પ્રશમં યાન્તુ સૌહાર્દં વર્ધતાં મિથઃ ।
કલહા વિલયં યાન્તુ ભાવયન્તુ જના મિથઃ ॥
ૐ શાન્તિ : ! શાન્તિ : !! શાન્તિ : !!!

અર્થ

(પરસ્પરના) વેરનું અત્યંત શમન થાઓ અને પરમેશ્વરની મૈત્રી સહૃદયતા વધો (પરસ્પરના) કજીયાનો લય થાઓ અને માનવો એકબીજા પ્રત્યે ભાવ રાખો.

જગત્સુહૃદ્ - રંગ અવધૂત

અંદર ગોતા લગાવ, પ્યારે !

(રાગઃભીમપલાસી; તાલઃત્રિતાલ)

અંદર ગોતા લગાવ, પ્યારે! ...ધ્રુવ.

બાહેર ઢૂંઢત જનમ ગંવાયા, હાથમેં કછુ ના આય;
ફિરફિર ડૂબત ફિરફિર નિકસત, મગર મૌત ફિર ખાય! .પ્યારે.૧

ઈસ ભવસાગરમેં ઈક બંગલા, તીન [૧]ખંબ દસ દ્વાર;
સૂક્ષ્મ દસમ નિત બંદ રહે વો, ખોલે બિરલા યાર! .પ્યારે.૨

બિના તૈલ વહાં હાંડી જલત હૈ, કોટિ સૂરજ ઉજિયાર;
દિન રૈનાં કભુ બૂઝત નાહીં, બૈઠા વહાં કરતાર! .પ્યારે.૩

અષ્ટ નાયિકા [૨]નિરત કરે વહાં, બાજત [૩]નૈપૂર તાર;
કાન ફેર કર સુને સુભાગી, ઘનન તાલ [૪]ઘડયાલ! .પ્યારે.૪

[૫]પચ્છમ રાહ પકડ કર સીધા, હો પવન પર સ્વાર;
ઊંડે અધર અકાસા પર જો, પાવે ઝટ ગુરુદ્વાર! .પ્યારે.૫

પહોંચતહીમેં હુઆ નિરાલા; જનમમરણ [૬]નિયાર;
રંગ ન દેખે બિન પહિચાને, બાતનમેં ક્યા સાર? .પ્યારે.૬

ફિર તો છૂટા ભટક અટકના, મિલા ઉસીમેં ધાર;
બિંદુ સિંધુમેં જ્યોત જ્યોતમેં, રંગ એક દરસાય!! .પ્યારે.૭

- રંગ અવધૂત

---

૧. સ્થંભ. ૨. નૃત્ય, નાચ. ૩. ઝાંઝર. ૪. દશ પ્રકારના નાદમાં મોટો ઘંટનાદ.
૫. સુષુમણાનો માર્ગ. ૬. ન્યારો, પર.